Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૩૧૨
તા.૨૧-૧૨-૨૦૧૭, ગુરૂવાર
સંવત ૨૦૭૪ પોષ સુદ - ૦૩
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૧૮ સૂર્યાસ્ત : ૦૫:૫૯

તાપમાન: ડીસા ૧૫.૦, અમદાવાદ ૧૬.૪, ગાંધીનગર ૧૬.૦, વડોદરા ૧૬.૨, સુરત ૧૯.૪, નલિયા ૧૩.૨

ચાંદી : ૩૭,૫૦૦ સોનું : ૨૯,૪૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# રૂપાણી, રૂપાલા, વાળા કે ઈરાની : તાજ કોના શીરે ?

## સરકાર રચનાના ભાગરુપે જેટલી અને સરોજ પાંડે અમદાવાદમાં : મનસુખ માંડવિયા પણ દાવેદાર : ૨૨મીએ બેઠક : ૨૩મીએ મુખ્યમંત્રીના નામની જાહેરાત થઇ શકે



વિજય રૂપાણી પુરુષોત્તમ રૂપાલા વજુભાઈવાળા સ્મૃતિ ઈરાની

અમદાવાદ

ગુજરાતમાં મુખ્યમંત્રી કોણ બનશે તેને લઈને ભારે સસ્પેન્સની સ્થિતિ પ્રવર્તી રહી છે. ભારે સસ્પેન્સ વચ્ચે કેટલાક નામ ઉપર ચર્ચા ચાલી રહી છે જેમાં વર્તમાન મુખ્યમંત્રી વિજય રૂપાણી હજુ પણ પ્રબળ દાવેદાર તરીકે છે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ પણ પોતાની અવધિને આગળ વધારે તેવી શક્યતા છે. રૂપાણીના નામ ઉપર મોટાભાગના સભ્યોની સંમતિ દેખાઈ રહી છે અને તેમનો દેખાવ પણ સારો રહ્યો છે પરંતુ કેટલાક લોકોને વિરોધ પણ છે. મુખ્યમંત્રીપદની દોડમાં અન્ય કેટલાક નામ પણ છે તેમાં કેન્દ્રીયમંત્રી મનસુખ માંડવિયા, રાજ્યસભાના સભ્ય સ્મૃતિ ઈરાની, વજુભાઈ વાળાનો સમાવેશ થાય છે. નવી સરકારની રચનાની કવાયત શરૂ થઇ ગઇ છે. ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૧૭માં ફરી એકવાર સત્તા જાળવી રાખવામાં સફળ થયેલી ભાજપ દ્વારા હવે પરિણામો બાદ નવી સરકારની રચના અને શપથવિધિ સમારોહની તડામાર તૈયારીઓ શરૂ થઇ ગઇ છે તો બીજી બાજુ, મુખ્ય પ્રધાનના નામની પસંદગીનું કાઉન્ટડાઉન પણ શરૂ થઇ ગયું છે. નવી સરકારની રચના અને મુખ્યમંત્રીના કળશના મુદ્દે ચર્ચા કરવા ભાજપના ગુજરાતના પ્રભારી અને કેન્દ્રીય નાણાંમંત્રી અરૂણ જેટલી અને મહિલા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ સરોજ પાંડે ગુજરાત આવી ગયા છે. બીજીબાજુ, ભાજપની પાર્લામેન્ટરી બોર્ડની બેઠક વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાઇ હતી.

### વિચાર વૈભવ...

એક ટાલિયો હેર- કટિંગ સલૂનમાં જઈ ચડ્યો. એને જોઈને હજામ વિચારમાં પડી ગયો. આ ટાલિયો અહીં શું કામ આવ્યો હશે? હજામ એને કાંઈ પૂછે એ પહેલાં ટાલિયો ખુરશી પર બેસી ગયો. હજામે એના માથા પર રહેલા વાળ ગણ્યા. બધું મળીને ચાર વાળ હતા.

'આ વાળને મારે ગણવાના છે કે કાપવાના છે? હજામે ટાલિયાને પૂછ્યું.

'ગણવાના પણ નથી અને કાપવાના પણ નથી'

'તો?'

'ડાઈ કરવાની છે' ટાલિયાએ જવાબ આપ્યો.

*****

વાંદરા માટે એમ કહેવાય છે કે એ ગમે તેટલો ઘરડો થાય છે તો ય ગુલાટ મારવાનું ભૂલતો નથી. વાસનાલંપટ માણસ માટે અતિશયોક્તિ વિના કહી શકાય કે એ વાંદરા જેવો જ હોય છે. આંખે એને ઝાંખપ આવે છે, કાને એને બહેરાશ આવે છે, જીભ એની થોથવાય છે, પગ એના લડથડવા લાગે છે ત્યારે પણ એનું ચિત્ત વિજાતીય શરીરના સ્પર્શ માટે ઝાંવા નાખતું હોય છે. વૃક્ષને ક્યારેક તો પાનખર આવે જ છે, સૂર્ય માટે એક સમયે તો અસ્તાચલ આવે જ છે. પુષ્પ ક્યારેક તો કરમાય છે પણ વાસનાલંપટ માટે તો ક્યારેક વાસનાની પાનખર, વાસનાનો સૂર્યાસ્ત કે વાસનાનું કરમાવાનું આવતું જ નથી.

રે કરુણતા!

શ્રીમદ્ વિજય રત્નસુંદર
- સૂરીશ્વરજી મહારાજ

## કોંગ્રેસે મોદીએ કરેલા મનમોહન પરના નિવેદન મુદ્દે સરકારને આડે હાથ લીધી

# સંસદમાં વિપક્ષનું હલ્લાબોલ વડાપ્રધાન માફી નહીં માગે : નાયડુ

### મોદી માફી માંગે અથવા સ્વીકારે કે ગુજરાતની ચૂંટણી જીતવા ખોટા આક્ષેપ કર્યા - કોંગ્રેસ

ન્યુ દિલ્હી

સંસદના બંને ગૃહમાં બુધવારના રોજ જોરદાર હોબાળો થયો તેના લીધે રાજ્યસભાની કાર્યવાહી સ્થગિત કરી દેવાઇ. બુધવારના રોજ ચાલી રહેલા ગતિરોધની વચ્ચે નાણાંમંત્રી અરૂણ જેટલીએ કૉંગ્રેસના વરિષ્ઠ નેતાઓની મુલાકાત કરી સુલેહની પણ કોશિષ કરી હતી. તેની કંઇ ખાસ અસર જોવા મળી નહીં અને કૉંગ્રેસ તેમજ વિપક્ષી પાર્ટીના સભ્ય કાર્યવાહીમાં અડચણ ઉભી કરી સતત સૂત્રોચ્ચાર કરતાં રહ્યાં. આ બધાની વચ્ચે રાજ્યસભાના સભાપતિ વેંકૈયા નાયડુએ કહી દીધું કે પીએમ મોદીને માફી માંગવાની જરૂર જ નથી, કારણ કે તેઓ તે ગૃહમાં બોલ્યા નથી.

રાજ્યસભા અને લોકસભામાં કૉંગ્રેસ સાંસદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ માફી માંગવાની માંગ પર અડી રહ્યાં છે. પીએમ મોદીના પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહ પર ગુજરાત ચૂંટણી દરમ્યાન આપવામાં આવેલા નિવેદન વિરૂદ્ધ કૉંગ્રેસના સભ્યો પ્રદર્શન કરી રહ્યાં છે. બુધવારની સવારે સંસદની કાર્યવાહી શરૂ થવાની સાથે જ કૉંગ્રેસ નેતા 'પીએમ માફી માંગે', 'સરકારની તાનાશાહી ચાલશે નહીં'ના સૂત્રોચ્ચાર કરતાં વેલ સુધી ધસી ગયા હતા. કોંગ્રેસ સાંસદે મોદીની માફીની માગ કરતાં સૂત્રોચ્ચારો કર્યા હતા.

## કૌશિક પટેલ, સૌરભ પટેલ, જીતુ વાઘાણીને તક

# ગુજરાતમાં નવી કેબિનેટમાં અનેક નવા ચહેરાઓ રહેશે

### જુદી જુદી બેઠક પર જીતેલા ઉમેદવારોને લઇને ચર્ચાઓ જારી : ચુડાસમાને વિધાનસભા અધ્યક્ષ બનાવવા તૈયારી

અમદાવાદ

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ હવે નવી સરકારની રચના માટેની કવાયત શરૂ કરી દેવામાં આવી છે. ગુજરાતમાં મુખ્યપ્રધાનના ઉમેદવાર કોણ રહેશે તેને લઈને ભારે ચર્ચા ચાલી રહી છે ત્યારે આને લઈને અટકળો છે. હજુ સુધી કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી. કેટલાક નામ સપાટી પર આવી રહ્યા છે જેમાં હાલના કર્ણાટકના રાજ્યપાલ વજુભાઈ વાળાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કેન્દ્રિય પ્રધાન સ્મૃતિ ઈરાનીના નામ પણ સપાટી પર છે. હાલના રેવેન્યુ અને શિક્ષણ પ્રધાન ભુપેન્દ્રસિંહ ચુડાસમાને રાજ્ય વિધાન સભાના અધ્યક્ષ બનાવવામાં આવે તેવી શક્યતા છે. કારણ કે વર્તમાન સ્પીકર અને ભાજપના વરિષ્ઠ ધારાસભ્ય રમણલાલ વોરાની હાર થઈ છે. લાંબા સમય સુધી ચુડાસમા સંસદીય બાબતોનો અનુભવ પણ ધરાવે છે. નવી કબિનેટમાં નવા ચહેરાને સામેલ કરવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. વિશ્વસનીય સુત્રોએ કહ્યુ છે કે કૌશિક પટેલ, આરસી ફળદુ, સૌરભ પટેલ, જીતુ વાઘાણી, વિભાવરી દવે અને પુરસૌત્તમ સોલંકીને નવી કેબિનેટમાં સામેલ કરવામાં આવી શકે છે.

## ભાજપની બેઠક દરમિયાન મોદી ભાવનાશીલ બન્યા

# બૂથ લેવલ પર ભાજપને વધુ મજબૂત કરવા મોદીની હાકલ



નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ભાજપની બેઠક દરમિયાન ભાવનાશીલ બની ગયા હતા અને ત્રણ વખત ભાવનાશીલ બનતા પાર્ટીના તમામ સભ્યોનું ધ્યાન ખેંચાયું હતું. ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં પાર્ટીની શાનદાર જીત બાદ પ્રથમ વખત ભાજપના સાંસદસભ્યોની બેઠક આજે યોજાઈ હતી જેમાં મોદીનું ઉભા થઈને સ્વાગત કરવામાં આવ્યું હતું. ભાજપના સાંસદો સાથે વાતચીત કરતા મોદીએ કહ્યું હતું કે, આ ખુબ મોટી જીત છે. અમે હવે ૧૯ રાજ્યોમાં શાસન કરી રહ્યા છે. ઈન્દિરા ગાંધી જ્યારે સત્તામાં હતા ત્યારે ૧૮ રાજ્યોમાં કોંગ્રેસની સરકાર હતી. ૧૯૮૪માં ભાજપની બે સીટોથી લઈને પાર્ટીના અભૂતપૂર્વ ઈતિહાસની વાત મોદીએ સાંસદો સમક્ષ કરી હતી. મોદીએ આ વેળા ભાવનાશીલ બન્યા હતા. સાથે સાથે ભાજપના અગાઉના અને હાલના નેતાઓને યાદ કર્યા હતા. પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીને પણ યાદ કર્યા હતા. તેમણે યાદ અપાવતા કહ્યું હતું કે, જ્યારે ગુજરાતમાંથી લોકસભાની ચૂંટણીમાં પાર્ટીએ શાનદાર દેખાવ કર્યો ત્યારે વાજપેયીએ તેમને અભિનંદન આપ્યા હતા. તે વખતે તેઓ નવા હતા. સંગઠનમાં પણ વધારે લોકપ્રિય ન હતા. ભાજપ પ્રમુખ અમિત શાહ સાથે તેમની જોડી અંગે પણ વાત કરી હતી અને કહ્યું હતું કે, અમિત શાહ જોરદાર મહેનત કરી રહ્યા છે.

### સાર સમાચાર...

#### મંજૂરી વિના વિશાળ ક્રાંતિ રેલી યોજવા બદલ હાર્દિક સામે કેસ

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પૂરી થતાંની સાથે જ સરકારની સામે પડેલા પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વીનર અને પાસના યુવા નેતા હાર્દિક પટેલ પર ગાળિયો કસાયો છે. તા.૧૧મી ડિસેમ્બરે બોપલથી નિકોલ સુધી મંજૂરી વગર રેલી યોજી જાહેર નામાનો ભંગ કરવા બદલ પાસના નેતા હાર્દિક પટેલ અને તેના સાથીદારો સુરેશ પટેલ, રાજુ પટેલ સહિત ૫૦ વ્યકિતઓ સામે શહેરના બોપલ પોલીસ મથકમાં ગુનો દાખલ કરાયો છે. પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

## ટિકિટ વહેંચણી ખોટી થઇ હોવાનો પણ સૂર રહ્યો

# મહેસાણામાં કોંગીની ચિંતન શીબીર : રાહુલની અધ્યક્ષ સ્થાને સમીક્ષા

### પાટણ, મહેસાણા જિલ્લાના પરિણામોની સમીક્ષા કરાઇ ૨૩મીએ કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી અમદાવાદ આવશે

અમદાવાદ

ગુજરાત વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ આજથી કોંગ્રેસની ત્રણ દિવસની ચિંતન શિબિરનો મહેસાણા ખાતે પ્રારંભ થયો હતો. ચિંતન શિબિરના પ્રથમ દિવસે આજે મહેસાણા અને પાટણ જિલ્લાના પરિણામોની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. બેઠકમાં હાજર રહેલા જિલ્લા કોંગ્રેસ પ્રમુખો, આગેવાનો, હોદ્દેદારો અને પદાધિકારીઓએ આ વખતની ચૂંટણીમાં ખોટા ઉમેદવારોને ઉમેદવારી અપાઇ હોવાનો એટલે કે, ટિકિટોની ખોટી વહેંચણી થઈ હોવાનો એક સૂર વ્યકત થયો હતો. જેને પક્ષના દિગ્ગજ નેતાઓએ ગંભીરતાથી લીધો હતો. ચિંતનશિબિરમાં ૧૭ જિલ્લાઓના પરિણામોની સમીક્ષા અને વિચારણા હાથ ધરાશે. ત્યારબાદ વિગતવાર અહેવાલ તૈયાર કરીને તે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીને સુપ્રત કરવામાં આવશે. ચિંતન શિબિરના ભાગરૂપે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી તા.૨૩મી ડિસેમ્બરે છેલ્લા દિવસે અમદાવાદ આવશે અને કોંગ્રેસના કાર્યકર્તાઓ અને આગેવાનો સાથે ચર્ચા વિચારણા હાથ ધરશે. રાહુલ ગાંધી વિજેતા થયેલા કોંગ્રેસના ધારાસભ્યોને શુભેચ્છા-અભિનંદન પણ પાઠવશે. મહેસાણા ખાતે આજથી શરૂ થયેલી કોંગ્રેસની ચિંતન શિબિરમાં કોંગ્રેસના ગુજરાતના પ્રભારી અશોક ગેહલોત, પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી, હારી ગયેલા સિનિયર નેતાઓ શકિતસિંહ ગોહિલ, અર્જુન મોઢવાડિયા સહિતના પદાધિકારીઓ અને આગેવાનો હાજર રહયા હતા.

# હું તમારી વચ્ચે જ છું અને હંમેશા રહીશ : શંકરભાઈ ચૌધરી

## બોરૂડા ખાતે પૂર્વ રાજ્ય મંત્રીએ કાર્યકરોને સંબોધી સાંત્વના પાઠવી



ગઈકાલે સુઈગામ તાલુકાના બોરુડા ખાતે પૂર્વ રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીએ પોતાના સમર્થકોનો ઋણ સ્વીકાર કરવા આવ્યા હતા ત્યારે વિસ્તારમાંથી હજારોની જનમેદની પોતાના લોક નાયકને સધિયારો આપવા ઉમટી પડી હતી. જેમાં અનેક કાર્યકરોએ હૃદયનો વલોપાત ઠાલવતા હૃદયદ્રાવક દ્રશ્યો સર્જાયા હતા.

ડીસા

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પૂર્ણ થતા હવે ફરી ભાજપા સરકાર અસ્તિત્વમાં આવશે. ત્યારે રાજ્યમંત્રી અને વાવના ધારાસભ્ય શંકરભાઈ ચૌધરીની ચૂંટણીમાં હાર થઈ છે. તેઓએ ગઈકાલે બુધવારે પોતાના ફેસબુક એકાઉન્ટ ઉપર બપોરે મત વિસ્તારના મતદારો તથા કાર્યકરોને મળવા આવું છું તેવા સમાચાર મુક્યા હતા. જેના પ્રત્યુતરમાં સુઈગામ તાલુકાના બોરૂડા ખાતે હજારોની જનમેદની સ્વયંભુ ઉમટી પડી હતી. ત્યારે પૂર્વ રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરી કાર્યકરોનો ઋણ સ્વીકાર કરવા બપોરના સુમારે આવી પહોંચ્યા હતા. તેઓએ જન મેદનીને સંબોધતા જણાવ્યું હતું કે વાવ વિસ્તારમાં ૯૫ હજારથી વધુ લોકોએ મારામાં વિશ્વાસ મુક્યો છે અને માત્ર પાંચ - છ હજાર વોટના નજીવા માર્જીનથી હું હાર્યો છું. માટે મારી વાવ વિસ્તારની અને બનાસકાંઠા જિલ્લાની જનતાએ ગભરાવાની કોઈ જરૂર નથી. રાજ્યની સમગ્ર ભાજપા ટીમ તેમજ સરકાર અને સંગઠન તમારી સાથે છે. અને હું પણ સરહદના સેવક તરીકે તમારી સાથે જ છું સમગ્ર જિલ્લાની જનતા માટે મારા દ્વાર હંમેશા ખુલ્લા જ છે. વાવ વિસ્તારની અને જિલ્લાની જનતાના મારા ઉપર સતત આશિર્વાદ છે જ અને રહેશે. આટલું ઉદ્‌બોધન કરી તેઓએ તમામનો આભાર વ્યક્ત કર્યો હતો. સભામાં તેમના ઉદ્‌બોધન બાદ કેટલાક સમર્થકોએ ખુબ દુઃખની લાગણી અનુભવતા જણાવ્યું હતું કે આ હાર શંકરભાઈની નહી પણ વાવ વિસ્તારની પ્રજાની હાર છે અને અમને હવે એવું લાગે છે કે અમારો સરહદનો વિકાસ થંભી જશે પરંતુ અમારા લોકનાયકે અમારી સાથે રહેવાની ખાત્રી આપતા અમને મોટુ આશ્વાસન મળ્યું છે.

આમ આ વિસ્તારની પ્રજાએ પોતાના નેતાને સહકાર અને સધિયારો આપવાના સોગંદ લીધા હતા.

## શંકરભાઈ નથી હાર્યા, વાવ મત વિસ્તાર હાર્યો છે : હજારો કાર્યકરોનો વલોપાત

# હિમાલયમાં જઇને મોદી હાડકા ગાળે : મેવાણી

### જિગ્નેશ મેવાણીના નિવેદન બાદ રાજકીય વિવાદ છેડાયો

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણી યોજાયા બાદ પણ નેતાઓ તરફથી વિવાદાસ્પદ નિવેદનો જારી રહ્યા છે. વડગામમાંથી પ્રથમ વખત ધારાસભ્ય તરીકે ચુંટાઈ આવેલા જીગ્નેશ મેવાણીએ વડાપ્રધાન નેરન્દ્ર મોદીની સામે મોરચો ખોલી દીધો છે. એક ટીવી ચેનલને આપેલી મુલાકાતમાં જિગ્નેશે કહ્યું છે કે, ગુજરાતમાં ભાજપની સીટો ઘટી ગઈ છે. મોદીએ રાજનીતિમાંથી નિવૃત્તિ લઇ લેવી જોઇએ. તેમણે કહ્યું હતું કે, જો રાહુલ ગાંધી કહેશે તો પણ તેઓ માફી માંગશે નહીં. જિગ્નેશે કહ્યું હતું કે, ૨૦૧૯ માટે અમે સંપૂર્ણપણે તૈયાર છીએ. મોદી હવે મોટી ઉંમરના થઇ ગયા છે. પોતાના જુના ભાષણો સંભળાવી રહ્યા છે. તેમને રાજનીતિમાંથી બ્રેક લઇ લેવી જોઇએ. મોદી હવે હિમાલય ઉપર જઈને હાડકા ગાળે તેવું નિવેદન જિગ્નેશે કર્યું છે. આ વિવાદાસ્પદ નિવેદન બાદ જીગ્નેશની મુશ્કેલી વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. મોદી અને અમિત શાહ દાવો કરી રહ્યા હતા કે ૧૫૦ સીટો જીતી જશે પરંતુ તેમની ઈચ્છા પુરી થઈ નથી. ૨૦૧૯માં પણ આવું જ થશે. આંદોલનની જીત થઇ છે. માર્ગો પર પોતાના આંદોલન પર આગળ વધીશું. દેશને હવે યુવા આંદોલનકારીઓમાંથી

અનુસંધાન પાના નં.૬

**સૂર્યોદય - ૭.૧૮ સૂર્યાસ્ત - ૫.૫૯**

## તિથિદર્શન

પોષ સુદ-૩ ગુરૂવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ પોષ સુદ : ત્રીજ ગુરૂવાર નક્ષત્ર:ઉત્તરષાઢા સાંજે ૪.૧૯ પછી શ્રવણ યોગ :વ્યાઘાત કરણ :બવ આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ.જ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) ગેર સમજ દૂર થાય. આર્થિક સમસ્યાનો ઉકેલ આવે.**

**વૃષભ : (બ.વ.ઉ.) પારિવારીક જવાબદારીમાં વધારો થાય. લાભની નવિન તક સાંપડે.**

**મિથુન : (ક.છ.ઘ.) આવકમાં વધારો થાય. સામાજિક ક્ષેત્રે પ્રભાવમાં વૃધ્ધિ થાય.**

**કર્ક : (ડ.હ.) ધાર્મિક કાર્યોમાં વ્યસ્ત રહેવાય. રચનાત્મક પ્રવૃત્તિઓમાં સફળતા મળે.**

**સિંહ : (મ.ટ.) સ્વજનોનો સહયોગ મળે. શત્રુ પક્ષ સાથે સુલેહ થાય.**

**કન્યા : (પ.ઠ.ણ.) નવા કાર્યની સફળતા માટે મુસાફરી થાય. પ્રિયજનથી વિશેષ સ્નેહ રહે.**

**તુલા : (ર.ત.) સંપતિને લગતા કાર્યોમાં વિલંબ થાય. વાદ-વિવાદ ટાળવો હિતાવહ.**

**વૃશ્ચિક :(ન.ય.) પારિવારીક ક્ષેત્રે મહત્વના કાર્યમાં સફળતા મળે. અણધાર્યો લાભ થાય.**

**ધન : (ભ.ફ.ધ.) આત્મવિશ્વાસમાં વધારો થાય. સાહસિક કાર્યોમાં સફળતા મળે.**

**મકર : (ખ.જ.)નવિન યોજનાઓમાં સફળતા મળે. પરોપકારી કાર્યમાં સાવધાન રહેવું.**

**કુંભ : (ગ.શ.સ.) જવાબદારીવાળા કાર્યમાં સાવધાની રાખવી. શત્રુ પક્ષથી સાવધ રહેવું.**

**મીન : (દ.ચ.જ.થ.) આનંદ-પ્રમાદમાં અધિકતા રહે. પ્રવાસમાં પીડા રહે.**

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

### અશ્વં નૈવ ગજં નૈવ વ્યાગ્રં નૈવ ચ અજાપુત્રં બલિ દધાદેવો દુર્બલ ઘાતક:

દેવતાઓને જ્યારે બલિ આપવાનો હોય ત્યારે ઘોડાનો નહીં, હાથીનો નહીં, વાઘનો તો નહીં નહીં ને નહીં જ, પણ અજાપુત્ર એટલે કે 'બકરા'નો બલિ અપાય છે. ખરેખર દેવો પણ દુર્બળ, વિરોધ ન કરી શકનારા, નબળાના જ ઘાતક બને છે.'

આજે રેલવે અકસ્માત થાય, ડેમ- નહેરોમાં તિરાડ પડે, મોટી જાનહાનિ થાય તેવી કોઈ પણ સરકારી હોનારત થાય ત્યારે જે તે ખાતાના પ્રધાન-સચિવોનો નીતિવિષયક દોષ જોવાતો નથી, પણ અકસ્માત સ્થળે ફરજ બજાવતો તદ્દન નાનો 'ફાટકવાળો' કે લાઈનમેન' જ બધા દોષનો 'બકરો' બની સસ્પેંડ થાય કે ડિસમિસ થાય!

સમાજમાં બળવાન લોકો તો બોલીને કે સામ-દામ- દંડથી વિરોધ કરી શકે છે, નાનો માણસ કંઈ જ બોલી શકતો નથી. 'સમરથ કો દોષ નહીં ગોંસાઈ!' સમર્થ માણસ ગમે તેટલાં કૌભાંડ - ખાયકી કરે અંતે તો 'નોંધ મૂકનાર' પર જ રેલો આવે છે.

અહીં, દેવતાઓ પણ હાથી- ઘોડા- સિંહ-વાઘના બલિથી પ્રસન્ન થતા નથી, એ પણ 'બિચારા' મૌન 'બકરા' નો જ બલિ માગે છે.

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

આધુનિક હિંદી સાહિત્યજગતના અગ્રેસર, હિંદી સાહિત્ય શિરોમણી પંડિત મહાવીરપ્રસાદ દ્વિદીની પુણ્યતિથિ છે. એમનો જન્મ લખનૌ પ્રાંતના દોલતપુર નામના નાના ગામડામાં ઈ.સ.૧૮૬૪માં થયો હતો.

કાશીમાં તેમણે 'નાગરી પ્રચારિણી સભા' નામની સંસ્થા સ્થાપીને 'સરસ્વતી' નામનું એક માસિક શરૂ કરેલું. જીવનભર એમની સાહિત્ય સાધના ચાલુ રહેલી. મૃત્યુ ૨૧-૧૨-૧૯૩૮.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસ:-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001 : 2015 CERTIFIED
॥ રોકાણકારોની શ્રધ્ધા અતૂટ..... અને વિશ્વાસનું પ્રતિક ॥
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

## તા. ૨૧.૧૨.૨૦૧૭ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

**નિફ્ટી ફ્યુચર ૧૦૫૩૦ પોઈન્ટ નો સ્ટ્રોંગ સપોર્ટ...!!!**

**તા. ૨૦.૧૨.૨૦૧૭ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૪૭૧ પોઈન્ટ :-**

**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૫૧૭ પોઈન્ટના પ્રથમ અને ૧૦૫૩૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૪૪૭ પોઈન્ટ થી ૧૦૪૩૦ પોઈન્ટ, ૧૦૪૦૪ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૫૩૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા. ૨૦.૧૨.૨૦૧૭ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૫૬૫૦ પોઈન્ટ :-**

**આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૭૦૭ પોઈન્ટના પ્રથમ અને ૨૫૭૭૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૫૫૯૦ પોઈન્ટ થી ૨૫૫૦૫ પોઈન્ટ, ૨૫૪૬૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૫૭૭૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**ઇન્ડસિન્ડ બેન્ક (૧૬૬૩) :- બેન્ક ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૬૩૩ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૬૧૭ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૬૮૩ થી રૂ.૧૬૯૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૬૯૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!**

**એશિયન પેઈન્ટ (૧૧૩૮) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૧૧૮ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૧૦૯ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૧૫૩ થી રૂ.૧૧૬૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!**

**ગ્લેનમાર્ક ફાર્મા (૫૫૯) :- રૂ.૫૪૪નો પ્રથમ તેમજ રૂ.૫૩૦ના બીજા સપોર્ટથી ફાર્મા સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૫૭૪ થી રૂ.૫૮૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!**

**એકસિસ બેન્ક (૫૫૭) :- બેન્ક સેક્ટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૫૭૩ થી રૂ.૫૮૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૫૪૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો.......!!**

**ONGC લિમિટેડ (૧૮૮) :- રૂ.૦૫ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૧૮૦ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયકઁ જીં ઓઇલ સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૧૯૪ થી રૂ.૨૦૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!**

**ACC લિમિટેડ (૧૭૨૪) :- ટેકનીકલ ચાર્ટ મુજબ સિમેન્ટ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૭૪૪ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૭૦૮ થી રૂ.૧૭૦૦ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૭૫૦નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!**

**ડિવિસ લેબ (૧૦૬૨) :- રૂ.૧૦૭૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૦૮૮ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૦૪૭ થી રૂ.૧૦૩૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૦૮૮ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!**

**ઇન્ફોસિસ (૧૦૧૨) :- ટેક્નોલૉજી સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૦૩૩ના સ્ટોપલોસથી વેચાણ લાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૯૯૬ થી રૂ.૯૯૦ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!**

**રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (૯૨૨) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રિફાઇનરી સેક્ટરનો આ સ્ટોક રૂ.૯૩૯ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૯૦૩ થી રૂ.૮૯૮ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૯૪૪ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!**

**તાતા મોટર્સ (૪૨૨) :- રૂ.૪૪૪ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૪૫૭ ના સ્ટોપલોસે વેચવાલાયક ઓટો સેકટરનો આ સ્ટોક તબક્કાવાર રૂ.૪૧૩ થી રૂ.૪૦૪ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૪૬૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!
તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...!!

# પત્નિની હત્યા બદલ ઈલિયાસીને આજીવન કારાવાસની સજા કરાઈ

નવીદિલ્હી

પોતાના સમયના ચર્ચાસ્પદ ક્રાઈમ શો ઈન્ડિયાસ મોસ્ટ વોન્ટેડના એન્કર સુહેબ ઈલિયાસીને પત્નિની હત્યાના દોષમાં આજીવન કારાવાસની સજા ફટકારવામાં આવતા ખળભળાટ મચી ગયો છે. પત્રકાર ઈલિયાસીને દિલ્હીની કડકડડૂમા કોર્ટે આકરી સજા ફટકારી હતી. ઈલિયાસીના વકીલે ફાંસીની સજા ન ફટાકરવા માટેની અપીલ કરી હતી. ૧૬મી ડિસેમ્બરના દિવસે ઈલિયાસીને ૧૭ વર્ષ જુના આ જઘન્ય હત્યાકાંડ માટે દોષિત ઠેરવવામાં આવ્યો હતો. ૧૧મી જાન્યુઆરી ૨૦૦૦ના દિવસે ઈલિયાસીના ઘરે પત્નિ અંજુની શંકાસ્પદ હાલતમાં લાશ મળી આવી હતી. હત્યા કરવા માટે કાતરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ૨૮મી માર્ચ ૨૦૦૦ના દિવસે પોલીસ દહેજ હત્યા કેસના સંદર્ભમાં ઈલિયાસીની ધરપકડ કરી હતી. પોલીસે તપાસમાં શોધી કાઢ્યું હતું કે, ઈલિયાસી અને પત્નિ અંજુ વચ્ચે વારંવાર લડાઈ ઝગડા થતાં હતા. બનાવ બાદ પોતાના ગુનાને છુપાવવા પોતાના મિત્ર મારફતે ફોન કરીને કહેડાવ્યું હતું કે, અંજુએ આત્મહત્યા કરી લીધી છે. અંજુના પરિવારના સભ્યોએ ઈલિયાસી ઉપર હત્યાનો આક્ષેપ મુક્યો હતો. ૧૯૯૫માં સુહેબ ઈલિયાસીએ પત્નિની સાથે મળીને ક્રાઈમ શો ચલાવ્યો હતો. ૧૯૯૮માં ટીવી ક્રાઈમ શો ઈન્ડિયાસ મોસ્ટ વોન્ટેડ ખુબ લોકપ્રિય તરીકે રહેતા ઈલિયાસીની બોલબાલા વધી હતી. વર્ષ ૨૦૦૦માં પત્નિની હત્યા બાદ આ શોને બંધ કરી દેવાની ફરજ પડી હતી. પોલીસના કહેવા મુજબ એ ગાળા દરમિયાન અંજુની બહેન રશીને એક ડાયરી પોલીસને આપી હતી. તેમાં અંજુએ ઘણી બધી બાબતોનો ઉલ્લેખ કર્યો હતો. અંજુની હત્યા મયુર વિહારના એપાર્ટમેન્ટમાં કરવામાં આવી હતી. તે ગાળા દરમિયાન તેના બે અંગત સુરક્ષા કર્મી રાજકુમાર અને શત્રુધ્ન તૈનાત હતા. પોલીસને તપાસ દરમિયાન બાથરુમમાં લોહીના નિશાન મળી આવ્યા હતા. અંજુનું મોત સામાન્યરીતે ૧૦.૪૫ વાગે થયું હતું. ઈલિયાસી ૧૦.૨૬ વાગે તેને લઈને એમ્સ પહોંચ્યો હતો.

ઈલિયાસી દિલ્હીમાં જન્મ્યો હતો. ઈલિયાસી અને અંજુ વર્ષ ૧૯૮૯માં જામિયા મિલિયા ઈસ્લામિયામાં સાથે અભ્યાસ કરી રહ્યા હતા. તેમની વચ્ચે એ ગાળામાં પ્રેમ થયો હતો. અંજુના ઘરના લોકોએ આ સંબંધને લઈને વિરોધ કર્યો હતો. ત્યારબાદ બંને લંડન જતા રહ્યા હતા. વિરોધ છતાં ઈલિયાસીએ અંજુની સાથે ૧૯૯૩માં લંડનમાં લગ્ન કરી લીધા હતા. અંજુએ પોતાનું નામ બદલીને અફનસા રાખ્યું હતું.

અનુસંધાન પાના નં.૬

# ૨૦૧૯ અને ૨૦૨૨ માં પણ અમે ઐતિહાસિક સત્તા મેળવીશું : જીતુ વાઘાણી

અમદાવાદ

ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીએ આજે પ્રેસ કોન્ફરન્સ કરી કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા. ગુજરાતમાં કોંગ્રેસ કેમ ન જીતી, અને કોંગ્રેસ હિમાચલ પ્રદેશમાં કેમ જીતી ન શક્યું, તથા કોંગ્રેસની જૂની હાર વિશેનો ઉલ્લેલ કર્યો હતો. તેણે કહ્યું હતું કે, ૨૦૧૯માં પણ અમે ઐતિહાસિક સત્તા મેળવીશું. કોંગ્રેસના હાથમાઁથી ૨૦૨૨ પણ જતુ રહેશે. કોંગ્રેસે ચૂંટણીમાં આઉટસોર્સિંગ કર્યુ છે. ગુજરાતની જનતાએ કોંગ્રેસને નકારી છે. અમને છઠ્ઠીવાર જીત્યાનો આનંદ છે અને ટૂંક સમયમાં જ ધારાસભ્યોની બેઠકનો સમય નક્કી થશે. કોંગ્રેસ જીતી નથી, અને જીતી શક્તી નથી. જ્યાં સત્તામાં છે, ત્યાં પુન સત્તા પ્રાપ્ત પણ કરી શક્તી નથી. હાથીના બતાવવાના અને ચાવવાના દાત અલગ હોય છે. તેથી હાલની કોંગ્રેસની સ્થિતિમાં કોંગ્રેસના પણ બતાવવાના અને ચાવવાના દાંત અલગ છે. કોંગ્રેસે મહેસાણામાં સમીક્ષા બેઠકના નામે આશ્વાસન બેઠક રાખી છે. કોંગ્રેસના જે મહાનુભાવોએ પણ પ્રચારમાં નિમ્ન કક્ષાની વાતો કરી હતી તેમને હારની સ્વાદ ચાખવો પડ્યો છે. હાર સ્વીકારવાની અને પચાવવાની બંને તૈયારીઓ રાખો.

કોંગ્રેસ હિમાચલ પ્રદેશમાં કેમ રાજય અને સત્તા જાળવી ન શક્યા. જ્યાં હવે ભાજપ જીતી ચૂક્યું છે. ગેહલોતજી પણ રાજસ્થાનમાં મુખ્યમંત્રી હતા, ત્યારે તેઓ કેમ રાજસ્થાનમાં કોંગ્રેસને બીજીવાર જીતાડી ન શક્યા. ૨૨ વર્ષ તમે સત્તાની બહાર રહ્યા છો, અને ફરી એકવાર રાજ્યની બહાર રહેવાનો સ્વાદ તમને રાજ્યની જનતાએ ચખાડ્યો છે. રાહુલ ગાંધીન બચાવ અભિયાન ચાલતું હોય તેમાં હિમાચલના હારની ચર્ચા નથી, પણ ગુજરાતમાં કોંગ્રેસ કેટલી સીટો જીતી તેની ચર્ચા ચાલી રહી છે. ગુજરાતની જનતાએ ભાજપને પૂર્ણ બહુમત આપ્યો છે. કોંગ્રેસે જાતિવાદ, ધર્મ સંપ્રદાયના નામે રાજનીતિ કરી છે. કોંગ્રેસનો ચૂંટણી ઢંઢેરો ચાલ્યો નથી.

# આઈસીએઆઈ દ્વારા ૨૨-૨૩ ડિસેમ્બરે શહેરમાં મેગા સમિટ

અમદાવાદ

ધી ઈન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા(આઈસીએઆઈ)ની ડબલ્યુઆઈઆરસીની અમદાવાદ બાંચ દ્વારા આગામી તા.૨૨ અને ૨૩ ડિસેમ્બર દરમ્યાન શહેરમાં સરદાર પટેલ મેમોરિયલ, યુનિવર્સિટી કન્વેન્શન હોલ, હેલ્મેટ સર્કલ ખાતે બી ધ ચેન્જ વિષય પર મેગા સમીટનું આયોજન કરવામાં આવ્યું છે. સૌથી મહત્વની અને નોંધનીય વાત એ છે કે, આ મેગા સમીટમાં દેશના પ્રખર અર્થશાસ્ત્રી અને રાજયસભા સાંસદ ડો.સુબ્રમણ્યન સ્વામી દ્વારા ભારતીય અર્થતંત્ર, તેના પડકારો અને આગળના રસ્તા વિષય પર મુખ્ય પ્રવચન આપશે. દેશભરમાંથી અંદાજે ૧૧૦૦થી વધુ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ આ મેગા સમીટમાં ભાગ લેશે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસની આ મેગા સમીટને લઇ પ્રખર અર્થશાસ્ત્રી અને ભાજપના દિગ્ગજ નેતા ડો.સુબ્રમણ્યન સ્વામી તા.૨૩મી ડિસેમ્બરે અમદાવાદમાં આવવાના છે એમ આઈસીએઆઈની અમદાવાદ બ્રાંચના ચેરમેન સીએ ચિંતન પટેલે જણાવ્યું હતું. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ માટે યોજાનારી મેગા સમીટની આ મેગા ઈવેન્ટને લઈ તડામાર તૈયારીઓ ચાલી રહી છે કારણ કે, તેમાં વિવિધ ક્ષેત્રના નિષ્ણાત તજજ્ઞો અને દિગ્ગજ મહાનુભાવો હાજરી આપવાના છે. આ અંગે આઈસીએઆઈની અમદાવાદ બ્રાંચના ચેરમેન સીએ ચિંતન પટેલે જણાવ્યું હતુ કે, અમદાવાદ બ્રાંચ દ્વારા રાષ્ટ્રીય સ્તરના સંખ્યાબંધ કાર્યક્રમો યોજવામાં આવતા હોય છે પરંતુ એક નવી માહિતી અને જ્ઞાનસભર સેમીનાર સાથે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ફેકલ્ટીને સમૃધ્ધ અને માર્ગદર્શિત કરવાના ઉમદા આશયથી બી ધ ચેન્જ વિષય પરની આ મેગા સમીટનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રિસન્ટ ચેન્જીસ ઈન ઈન્ટરનેશનલ ટેક્સેશન, ટેક્સ પ્લાનીંગ, સિનારીયો ઓફ કોલેપ્સ ઓફ બેંકીંગ સીક્રેસી એન્ડ ટેક્સ હેવન્સ, ચેન્જીસ ઈન ફેમા એન્ડ જયુડીશીયલ ટ્રેન્ડ્સ, ઓડિટ ડોકયુમેન્ટેશન, જીએસટી- કેસ સ્ટડીઝ એન્ડ બર્નીંગ ઈશ્યુઝ ઈન ઈનપુટ ટેક્સ ક્રેડિટ એન્ડ કલાસીફિકેશન, બીઝનેસ ટ્રાન્સફોર્મેશન એન્ડ ઈન્ટીગ્રેટેડ રિપોર્ટીંગ, ઈન્ડિયન ઈન્વેસ્ટમેન્ટ આઉટલુક, ધી કોન્સ્ટીટયુશન, ફેડરીલીઝમ એન્ડ જીએસટી,

અનુસંધાન પાના નં.૬

# મોદી અને શાહની વિશેષ ટીમે ભાજપને વિજય અપાવ્યો

અમદાવાદ

ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીએ સતત છઠ્ઠી વખત જીત મેળવી લેવામાં સફળતા મેળવી છે. ૨૨ વર્ષથી સત્તામાં રહેલી પાર્ટીએ ફરી જીત હાંસલ કરીને હવે ઈતિહાસ સર્જયો છે. તેના માટે આ જીત ખાસ છે. આ વખતે સીટો સૌથી ઓછી રહી હોવા છતાં જીત ઉપયોગી છે. શ્રેણીબદ્ધ પડકારો હોવા છતાં ભાજપે જીત મેળવી છે. સત્તા વિરોધી લહેર, દલિત અને ઓબીસી સમુદાયની નારાજગી, પાટીદારોની નારાજગી અને નોટબંધી તેમજ જીએસટી જેવા મુદ્દાના કારણે ભાજપની હાલત કફોડી હતી. કોંગ્રેસના પ્રમુખ રાહુલ ગાંધીએ જોરદાર પ્રચાર કર્યો હતો. પાર્ટીને જીત અપાવવામાં છ સભ્યોની ટાવીરૂપ ભૂમિકા રહી છે. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પાર્ટી પ્રમુખ અમિત શાહ સિવાય ભુપેન્દ્ર યાદવ, સંબિત પાત્રા, સ્મૃતિ ઈરાની અને યોગી આદિત્યનાથનો સમાવેશ થાય છે. અમિત શાહ અને મોદીએ ખાસ ટીમ બનાવી હતી. પાર્ટીના મહાસચિવ અને અમિત શાહના વિશ્વાસપાત્ર ભુપેન્દ્ર યાદવે ત્રણ મહિના સુધી સતત ભૂમિકા ભજવી હતી. મોદી અને શાહ દ્વારા બનાવવામાં આવેલી યોજના પર અમલીકરણની તેમની જવાબદારી હતી. કમલમ સ્થિત ભાજપ ઓફિસ પર તેઓ સતત સક્રિય રહ્યા હતા. તેઓ વહેલી પરોઢે પહોંચી જતા હતા અને મોડી રાત્ર સુધી કામ કરી રહ્યા હતા. અહીંથી તેઓ ગુજરાતના જુદા જુદા હિસ્સામાં પહોંચી રહ્યા હતા. તેઓએ ભાજપના મોટા ભાગના શહેરો અને જિલ્લા અધયક્ષ સાથે ચર્ચા કરતા હતા. તેમને તમામને નામથી ઓળખતા થઈ ગયા છે. ગુજરાતી ભાષા પણ સારી રીતે જાણે છે. ચૂંટણી દરમિયાન તેઓ તમામ ગુજરાતી અખબાર વાંચતા હતા. પરષૌતમ રૂપાલા પણ કુબ સક્રિય રહ્યા હતા. અમરેલીના પાટીદાર નેતા રૂપાલાએ મોદી જેટલી જ રેલીઓ કરી હતી. તેઓ પોતાના પરંપરાગત અંદાજમાં ભાષણ આપતા રહે છે. ગ્રામીણ ક્ષેત્રમાં તેમની સારી પક્કડ રહી છે. કેટલાક ક્ષેત્રોમાં તેઓ પાર્ટી માટે ખુબ મદદગાર સાબિત થયા છે. જો કે તેમના વિસ્તારમાં તેઓ હારી ગયા છે. અહીં ભાજપે તમામ ચારેય સીટો ગુમાવી છે. સંબિત પાત્રા ટીવી પર સતત સક્રિય રહ્યા હતા. ૧૭ દિવસ સુધી ગુજરાતમાં હતા.

અનુસંધાન પાના નં.૬

# કર્ણાટક ફતેહ કરવા શાહનો માસ્ટરપ્લાન તૈયાર : મોદી ૪૦ રેલીઓ કરે તેવી શક્યતા

ન્યુ દિલ્હી

ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં મેળવેલી જીત બાદ ભારતીય જનતા પાર્ટીની નજર હવે ૨૦૧૮માં કર્ણાટક રાજયમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી પર છે. કર્ણાટક સર કરવા આગળ વધી રહેલી ભાજપ અહીં ગત વિધાનસભામાં થયેલી ભૂલનું પૂનરાવર્તન કરવા નથી માંગતી. માટે ભાજપ અધ્યક્ષ અમિત શાહે અહીં ખાસ ચક્રવ્યુહ રચ્યો છે. જેને અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રેલીઓથી લઈને તમામ નાની નાની બાબતો પર ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

પીએમ મોદીની સંખ્યાબંધ રેલીઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી કર્ણાટકમાં એક પછી એક એમ ૩૦ થી ૪૦ રેલીઓ સંબોધશે. સૌથી વધારે રેલીઓ નાના શહેરોમાં કરવામાં આવશે, જેનાથી ગરીબ મતદાતાઓને વધુમાં વધુ જોડી શકાય. ભૂપેન્દ્ર યાદવને મહત્વપૂર્ણ જવાબદારી દિલ્હીના ભાજપના ગલિયારામાંથી જાણવા મળ્યા અનુંસાર કર્ણાટકમાં પાર્ટીમાં રહેલા આંતર કલેહને દૂર કરી કોંગ્રેસ વિરૂદ્ધ રણનીતિ તૈયાર કરવી એ સૌથી મોટો પડકાર છે. ભાજપનું નેતૃત્વ ગુજરાતની માફજ કર્ણાટકમાં ચૂંટણી નથી લડવા માંગતું. આ વખતે ભાજપના આક્રમણની નિતિ કોંગ્રેસ પર દીધા હુમલા કરવાની રહેશે. આગામી દિવસોમાં કેટલાક પરિવર્તનો જોવા મળશે. કર્ણાટક ભાજપના નેતાઓને પણ આ બાબતે વાકેફ કરી દેવાયા છે.

કર્ણાટકમાં ભાજપ હિન્દુત્વ ઉપરાંત વિકાસનો એજન્ડા જનતા સામે મુકશે. ગુજરાતની ચૂંટણીમાંથી બોધપાઠ લેતા ભાજપ અહીં ગ્રામીણ વિસ્તારોમાં વધુ ધ્યાન કેન્દ્રિત કરશે. ખાસ કરીને ગરીબો અને ખેડુતોને પ્રાધાન્ય આપશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે રાષ્ટ્રિય નેતાની પરંદગીને ધ્યાનમાં રાખી વર્તમાન કૌર કમિટીને બદલીને ભૂપેન્દ્ર યાદવના નેતૃત્વમાં નવી ઈલેકશન કમિટીની રચના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટીમ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ અધ્યક્ષ અમિત શાહ સાથે સંપર્કમાં રહીને ચૂંટણીની રણનીતિ બનાવશે. જેમાં રાજ્ય સ્તરના નેતાઓનો કોઈ ખાસ રોલ નહીં હોય. તેઓ માત્ર કમિટીના આદેશનું પાલન માત્ર કરશે. આવી રીતે કરવામાં આવશે કોંગ્રેસ પર વાર ભાજપના એક વરિષ્ઠ નેતાના જણાવ્યા અનુંસાર હિન્દુત્વ અને વિકાસને ચૂંટણી પ્રચાર દરમિયાન ભાજપ ભારે જોરશોર સાથે ઉઠાવશે.

અનુસંધાન પાના નં.૬

# ગુજરાત ચૂંટણી બાદ ગૃહમાં ઓબીસીની સંખ્યામાં વધારો

અમદાવાદ

વર્ષ ૨૦૧૭માં યોજાયેલી ગુજરાત વિધાનસભાની ચૂંટણીની પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવી છે. ગૃહમાં ઓબીસી સંખ્યામાં નોંધપાત્ર રીતે વધારો થયો છે. ગૃહમાં સંખ્યા વધવા માટે કેટલાક કારણો રહેલા છે. જાતિ લાઈનની વાત કરવામાં આવે તો સ્થિતી જુદી રીતે તરી આવે છે. જાતિ આધારિત આંદોલનના કારણે મતદાનમા પણ તેની ભૂમિકા રહી છે. એસસી-એસટી અએને ઓબીસી દ્વારા હાલમાં જ જુદા જુદા મુદ્દાને લઇને આંદોલન કરવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૧૭ની ચૂંટણીમાં મતદારોએ ઓબીસી ધારાસભ્યોની પસંદગી વધારે કરી છે. બન્ને પાર્ટીઓમાંથી ૬૨ને ચૂંટી કાઢવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૨ની તુલનામાં ત્રણ ધારાસભ્યો વધારે છે. પાટીદારના કેસમાં લેઉઆ અને કડવા બન્નેમાંથી ૪૫ ધારાસભ્યોને ચૂંટી કાઢવામાં આવ્યા છે. કોંગ્રેસ પાર્ટીનુ સંખ્યાબળ જે વર્ષ ૨૦૧૨માં હતુ તેની સામે બે ઓછા છે. ઓબીસી ધારાસભ્યોની વાત કરવામાં આવે તો ૧૬ ઠાકોર અને ૧૪ કોલીના હોય છે.

ઓબીસી બ્રેક અપની વાત કરવામાં આવે તો ઠાકોરમાં ૧૬, ચૌધરીના ત્રણ, અહીરના છ, કોલીના પાંચ, કોલી પટેલના ૧૪ અને અન્યોના ૧૮નો સમાવેશ થાય છે. જયારે જુદા જુદા ધર્મના સભ્યોની વાત કરવામાં આવે તો હિન્દુ ધારાસભ્યો ૧૭૩ રહ્યા છે. જૈનના ત્રણ, મુસ્લિમના ત્રણ, ખિસ્તીના એક સભ્ય છે. પાર્ટીની સાથે પાટીદાર રહે તે માટે ભાજપે કેટલીક ખાતરી કરવાના પ્રયાસ હાથ ધર્યા છે. કુલ પાટીદાર નોમિનેસન કોઇ ફેરફાર થયા નથી. પાર્ટીએ ૫૨ પાટીદારોને મેદાનમાં ઉતાર્યા હતા. વર્ષ ૨૦૧૨માં પણ ૫૨ પાટીદારોને મેદાનમાં ઉતારી દેવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૧૨માં કોંગ્રેસે ૫૭ ઓબીસીને મેદાનમાં ઉતાર્યા હતા. પરંતુ ૨૦૧૭માં ૬૫ને મેદાનમાં ઉતાર્યા હતા.

# તમિળનાડુ : રાધાકૃષ્ણન નગર પેટાચૂંટણી પર તમામની નજર

ચેન્નાઇ

તમિળનાડુમાં રાધાકૃષ્ણન નગર અથવા તો આરકે નગરમાં યોજાનારી વિધાનસભાની પેટાચૂંટણીને લઇને તમામની નજર અહીં કેન્દ્રિત થઇ ગઇ છે. ૨૧મી ડિસેમ્બરના દિવસે અથવા તો આવતીકાલે અહીં પેટાચૂંટણી યોજાનાર છે. તમિળનાડુના મુખ્યપ્રધાન સ્વર્ગસ્થ જયલલિતાના અવસાન બાદ અહીં પેટાચૂંટણી યોજાઇ રહી છે. જયલલિતા અમ્માના નામથી લોકપ્રિય હતા અને ક્યારેય ચૂંટણી હારતા ન હતા. તેમના અભેદ્ય કિલ્લા તરીકે આ બેઠક રહી છે. જેથી જયાની પાર્ટી અન્નાદ્રમુક પાર્ટી માટે આ કિલ્લાને જાળવી રાખવા માટેની બાબત પડકારૂપ છે. આ બેઠક પર અન્નાદ્રમુક અને ડીએમકેના ઉમેદવાર સહિત કુલ ૫૯ ઉમેદવાર મેદાનમાં રહ્યા છે. જો કે મુખ્ય સ્પર્ધા ડીએમકેના ઉમેદવાર એન. મારુથુગણેશ અને અન્નાદ્રમુકના ઉમેદવાર ઇ. મધુસુધન વચ્ચે છે. પલાનીસ્વામી અને પનીરસેલ્વમ એકમત થઇને પોતાના ઉમેદવારને જીત અપાવવા તાકાત લગાવી ચુક્યા છે. શશીકલા નટરાજનના ભત્રીજા દિનાકરણે પણ મેદાનમાં ઉતરવાનો નિર્ણય કર્યા બાદ જોરદાર પડકારની સ્થિતી અન્નાદ્રમુક માટે છે. કારણ કે શશીકલા જયલલિતાની સૌથી નજીક હતા. એવુ બની શકે છે કે અન્નાદ્રમુકના પરંપરાગત મતદારો ભાવનામાં આવીને દિનાકરણને મત આપી શકે છે. જો આવુ થશે તો અન્નાદ્રમુકના ઉમેદવાર માટે આ બાબત નુકસાનકારક સાબિત થઇ શકે છે. તમિળનાડુના નાગરિકો આ બેઠકની પેટાચૂંટણીને પલાનીસ્વામી અને પનીરસેલ્વમ વચ્ચે સત્તા સંઘર્ષની સ્થિતીથી પરેશાન છે. આ પેટાચૂંટણીને પલાનીસ્વામી સરકારના કામકાજ તરીકે પણ જોવામાં આવે છે. તમામની નજર હવે આવતીકાલે યોજાનાર રાધાકૃષ્ણન નગર અથવા તો આરકે નગર વિધાનસભાની પેટા ચૂંટણી પર કેન્દ્રિત થઇ ગઇ છે. જયાંથી અમ્માના નામથી લોકપ્રિય જયલલિતા સતત જીતી જતા હતા. તેમના અવસાન બાદ આ સીટ પર હવે પેટાચૂંટણી યોજાઇ રહી છે. જયાં સુધી જયલલિતા હતા ત્યાં સુધી આરકેનગર પર કોઇ પાર્ટી જીત મેળવી શકતી ન હતી. જયાના અભેદ્ય કિલ્લા તરીકે આ બેઠકને ગણવામાં આવી રહી હતી. પરંતુ હવે આ બેઠક પર સ્પર્ધા વધારે તીવ્ર બની ગઇ છે. જયલલિતાના અવસાન બાદ અન્નાદ્રમુકમાં નેતૃત્વ અને સત્તામાં ભાગીદારીને લઇને સતત ખેંચતાણ રહી છે. બીજી બાજુ પાર્ટીની નકારાત્મક છાપ પણ ઉભી થઇ ગઇ છે. તમિળનાડુમાં લોકોને એક સ્થિર સરકારની જરૂર છે. તેઓ વિકાસ ઇચ્છે છે. તમામ રાજકીય પંડિતોની નજર તેના પર હાલમાં કેન્દ્રિત થઇ ગઇ છે. પેટાચૂંટણીને લઇને તમામ તૈયારી કરી લેવામાં આવી છે.

# હિંદુત્વને પોતાનો જ ધર્મ સમજે મુસલમાન : સંઘ વિચારક એમજી વૈદ્ય

મુંબઈ

આરએસઆસ પ્રમુખ મોહન ભાગવત તરફથી હિંદુત્વ પર આપવામાં આવેલ નિવેદનનો વિવાદ હજૂ થંભ્યો નથી ત્યાં જ સંઘનાં વધું એક પ્રભાવશાળી વ્યક્તિએ તેના પર ટિપ્પણી કરી દીધી છે. સંઘ વિચારક એમજી વૈદ્યએ કહ્યું કે, હિંદુ બનવા માટે કોઇએ પણ પોતાનો ધર્મ છોડવાની જરૂરીયાત નથી. તેમણે કહ્યું કે, મુસલમાન હિંદુત્વને પોતાનો જ ધર્મ સમજે. તમને જણાવી દઇએ કે, આ પહેલા મોહન ભાગવતે એક કાર્યક્રમમાં કહ્યું હતું કે, ભારતનાં તમામ મુસ્લિમ હિંદુ જ છે.

સંઘનાં વયોવૃદ્ધ વિચારક એમજી વૈદ્યએ હિંદુત્વનાં મુદ્દા પર પોતાની સલાહ આપી છે. તેમણે કહ્યું કે,"હિંદું બનવા માટે મુસલમાનોએ પોતાનો ધર્મ છોડવાની કોઇ જરૂરીયાત નથી, તેઓ હિંદુત્વને પોતાનો જ ધર્મ સમજે." તેમણે વધુંમા જણાવ્યું કે, જે વ્યક્તિ મંદિરમાં નથી જતો તે પણ હિંદુ જ છે. આવમાં દરેકે હિંદુ હોવાનો અર્થ સમજવો જોઇએ. આ પહેલા અન્ય એક ઈન્ટરવ્યૂમાં વૈદ્યએ જણાવ્યું હતું કે, રાષ્ટ્ર સર્વોચ્ચ છે અને રાષ્ટ્રનું નામ હિંદુ રાષ્ટ્ર છે. એક હિંદુ રાષ્ટ્ર પર અલ્પશંખ્યકો માટે સ્થાનની વાત પર તેમણે કહ્યું કે, તેઓ પણ રાષ્ટ્રનો ભાગ બની શકે છે. રાષ્ટ્રમાં લોકો સામેલ થઇ શકે છે અને લોકો જ રાષ્ટ્ર છે. તેમણે બતાવ્યું હતું કે, મુસ્લિમ રાષ્ટ્રનાં મંચનાં માધ્યમથી સંઘમાં મુસ્લિમ લોકો પણ સામેલ છે. તેમના અનુસાર, સંઘની મેઘાલય શાખામાં તો ૯૫ ટકા સભ્યો ઈસાઇ છે. તમને જણાવી દઈએ કે, વૈદ્યજીએ લગભગ ૧૭ વર્ષ સુધી ઈસાઇ શાળામાં ભાળકોને ભણાવ્યા છે.

એમજી વૈદ્યનું આ નિવેદન ત્યારે આવયુ છે જ્યારે મોહન ભાગવતનાં નિવેદનને લઇ વિવાદ ચાલી રહ્યો છે. આરઆરએસ પ્રમુખે રવિવારે પૂર્વોત્તર રાજ્ય ત્રિપુરામા એક કાર્યક્રમને સંબોધિત કરતા કહ્યું હતું,"ભારતનાં મુસ્લિમ પણ હિંદુ છે. અમારી કોઇ સાથે દુશ્મની નથી. અમે સૌ કોઈનું કલ્યાણ ઈચ્છીએ છીએ" તેમના આ નિવેદનને લઇ ખાસ કરીને ધાર્મિક નેતાઓમાં હોબાળો થયો હતો.

## તંત્રી સ્થાનેથી ...

### જીવનમાં કંઈક મેળવવા માટે તપ કરવૂં સૌથી વધારે જરૂરી છે...

# શિક્ષણનું વેપારીકરણ ન થવું જોઈએ

ગુજરાતમાં શિક્ષણનો વ્યાપ વધારવા અને શિક્ષણમાં ક્રાંતિ લાવવા રાજ્ય સરકાર ભલે ગમે તેટલા પ્રયાસો કરે પરંતુ તેનો કોઈ અર્થ સર્યો નથી. રાજ્યમાં છેલ્લા ૧૫ વર્ષમાં શિક્ષણની ઘોર ખોદાઈ ગઈ છે. ખાનગી કરણને પ્રોત્સાહન આપવાની વાત તો ઠીક પણ સરકારે પોતે જ શિક્ષણનું વેપારીકરણ શરૂ કરી દીધું છે. જેના કારણે હાલની સ્થિતિ એવી છે કે દર વર્ષે રાજ્યમાં ૫૦ લાખ વાલીઓને પોતાના બાળકોને ભણાવવાનો આર્થિક બોજો સહન કરવો પડે છે. તેવા આક્ષેપો હમણા લોકશાહી બચાવો અભિયાન દ્વારા કરવામાં આવ્યા હતા. સરકારની શિક્ષણ નીતિ અથવા તો શિક્ષણ અંગેની કોઈપણ સ્પષ્ટ નીતિના અભાવે ગુજરાતની એક પેઢી બરબાદ થઈ ચુકી છે. જો તાકીદે પરિસ્થિતિ સુધારવામાં નહિં આવે તો આવનારી પેઢીને ગંભીર અસર થશે તે વાત ચોક્કસ છે. આ વાત પણ લોકશાહી બચાવો સંસ્થા અભિયાને કરી છે. સંસ્થાએ એવું પણ જણાવેલ છે કે સરકાર ધીમે ધીમે શિક્ષણને ખાનગી સંસ્થાઓના હવાલે કરી રહી છે અને પોતાની જવાબદારીમાંથી હાથ ઊંચા કરી રહી છે. ત્રણ વર્ષના નિયમ પ્રમાણે વર્ષ ૨૦૧૮ માં ફરી સ્ટાઈપેન્ડમાં વધારો થવો જોઈએ. વિદ્યાર્થી આલમના કહેવા પ્રમાણે આ વધારો થાય તેવું લાગતું નથી. વિદ્યાર્થી આલમના કહેવા પ્રમાણે પી.જી.માં પ્રવેશ લીધો ત્યારે રૂા. ૨૫ હજાર ફી લેવામાં આવી હતી. નિયમ પ્રમાણે માત્ર ૧૬૦૦ રૂપિયા ફી લેવાની હોય છે. અખંડાનંદ આયુર્વેદ કોલેજ યુનિવર્સિટી સાથે જોડાયેલી છે. તે જામનગર યુનિવર્સિટીમાં તપાસ કરતાં તેમના દ્વારા આવી કોઈ ફી ઉઘરાવવામાં આવી ન હોવાનું જણાવાયું હતું. વિદ્યાર્થીઓ આર.ટી.આઈ. કરીને વિગતો માંગતા તમામ વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવેલ ૫ લાખ ૨૬ હજાર રૂપિયા જેટલી રકમ મેડીકલ એન્ડ પબ્લિક હેલ્થમાં જમા કરાવી દીધી હોવાનું બહાર આવ્યું હતું. ખરેખર તો વિદ્યાર્થીઓ પાસેથી ગેરકાયદે ઉઘરાવેલી રકમ પરત આપવી જોઈએ. આ અંગે રજુઆતો કરવા છતાં કોઈ ઉકેલ ન આવતાં પી.જી.ના વિદ્યાર્થીઓએ હડતાલ પાડી દીધી હતી.

અધ્યાપકો સરકારની વ્યાજબી ટીકા ના કરે ને સરકાર કરે તે પ્રમાણે જ કામ કરે તેવા ઈરાદાથી કશો સંવાદ કર્યા વિના વિધાનસભામાં વિરોધ પક્ષની ગેરહાજરીમાં ગુજરાત રાજ્ય ઉચ્ચ શિક્ષણ પરિષદ ઉભી કરી દેવામાં આવી છે. જેમાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે ખાનગી સહિતની તમામ યુનિવર્સિટીઓમાં કોઈપણ અજ્યુકેશન કાઉન્સિલ બદલી સરકાર કહી શકે તેવી જોગવાઈ કરવામાં આવી છે. કાઉન્સિલના કોઈ નિર્ણયને કોર્ટમાં પડકારી શકાશે નહિં તેવી વ્યવસ્થા રાખવામાં આવી છે. કેમ કે કાઉન્સિલના મુખ્ય અધ્યક્ષ તરીકે મુખ્યમંત્રી છે એટલે સરકાર પોતાની મરજી અનુસાર આ બધું ચલાવશે તેવું કહી શકાય. સ્ટાઈપેન્ડ અને ફીના મામલે અખંડાનંદ કોલેજના ૧૦૦ જેટલા છાત્રો હડતાલ પર ઉતરી ગયા છે, આ વિદ્યાર્થીઓ આવી હકીકત રાજ્ય સરકાર સમક્ષ જણાવી હોવા છતાં કોઈ ઉકેલ આવ્યો નથી. દર ત્રણ વર્ષે સ્ટાઈપેન્ડમાં વધારો થવો જોઈએ. પરંતુ તે કરાયો નથી જે બાબતે સરકારે વિદ્યાર્થીઓના પ્રશ્નોને સમજવા જોઈએ.

## યોગ્ય પાર્ટનગર મળશે તો પ્રિયંકા ચોપડા લગ્ન કરશે

મુંબઈ

ક્રિસમસ અને નવા વર્ષની ઉજવણી કરવા માટે પહોંચેલી પ્રિયંકા ચોપડાએ સાફ શબ્દોમાં કહ્યુ છે કે જો તેના લાયક યોગ્ય પાર્ટનર મળશે તો લગ્ન કરી લેશે. તે હાલમાં પોતાની બોલિવુડ અને હોલિવુડમાં સફળતાને લઈને ભારે ખુશ છે. પ્રિયંકા ચોપડાએ માહિતી આપતા કહ્યુ છે કે તે અનુષ્કા શર્મા અને વિરાટ કોહલીના લગ્નને લઈને ખુશ છે. બન્નેને તે શુભેચ્છા પાઠવી ચુકી છે. હોલિવુડથી હાલમાં મુંબઉ પહોંચેલી પ્રિયંકા ચોપડાએ વિગત આપતા કહ્યુ છે કે યોગ્ય પાર્ટનરની તે શોધમાં છે. એક એવોર્ડ કાર્યક્રમમાં ભાગ લેવા માટે પહોંચેલી પ્રિયંકા ચોપડાનુ રેડ કાર્પેટ પર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતુ. પ્રિયંકા ચોપડાએ કહ્યુ છે કે તેને હજુ સુધી તેના લાયક પાત્ર મળ્યો નથી. પ્રિયંકા કહે છે કે લગ્નના પ્રશ્નને જેમ તેમ પુછી લેવાની કોઈ જરૂર નથી. તે હાલમાં યોગ્ય સાથીની શોધમાં છે. લગ્ન કોઈ પ્લાન કરીને કરવાની ચીજ નથી. યોગ્ય પાત્ર મળી જશે તો તે લગ્ન કરી લેશે. પદ્માવતિ ફિલ્મની રજૂઆત અટવાઈ ગયા બાદ તમામ કલાકારો પોત પોતાની પ્રતિક્રિયા આપી રહ્યા છે. સંજય લીલાની ફિલ્મને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે.

**આત્મચિંતન**

## આપણી આર્થિક તકલીફો કેવી રીતે દૂર થાય ?

કેટલા દુઃખની વાત છે કે આપણે આપણા વ્યક્તિગત ખર્ચ, આવશ્યકતાઓ તથા આવક ખૂબ જ વધારી લીધી છે. જ્યારે તમે પૈસા માટે બીજાની સામે હાથ ફેલાવો છો ત્યારે યાદ રાખો કે તમે બીજાની મજૂરી હડપન માંગો છો. સાથે જ પોતાની આત્મપ્રતિષ્ઠા,પૌરૂષ, સન્માન, પ્રસન્નતા પણ બીજાના હાથોમાં વેચોછો. માંગવાની આપણી ચરિત્રની કમજોરી અને દીનતા પ્રગટ થાય છે ? માંગતું દરેક દ્રષ્ટીએ લાંછન છે. સજ્જન વ્યક્તિ ભૂખ્યો રહીને દિવસ કાપી નાંખે છે પરંતુ કોઈની સામે હાથ નથી ફેલવતો. જે લોકો રૂપિયા ઉધાર લઈને ઉત્સવ અને મેળામાં વ્યય કરે છે, તે પોતાની સાથે મોટા અત્યાચાર કરે છે.

પોતાના ચરિત્રનું નિર્માણ એવી રીતે કરો કે યોગ્ય જરૂરિયાતોની પૂર્તિ માટે ક્યારે પૈસાની ઉણપ ના વર્તાય અને વ્યર્થની વિલાસમયી જરૂરિયાતો માટે ધન ખર્ચવાની જરૂર ના જણાય. પૈસાનું કામ, થોડીવારના આનંદ કે મોજ માટે નહિ પરંતુ મનુષ્યની શારીરિક, માનસિક, આર્થિક, સામાજીક, નૈતિક અને અધ્યાત્મિક સ્થિતિને ઉંચી ઉઠાવવાનું છે. નકામો ખર્ચ એ એક રોગ છે.ઓછી આવકથી ના ડરો પરંતુ સાવધાનીથી વ્યવસ્થાપૂર્વક ખર્ચ કરીએ.

સાવધાનીથી બજેટ બનાવીને જરૂરિયાતોને મર્યાદિત કરી, સંયમિત અને વ્યવસ્થિત જીવન વ્યતીત કરવુ એ જીવનમાં દક્ષતાનું રહસ્ય છે.

**- ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## ફયૂચર સ્ટાર્સ પ્રોગ્રામ સાથે પનાભ સ્પોર્ટની જોરદાર સફળતા




અમદાવાદ

પ્રિમિયર બેડમિન્ટન લીગની નવા ફ્રેન્ચાઈઝ – અમદાવાદ સ્મેશ માસ્ટર્સ પ???નાભ સ્પોર્ટ (પ???નાભ ઈન્ડસ્ટ્રીસ સંપૂર્ણ માલિકીની) એ ગુજરાત રાજયમાં સ્પોર્ટ માટે ગ્રાસરૂટ (જમીની સ્તર પર) પહેલ સફળરીતે યોજી હતી. ગુજરાત બેડમિન્ટન એસોસીએસનના સહયોગમાં ફ્રેન્ચાઈઝ એ યુવા પ્રતિભાઓની શોધ માટે અમદાવાદ સ્મેશ માસ્ટર્સ ફયૂચર સ્ટાર પ્રોગ્રામનું આયોજન કર્યુ હતું. આ અંતર્ગત પ્રથમ ટુર્નામેન્ટ અમદાવાદમાં રાજપથ ખાતે યોજાઈ હતી, જેમાં અન્ડર ૧૩ અને અન્ડર ૧૫ બોયસ અને ગર્લ્સ કેટગરીમાં સિંગલ અને ડબલ્સમાં ૧૬૦ કરતા વધારે સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

## ટેલિનોર એ ગુજરાતમાં તેના નવા ગ્રાહકો માટે વધારે સમય માન્યતા ધરાવતી અમર્યાદિત ઓફર રજુ કરી




અમદાવાદ

ટેલિનોરે ગુજરાતમાં તેના ગ્રાહકો માટે રૂ.૨૯૮ નું પ્રથમ રિચાર્જ વાઉચર લોન્ચ કર્યુ છે. આ પ્રોડકટ સાથે સબસ્ક્રાઈબર્સ કોઈ પણ ડિવાઈસ પર અમર્યાદિત લોકલ અને એસટડી કોલિંગની મઝા ૮૪ દિવસો માટે માણી શકશે. વર્તમાન ગ્રાહકોને આ ઓફરનો લાભ એસટીવી ૨૯૯ સાથે મેળવી શકે છે.

આ નવીન પ્રોડકટસ અને પેક લોન્ચ કરતા ટેલિનોર ઈન્ડીયાના ગુજરાતના સર્કલના બિઝનેસ હેડ સુધાંશુ સિંહાએ કહયું ''અમે અમારા ગ્રાહકોને કિફાયતી અને નાંણાનું પૂર્ણ મુલ્ય આપતી યોગ્ય ઓફર આપી તેમને મહત્તમ સંતોષ આપવા માટે પ્રયત્નશીલ હોઈ છીએ.

એફઆરસી ૨૯૮ સાથે, અમે અમર્યાદિત લોકલ અને એસટીડી કોલિંગનો લાભ સાથે ૮૪ દિવસોની સમય મર્યાદાનો લાભ પ્રદાન કર્યો છે. આ પ્રોડકટના સબસ્ક્રાઈબર્સને ઝઝંટવિહિન અનુભવ કિફાયતી કિંમતે મળે છે.''

## મહિન્દ્રા ફર્સ્ટ ચોઈસ વ્હીલ્સે વિપ્રો લિમીટેડની ભાગીદારીમા કનેકટ ફર્સ્ટની રજુઆત



ભારતની નંબર ૧ મલ્ટી બ્રાન્ડ સર્ટીફાઈડ યુઝડ કાર કંપની મહિન્દ્રા ફર્સ્ટ ચોઈસ વ્હીલ્સ લિમીટેડે ફરી એકવાર અગ્રણી ભુમિકા નિભાવતા પ્રિ - ઓન્ડ કાર માટે કનેકટ ફર્સ્ટ ની શરુઆત કરવામાં આવી છે. એક કનેકટેડ કાર ઉપકરણ જેને તમારી કારને એક સ્માર્ટ ઉપકરણમાં તબ્દીલ કરવા માટે ડિઝાઈન કરાયુ છે .એમએફસીડબલ્યુએલ દ્વારા અભિકલ્પિત આ ઉપકરણ સુચના ટેકનીક , કન્સલ્ટીંગ,એવં બિઝનેસ પ્રોસેસ સેવાઓ પ્રદાન કરવા વાળી એક શીર્ષ વૈશ્વિક કંપની વિપ્રો લિમીટેડે વિકસિત કર્યુ છે. કનેક્ટ ફર્સ્ટ એમએફસી ડબલ્યુએલ ના દેશમાં ૭૦૦થી વધુ શહેરોમાં સ્થિત ૧૫૦૦થી વધુ ફ્રેન્ચાઈઝી આઉટલેટમાં ઉપલબ્ધ બનશે.

## પ્રદૂષિત હવાના સંસર્ગમાં રહેવાથી કરેલી કસરતનો લાભ ભૂંસાઈ જાય છે : અભ્યાસ

પ્રદુષિત હવાના સંસર્ગમાં રહેવાનું થાય તો એનાથી તમે કરેલી કસરતનો લાભ ભૂંસાઇ જાય છે. આ વાત પ્રોહોમા વધુ લાગુ પડે છે. અમેરિકાની ડયુક યુનિવર્સિટીના પ્રોફેસરોએ પહેલવહેલી વાર પ્રદુષણની હેલ્થી તેમ જ રોગિષ્ઠો પર થતી નકારાત્મક અસરનો સ્ટડી કર્યો છે. કોર્નિક ઓબ્સ્ટ્રકિટવ પલ્મનરી ડિસીઝ અથવા તો કોરોનારી હાર્ટ-ડિસીઝ જેવા હૃદય અને ફેફસાનાં દર્દીઓ તેમજ હેલ્થી લોકો બન્ને પ્રદુષિ હવાનો કારણે માઠી અસર થાય છે. અભ્યાસકર્તાઓએ નોંધ્યુ છે કે તમે નિયમિત કસરત કરતા હો તો પણ જો સતત બે કલાક ટ્રાફિકના ધુમાડામાં રહેવાનું થાય તો કસરતને કારણે થયેલી પોઝિટિવ અસર નાબુદ થઈ જાય છે.

ખાસ કરીને હૃદય અને ફેફસાંના દર્દીઓનમાં પ્રદુષણને કારણે આવું વધુ થાય છે. અભ્યાસકર્તાઓએ ૬૦ વર્ષથી મોટી વયના ૧૧૯ વોલન્ટિયર્સ પર સ્ટડી કર્યો હતો. એમાં કેટલાક હાર્ટના દર્દી હતા, કેટલાક ફેફસાંના દર્દી હતા અને કેટલાક સ્વાસ્થ્ય હતા. પ્રૌઢાવસ્થામાં ચાલવું એ બેસ્ટ એકસરસાઈઝ મનાય છે. આ તમામ લોકોને દિવસ દરમ્યાન કુલ બે કલાક ચાલવાનું કહેવામાં આવ્યું.

ચાલતા પહેલા દરેકની ફેફસાની ક્ષમતા, બ્લડ-પ્રેશર, લોહીનો પ્રવાહ અને રકવાહિતીનીઓની સ્ટિફનેસ જેવા પરિબળો નોંધવામાં આવ્યા હતા. જે વોલન્ટિયર્સ બીઝી સ્ટ્રીટમાં ટ્રાફિકની વચ્ચે ચાલ્યા તેમને ચાલવાનો લગભગ ૧૮ ટકા જેટલો જ ફાયદો થયો. જે લોકો ટ્રાફિક વિના, કુદરતી સ્થળોએ ચાલ્યા તેમના તમામ પરિબળોમાં ૨૪ ટકા જેટલો સુધારો જોવા મળ્યો એટલું જ નહીં, આ અસર ૨૪ કલાક સુધી રહી. ટૂંકમાં એવુ કહી શકાય કે પ્રદુષણયુકત વાતાવરણ એકસરસાઈઝની અસર ઘટાડી દે છે.

## પ્રીમિયર સ્કુલ લીગ પાછી આવી રહી છે કબડ્ડી ટુર્નામેન્ટ સાથે, ધ અરેના બાય ટ્રાન્સસ્ટેડિયા ખાતે



અમદાવાદ

યુ-૧૪ પ્રીમિયર સ્કુલ લીગની સફળતા બાદ : ફુટબોલ, ટ્રાન્સસ્ટેડિયા યુ-૧૪ કબડ્ડી લોન્ચ કરે છે. સોળ શાળાઓ વિજેતા ટ્રોફીને ઘરે લઈ જવા માટે લડશે. આ લીગનો હેતુ અમદાવાદના તમામ શાળાઓના રમતવીરોને વિવિધ રમતોની ટુર્નામેન્ટમાં સ્પર્ધા કરવા માટે ફિટનેસ અને વેલનેસને પ્રોત્સાહન આપવા માટે ધ્યાન કેન્દ્રિત કરવાનો છે. તે વર્લ્ડ ક્લાસ સુવિધામાં રમતી વખતે તેમની પ્રતિભાને પ્રમોટ કરવા માટે શાળાઓ માટે સ્પર્ધાત્મક મંચ તરીકે કામ કરશે.

આ લીગ ૧૯ ડિસેમ્બરથી ૨૧ ડિસેમ્બર, ૨૦૧૭ સુધી ધ અરેના બાય ટ્રાન્સસ્ટેડિયા ખાતે યોજાશે. પ્રીમિયર સકુલ લીગમાં ભાગ લેનારી ૧૬ ટીમોને ચાર-ચારના ગ્રુપમાં વહેંચવામાં આવી છે. 'ગ્રુપ-એ'માં ગંગાબા સ્કુલ, જ્યોતિ વિદ્યાવિહાર, આનંગ નિકેતન શીલજ અને પ્રગતિ સ્કુલનો સમાવેશ થાય છે. 'ગ્રુપ-બી'માં રચના સ્કુલ, બીજે તોમર હિન્દી પ્રાથમિક શાળા, સીએન કિશોર વિદ્યાલય અને કુમકુમ ઈગ્લિશ મીડિયમનો સમાવેશ થાય છે.

## O3+ એ રિવોલ્યુશનરી ફ્લુઈડ ફેશિઅલ લોન્ચ કર્યું




O3+ , અગ્રણી ભારતીય વ્યાવસાયિક, સ્કીન કેર બ્રાન્ડ, તેની અનન્ય શોધ ધ ફ્લુઈડ ફેશિઅલના કારણે ભારતની સ્કીન કેર ઈન્ડસ્ટ્રીમાં ક્રાંતિ આણે છે. સ્કીન કેરની કળામાં નવીનીકરણ- ફ્લુઈડ ફેશિઅલ સૌંદર્ય અને સુખાકારી ક્ષેત્રને પરિવર્તિત કરવા માટે તૈયાર છે. ફ્લુઈડ ફેશિઅલ આવશ્યક પ્રોટીન, વિટામિન્સ અને મિનરલ્સથી ભરપૂર છે, કે જે ઓક્સી-જેટ સ્પ્રેનો ઉપયોગ કરી ને ચામડી પરના કોઈપણ પ્રકારના દૂષણને દૂર કરે છે. ફ્લુઈડ ફેશિઅલ ત્વચા માટે ઉચ્ચ અને ત્વરિત અસર દર્શાવતું ફેશિઅલ છે. પ્રથમ ઉપયોગમાં જ આ ફ્લુઈટ ફેશિઅલની ચહેરા પર અસર દેખાય છે.

## દાઉદી વ્હોરા લોકો પાંચ દિવસીય 'અપલિફટ' ડ્રાઈવમાં અન્યોને મદદરૂપ થવા એકસાથે આગળ આવ્યા

અમદાવાદ

સમાજની સ્વસ્થતા અને વાઈબ્રન્સી મૂળભૂત જરૂરિયાતો જેમકે, ભોજન, આરોગ્ય સેવાઓ, શિક્ષણ, પીવાનું પાણી, સેનિટેશન અને એફોર્ડેબલ હાઉસીંગની ઉપ લબ્ધતા અને સરળતા સુનિશ્ચિત થાય એ જરૂરી હોય છે. આ સાોશિયો-ઈકોનાોમિક એસેન્શિયલ્સ સાથે દાઉદી વ્હોરા સમુદાય એકસાથે મળીને તેના ત્રીજા વાર્ષિક પાંચ દિવસીય અપલિફટમેન્ટ ડ્રાઈવનો પ્રારંભ કરે છે. આ પાંચ દિવસીય કાર્યક્રમનો પ્રારંભ ૨૧ ડિસેમ્બર, ૨૦૧૭થી થઈ રહ્યો છે જેનો હેતુ સમુદાય સહિત સમાજના સભ્યોની સુખાકારીમાં સુધારો કરવાનો છે. ગત મહિને પ્રોફેટ મોહમ્મદના જન્મદિનથી આ અંગે તૈયારીઓ ચાલુ કરવામાં આવી હતી. તેમના દ્વારા અપાયેલા ઉપદેશ મુજબ કે અન્યોને કે જેઓ ગરીબ છે, પછાત છે તેમના પ્રત્યે ઉદારતા દાખવવી એ જ આ ડ્રાઈવનો મુખ્ય હાર્દ છે. વિશ્વભરમાં પછાત લોકોને, ગરીબ લોકોને ભોજન વિતરણ હિતના અનેક પગલાં લેવામાં આવશે જેમાં સાથે ફ્રી મેડિકલ કેમ્પ્સનું પણ આયોજન છે. જેમાં બ્લડ પ્રેશર અને ડાયાબિટીસ, રસીકરણ અને આંખ તથા દાંતના ચેકઅપની સુવિધાઓ રખાઈ છે.

# અન્યો પર નિર્ભર ન રહો

**કથાસાગર**

એક ચકલીએ એક ખેતરમાં ઊભા પાક વચ્ચે માળો બનાવી ઈંડાં મૂક્યાં. સમય જતાં તેમાંથી બે બચ્ચાં નીકળ્યાં. ચકલી દાણા માટે રોજ આજુબાજુ ઉડતી રહેતી. આ દરમ્યાન તેનાં બચ્ચાં એકલાં રહેતાં. ચકલી પાછી આવે ત્યારે બચ્ચાં ખુશ થતાં અને તેણે લાવેલ દાણા ખાતાં. એક દિવસે ચકલીએ જોયું કે બચ્ચાં બહુ ડરી ગયાં છે. તેમણે કહ્યું, 'આજે ખેતરનો માલિક આવ્યો હતો. તે કહેતો હતો કે પાક તૈયાર થઈ ગયો છે. કાલે પુત્રોને પાક લણવાનું કહી દેશે. આ રીતે તો આપણો માળો તૂટી જશે. પછી આપણે ક્યાં રહીશું?' ચકલીએ જવાબ વાળ્યો, 'ચિંતા ન કરો, હજુ પાક નહિ લણાય.'

બીજા દિવસે ખરેખર કશું જ ન થયું અને બચ્ચાં બેફિકર બન્યાં. એક અઠવાડિયા બાદ બચ્ચાંએ ફરીથી ચકલીને ડરતા સ્વરે કહ્યું, 'ખેડૂત આજે પણ આવ્યો હતો. કહેતો હતો કે કાલે નોકરોને પાક લણવાનું કહી દેશે.' આજે પણ ચકલીએ બચ્ચાંને કહ્યું કે, 'કશું જ નહિ થાય, તમે ડરશો નહિ.' બીજા અઠવાડિયે બાળકોએ જણાવ્યું કે ખેડૂત આજે ફરી આવ્યો હતો અને કહી રહ્યો હતો કે પાક લણવામાં બહુ વિલંબ થઈ ગયો છે. કાલે તે ખુદ પાક લણી લેશે. આ સાંભળીને ચકલીએ બચ્ચાંને કહ્યું, 'કાલે ચોક્કસ પાક લણાઈ જશે.' તેણે તેનાં બચ્ચાંને ઉઠાવ્યાં અને સુરિક્ષત જગ્યાએ લઈ ગઈ. આશ્ચર્યમાં ગરકાવ બચ્ચાંએ તેને પૂછ્યું, 'મા, તને કઈ રીતે ખબર પડી કે ખેતર કાલે જ લણાઈ જશે?' એટલે ચકલીએ કહ્યું, 'જ્યાં સુધી માણસ કોઈ કામ માટે બીજાઓ પર નિર્ભર રહે છે, તો તે કામ પતવામાં શંકા રહે છે. પરંતુ જ્યારે તે કામને ખુદ પતાવવાનું નક્કી કરી લે છે તો ચોક્કસ પૂરું થાય છે. ખેડૂતે જ્યારે ખુદ ખેતર લણવાનું વિચાર્યું, ત્યારે જ નક્કી થઈ ગયું કે હવે પાક ચોક્કસ લણાઈ જશે.'

## આ ક્રિસમસમાં સ્વિઝ નુ શ્રેષ્ઠ મેળવો



ક્રિસમસ એવો સમય છે જેમા હવામાં પ્રેમ અને જાદુ છવાઈ ગયા છે. જયારે ક્રિસમસની ઉજવણી ઘણા દેશોમાં કમર્શિયલ બની ગઈ છે ત્યારે સ્વીટઝરલેન્ડ તેની પરંપરાને વળગી રહયુ છે. સ્વીઝ ક્રિસમસ એડવન્ટ (૩ ડીસેમ્બર ૨૦૧૭) થી એપિફેની (૬ જાન્યુઆરી ૨૦૧૮) સુધી ઉજવાય છે. ક્રિસમસ માર્કેટ સ્વીટઝરલેન્ડના દરેક શહેર અને ગામમાં છે અને આર્ટ અને ક્રાફટની વિશાળ શ્રેણી ઓફર કરે છે.

સ્વીટઝરલેન્ડમાં મોન્ટ્રેક્સ વિશાળ ફેરી ટેઈલ એમ્બિયન્સ ધારાવે છે અને ખુબજ સુંદર બજાર છે. બેઝલ - બેઝલ સ્વીટઝરલેન્ડનુ સૌથી મોટુ અને સૌથી બ્યુટીફુલ ક્રિસમસ સીટી છે. તહેવાર દરમિયાન બીલ્ડીગ અને બ્રિજ સુંદર રોશનીઓથી શણગારવામાં આવે છે.

સ્વીટઝરલેન્ડના સૌથી મોટા શહેર ઝયુરીચ નાણાકીય હબમાંથી વિન્ટરનુ સુંદર સજીલુ શહેર બનીજાય છે જે લાઈટ અને મ્યુઝીકથી છવાઈ જાય છે.

## સોની રજૂ કરે છે પોસાય તેવી પાવરફૂલ સ્પીકર સિસ્ટમ SA-D40 અને SA-D20

અમદાવાદ

સોની ઈન્ડિયાએ આજે સ્ટાઈલીસ્ટ અને પોસાય તેવી સ્પીકર સિસ્ટમ્સ SA-D40 અને SA-D20 દ્વારા તેની હોમ ઓડિયો લાઈન-અપનું વિસ્તરણ કર્યું છે. ઈનોવેશન ધરાવતી આ નવી એડિશન્સમાં પાવરફૂલ સાઉન્ડ, સ્ટ્રોન્ગ બાસ અને વધુ કનેક્ટિવિટીની સાથે ટેલિવિઝન અને સ્માર્ટ ફોનના ઉપયોગ માટે અનોખી ડિઝાઈન પૂરી પાડવામાં આવી છે.

80W અને 60W ના ૪.૧ અને ૨.૧ ચેનલ અનુક્રમે જીછ-હ્૪૦ અને SA-D20 પાવર આઉટપુટ ધરાવતા મલ્ટી મિડિયા સ્પીકર આકર્ષક સાઉન્ડ એક્સ પિરિયન્સની ક્ષમતા ધરાવતા SA-D40's 4.1 અને SA-D20's 2.1ચેનલ સરાઉન્ડ સાઉન્ડ સિસ્ટમ અસરકારક બાસની સાથે સાથે વ્યાપક સાઉન્ડ ઈફેક્ટ પૂરી પાડીને ટેલિવિઝન જોવાનો ભિન્ન પ્રકારનો અનુભવ પૂરો પાડીને ઘરમાં સિનેમા જેવુ ઓડિયો વાતાવરણ સર્જે છે. સોનીની એકંદર ઓડિયો ટેક ક્ષમતા ધરાવતા આ સ્પીકર્સ સમૃધ્ધ ઓડિયો ક્વોલિટી દ્વારા સમતોલ અને સુનિશ્ચિત સાઉન્ડ પૂરો પાડે છે.

### વાર્ષિક અપલિફ્ટમેન્ટ ડ્રાઈવનો હેતુ ૬૫૦થી વધુ ભારતના નગરો અને શહેરોમાં તથા આંતરરાષ્ટ્રીય સ્તરે પરિવારોનાં હજારો લોકોને મદદ કરવાનો છે

૨૧૦૦૦થી વધુ કમ્યુનિટિ અધિકારીઓ અને સભ્યો કે જેમાં ધર્મગુરૂઓ અને કમ્યુનિટી પદાધિકારીઓ, ડોક્ટર્સ, વકીલો, એન્જિનિયર્સ, આર્કિટેક્ટ્સ, બિઝનેસમેન, હોમમેકર્સ અને વિદ્યાર્થીઓ ભારતના ૪૫૦થી વધુ નગરો અને શહેરોમાંથી અને વિદેશોના ૨૦૦ શહેરોમાંથી સામેલ થઈ રહ્યા છે. અનેક લોકો દેશમાં આ જ હેતુથી આવ્યા છે. સમાજના પ્રાઈમરી એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યુટ અલજામીયા તુસ સૈફિયાહના વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ વિશાળ સ્વયંસેવકોનું જૂથ બનાવ્યું છે. તેઓ સાથે મળીને સમુદાયના લોકોની મૂળભૂત જરૂરિયાતો કે જે ખાસ કરીને દાઉદી વ્હોરા સમુદાયના વડા અને ૫૩મા અલ-દાઈ અલ-મુતલાક હિઝ હોલીનેસ ડો. સૈયદના મુફદલ સૈફુદ્દિન જે બાબતો પર ભાર મૂકે છે તેના માટે કાર્યરત બનશે.

મુંબઈ ખાતે પોતાના સન્માનીય પિતા હિઝ હોલીનેસ ડો. સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીનની પૂણ્યતિથિ પ્રસંગે સૈયદના મુફદલ સૈફુદ્દીને સમુદાયના લોકોને પોતાના ઉપદેશમાં અપલિફટમેન્ટ ડ્રાઈવ માટે સમય આપવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. જેમાં તેમણે ખાસ આ વાત સમુદાયના બિઝનેસમેન અને પ્રોફેશનલ્સને કરી હતી કે જેથી જેઓ પોતાના માટે કરી શકે તેમ ન હોય એવા લોકો માટે મકાનો બનાવી શકાય. વધુમા, તેમણે યુવા પેઢીમાં પર્સનલ કાઉન્સેલિંગ કરીને સેનિટેશન વિશેની જાગૃતિ વધુમાં વધુ ફેલાવવા અંગે જણાવ્યું હતું.

સમુદાયના પ્રવક્તાએ કહ્યું હતું, 'અપલિફટમેન્ટ ડ્રાઈવ એ હિઝ હોલીનેસના વિવિધ શહેરો અને ગામોમાં પ્રવાસોનું ડાઈરેક્ટ પરિણામ છે જેમાં સમાજના કેટલાક લોકોની જીવનશૈલી અયોગ્ય હોવાનું નિહાળ્યું હતું.' તેમણે કહ્યું હતું,'ગુજરાતની વાત કરીએ તો અમદાવાદ, સુરત અને રાજકોટ જેવા શહેરો જ નહીં પણ નાના નગરો જેમકે જામનગર, મોરબી, માંડવી, ભરૂચ, ડેનમાલ, પાટણ, વાપી અને સિદ્ધપુરને પણ અપલિફટમેન્ટ ડ્રાઈવ અંતર્ગત આવરી લેવામાં આવશે.'

સિડનીથી આવેલા મેડિકલ સ્ટુડન્ટ યુસુફ નજમીએ સુરત અને તેની આસપાસના સાત ગામની તેના મલેશિયાથી આવેલા બે કઝીન્સ સાથે મુલાકાત લીધી હતી. તેમણે કહ્યું હતું, 'આપણા સમાજમાં ડાયાબિટીસ અને અન્ય જીવનશૈલી સંબંધિત બીમારીઓ અંગે લોકોમાં વધુ જાગૃતિ ફેલાવવા માટે સૈયદના ભાર આપી રહ્યા છે. મને લાગે છે કે આ અપલિફટમેન્ટ ડ્રાઈવ માત્ર એક પ્રસંગ નહીં પણ મારા માટે અન્યોને મદદ કરવાની મેડિકલ ટ્રેનીંગ ઉપરાંત એક વ્યક્તિ તરીકે અનેક લોકોની મુશ્કેલીઓ વિશે જાણકારી મેળવવાની તક છે. સૈયદનાના આ પ્રયાસથી સ્વયંસેવકો અને અન્યો કે જેઓ સેવા આપી રહ્યા છે બંને અપલિફટ થશે.'

એક મોબાઈલ એપ પણ ખાસ વિકસિત કરવામાં આવી છે જેનાથી સ્વયંસેવકોને જરૂરી સુચનાઓ મોકલવામાં આવશે અને સાથે નેટવર્ક અને ફિડબેક સિસ્ટમને મજબૂત બનાવાશે. આનાથી પાંચ દિવસના કાર્યક્રમ પછી જરૂરી ફોલોઅપ્સ માટે પણ મદદ મળશે.

## ભારતની વિરૂધ્ધ વનડે સીરીજમાં પરેરા શ્રીલંકાનો સુકાની રહેશે



ઓલરાઉન્ડર શિસારા પરેરા ભારતની વિરૂધ્ધ આગામી વનડે અને ટી ટવેન્ટી સીરીજમાં શ્રીલંકાનો સુકાની રહેશે.ભારત અને શ્રીલંકાની વચ્ચે ત્રણ વનડે મેચોની સીરીજ ૧૦ ડિસેમ્બરથી રમાશે જયારે બંન્ને ટીમો વચ્ચે ત્રણ ટી ટવેન્ટી મેચોની સીરીજ ૨૦ ડિસેમ્બરથી થશે થિસારા પરેરા હવે સીમિત ઓવોરની સીરીજમાં ઉપુલ થરંગાની જગ્યાએ ટીમનું સુકાની પદ સંભાળશે થરંગાના નેતૃત્વમાં શ્રીલંકાઈ ટીમનો આ વર્ષ ત્રણ સીરીજમાં સફાયો થયો છે શિસારા પરેરા ૨૦૧૭માં શ્રીલંકાના સાતમા સુકાની હશે તેમના પહેલા એજેલો મૈથ્યુજ લસિથ મલિંગા,રંગના હૈરાથ દિનેશ ચાંદીમલ ચમારા કાપુગેડરા અને ઉપુલ ખરંગા આ જવાબદારી સંભાળી ચુકયા છે. મૈથ્યુજે જયારે આ વર્ષ જુલાઈમાં શ્રીલંકાઈ ટીમની સુકાની છોડી હતી ત્યારે ચાંદીમલને ટેસ્ટ અને થરંગાને સીમિત ઓવરની ફોર્મેન્ટમાં ટીમના સુકાની બનાવવામાં આવ્યા હતાં.શ્રીલંકાના મુખ્ય પસંદગીકર્તા સનથ જયસૂર્યાએ પોતાના જુના જોડીદાર થરંગાને ટીમની બનાવ્યો પરંતુ તેના નેતૃત્વમાં ટીમનો દક્ષિણ આફ્રિકા, ભારત અને પાકિસ્તાનની વિરૂધ્ધ સફાયો થયો તેને કારણે ટીમને સીધુ ૨૦૧૯ વિશ્વકપમાં પ્રવેશ પર ખતરો પેદા થયો હતો.

## આઈસીસી અંડર-૧૯ વર્લ્ડકપ લોન્ચ : ન્યૂઝીલેન્ડમાં ટકરાશે ૧૬ દેશ




(જી.એન.એસ) વેલિંગ્ટન

ન્યૂઝીલેન્ડમાં તા. ૧૩ જાન્યુઆરીથી તા. ૩ ફેબ્રુઆરી દરમિયાન યોજાનારા આઈસીસી અંડર-૧૯ વર્લ્ડકપ-૨૦૧૮નું ગઈ કાલે અહીં અનાવરણ કરવામાં આવ્યું હતું. આ વર્લ્ડકપમાં ૧૬ ટીમ ન્યૂઝીલેન્ડનાં ચાર શહેરના સાત વેન્યૂ પર ખિતાબ માટે એકબીજા સામે ટકરાશે. આ લોન્ચિંગ કાર્યક્રમમાં ન્યૂઝીલેન્ડના રમતગમત પ્રધાન ગ્રાન્ટ રોબર્ટસન, આઈસીસીના મુખ્ય કાર્યકારી ડેવિડ રિચર્ડસન, ન્યૂઝીલેન્ડ ક્રિકેટના મુખ્ય કાર્યકારી ડેવિડ વ્હાઈટ અને ટૂર્નામેન્ટના બ્રાન્ડ એમ્બેસેડર કોરી એન્ડરસન હાજર રહ્યા હતા.

રિચર્ડસને આ પ્રસંગે જણાવ્યું, "આઈસીસી અંડર-૧૯ વર્લ્ડ ઘણી બધી રીતે ખાસ છે. આ વર્લ્ડકપને કારણે ખેલાડીઓને ટોચના સ્તરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં રમવાની તક મળે છે." એન્ડરસને કહ્યું, "આંતરરાષ્ટ્રીય ક્રિકેટર્સની કરિયરમાં આ વર્લ્ડકપની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહી છે. આનાથી શિસ્ત, નેતૃત્વ ક્ષમતા, દબાણમાં રમવાની અને ખેલભાવનાની શીખ છે."

## વર્લ્ડકપ ફૂટબોલ માટે ડ્રોની જાહેરાત

**ટીમ સ્પીરીટ**




જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે વર્લ્ડ કપ ફુટબોલ માટે ડ્રોની જાહેરાત કરવામાં આવ્યા બાદ કરોડો ચાહકોમાં ઉત્સુકતા વધી ગઈ છે. તમામ ભાગ લઈ રહેલી ટીમોને જુદા જુદા ગ્રુપમાં મુકી દેવામાં આવી છે. કેટલીક ટીમોને મુશ્કેલ ડ્રો મળ્યા છે. ગ્રુપ બીમાં છેલ્લી બે યુરોપિયન ચેમ્પિયન ટીમો સ્પેન અને પોર્ટુગલને રાખવામાં આવી છે. ગ્રુપ બીની મેચમાં સ્પેન તેની પ્રથમ મેચ પોર્ટુગલની સામે રમનાર છે. યજમાન રશિયાની ટીમ ગ્રુપ એમાં રહેશે. તેની સાથે જે ટીમો રહેલી છે તેમાં ઉરુગ્વે, ઈજિપ્ત અને સાઉદી અરેબિયાનો સમાવેશ થાય છે. આ ગ્રુપમાં સંતુલિત અને ખરા ટીમો છે. ગ્રુપ બીમાં પોર્ટુગલ, સ્પેનની સાથે ઈરાન અને મોરોક્કો જેવી ટીમો છે. ગ્રુપ સીમાં કેટલાક મજબુત હરીફ રહેલા છે. આ ગ્રુપમાં ફ્રાન્સ, પેરુ, ડેનમાર્ક અને ઓસ્ટ્રેલિયા જેવી ટીમો છે. ગ્રુપ ડીમાં આર્જેન્ટિના, ક્રોએશિયા, આઈસલેન્ડ અને નાઈજિરિયાની ટીમો છે. ગ્રુપ ઈમાં બ્રાઝિલ, સ્વીત્ઝર્લેન્ડ, કોસ્ટા રીકા અને સર્બિયા જેવી ટીમો રહેલી છે. ગ્રુપ એફમાં જે ટીમો છે તેમાં જર્મની, મેક્સિકો, સ્વીડન અને દક્ષિણ કોરિયા જેવી ટીમો છે.

જર્મનીની સામે આ ત્રણેય ટીમો પૈકી કોઈ ટીમ ટચકી શકે તેમ નથી. જર્મની આ ગ્રુપમાં હોટફેવરટી તરીકે છે. ગ્રુપ જીમાં બેલ્જિયમ, ઈંગ્લેન્ડ, ટયુનેશિયા અને પનામા જેવી ટીમો રહેલી છે. આવી જ રીતે ગ્રુપ એચમાં જે ટીમો છે

તેમાં પોર્ટુગલ, પોલેન્ડ, કોલંમ્બિયા, સ્વીડન અને જાપાન જેવી ટીમો છે. રસપ્રદ બાબત એ છે કે આ વખતે ઈટાલી જેવી શક્તિશાળી ટીમ વર્લ્ડ કપમાં પ્રવેશી શકી નથી. આ બાબત તમામ ફુટબોલ ચાહકોને હેરાન કરનાર છે. તેની ગેરહાજરીમાં કરોડો ચાહકોને એક સારી ટીમની મેચ જોવા મળશે નહી. આર્જેન્ટિનાને પણ વધારે મુશ્કેલ ગ્રુપ ન મળતા તેને રાહત થઈ છે. વર્લ્ડ કપને લઈને હવે ભારે રોમાંચ છે.

## સ્પોર્ટ્સ ક્વીઝ
ડો.પી.ડી.શર્મા

**સવાલ :**

૧.હાલમાંજ ચાઈના ઓપન સુપર બેડમીન્ટન ચેમ્પિયનશીપમાં ભારતની પી.વી.સીંધુ કઈ મહિલા ખેલાડી સામે હારી જવાથી ટુર્નામેન્ટની બહાર નીકળી ગઈ હતી ?

૨. અત્યાર સુધીમાં કયા ભારતીય બેડમીન્ટન ખેલાડીએ એક જ વર્ષમાં ઈન્ડોનેશીયા, ઓસ્ટ્રેલિયા, ડેનમાર્ક અને ફ્રેન્ચ ઓપન સુપર સીરીઝ ટાઈટલ જીતી છે ?

૩. હાલમાં જ એટીવી ટુરની સીઝનની આખરી ટુર્નામેન્ટમાં કયા ખેલાડીએ રોજર ફેડરરને સેમી ફાઈનલમાં હરાવીને ઈતિહાસ સર્જ્યો હતો ?

૪. વિશ્વમાં ટેસ્ટ ક્રીકેટમાં પાંચેય દિવસ બેટીંગ કરનાર પ્રથમ બેટસમેન કોણ ?

૫. હાલમાં જ એટીપી ટુરની સીઝનની આખરી ટુર્નામેન્ટ કયા ખેલાડીએ જીતી હતી ? કયા ખેલાડીને હરાવીને ?

૬.હાલમાં જ કોલકત્તા મુકામે શ્રીલંકા સામેની પ્રથમ ટેસ્ટમેચમાં સદી કરી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ટેસ્ટ અને વન-ડે માં મળીને ૫૦ સદી કરવાની સિદ્ધિ પ્રાપ્ત કરનાર ખેલાડી કોણ છે ?

૭. હાલમાં જ ભારતીય ક્રિકેટ બોર્ડ માન્ય ઈન્ટર સ્ટેટ અંડર ૧૯ મહિલા વન-ડે ટુર્નામેન્ટમાં નાગાલેન્ડની ટીમ કેટલા રનમાં આઉટ થઈ ગઈ હતી ? કયા રાજયની ટીમ સામે ?

૮. હાલમાં જ કઈ મહિલા ખેલાડીને હરાવીને પી.વી.સીંધુ હોંગકોંગ સુપર સીરીઝ બેડમીન્ટનની ફાઈનલમાં સતત બીજા વર્ષે પ્રવેશી હતી ?

૯. હાલમાં જ એશીયન કબડ્ડી ચેમ્પિયનશીપનું આયોજન કયાં કરવામાં આવ્યું હતું ?

૧૦. હાલમાં જ કયા ફુટબોલ ખેલાડીને યુરોપના ટોપ ગોલ સ્કોરર તરીકે ચોથી વખત 'ગોલ્ડન શુઝ' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો ?

૧૧. હાલમાં જ ભારતની પી.વી.સીંધુ હોંગકોંગ સુપર સીરીઝ બેડમીન્ટનની ફાઈનલમાં કઈ મહિલા ખેલાડી સામે હારી ગઈ હતી ?

૧૨. હાલમાં જ કયા દેશને હરાવીને ભારતે મેન્સ એશિયન કબડ્ડી ચેમ્પિયનશીપ જીતી હતી ?

૧૩. હાલમાં વિશ્વમાં ટેસ્ટ ક્રિકેટમાં સૌથી ટુંકા ગાળામાં પાંચ બેવડી સદી કરનાર ખેલાડી કોણ છે ?

**જવાબ:**

૧.હાલમાંજ ચાઈના ઓપન સુપર બેડમીન્ટન ચેમ્પિયનશીપમાં ભારતની પી.વી.સીંધુ ચીનની ફાન્ગીઝ સામે ૨૧-૧૧, ૨૧-૧૦ થી મહિલા ખેલાડી સામે હારી જવાથી ટુર્નામેન્ટની બહાર નીકળી ગઈ હતી.

૨. અત્યાર સુધીમાં કિદામ્બી શ્રીકાંત નામના ભારતીય બેડમીન્ટન ખેલાડીએ એક જ વર્ષમાં ઈન્ડોનેશીયા, ઓસ્ટ્રેલિયા, ડેનમાર્ક અને ફ્રેન્ચ ઓપન સુપર સીરીઝ ટાઈટલ જીતી છે.

૩. હાલમાં જ એટીવી ટુરની સીઝનની આખરી ટુર્નામેન્ટમાં બેલ્જીયમના ડેવીડ ગોફિન નામના ખેલાડીએ રોજર ફેડરરને સેમી ફાઈનલમાં હરાવીને ઈતિહાસ સર્જ્યો હતો.

૪. વિશ્વમાં ટેસ્ટ ક્રીકેટમાં પાંચેય દિવસ બેટીંગ કરનાર પ્રથમ બેટસમેન ભારતના એમ.જયસિમ્હા છે.

૫. હાલમાં જ એટીપી ટુરની સીઝનની આખરી ટુર્નામેન્ટ બુલ્ગેરીયાના ગ્રેગોર ડીમીટ્રો નામના ખેલાડીએ જીતી હતી.

૬.હાલમાં જ કોલકત્તા મુકામે શ્રીલંકા સામેની પ્રથમ ટેસ્ટમેચમાં સદી કરી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ટેસ્ટ અને વન-ડે માં મળીને ૫૦ સદી કરવાની સિદ્ધિ પ્રાપ્ત કરનાર ખેલાડી વિરાટ કોહલી છે.

૭. હાલમાં જ ભારતીય ક્રિકેટ બોર્ડ માન્ય ઈન્ટર સ્ટેટ અંડર ૧૯ મહિલા વન-ડે ટુર્નામેન્ટમાં નાગાલેન્ડની ટીમ ફકત બે રનમાં કેરાલા રાજયની ટીમ સામે આઉટ થઈ ગઈ હતી.

૮. હાલમાં જ થાઈલેન્ડની રાટચાનોક નામની મહિલા ખેલાડીને હરાવીને પી.વી.સીંધુ હોંગકોંગ સુપર સીરીઝ બેડમીન્ટનની ફાઈનલમાં સતત બીજા વર્ષે પ્રવેશી હતી.

૯. હાલમાં જ એશીયન કબડ્ડી ચેમ્પિયનશીપનું આયોજન ઈરાનમાં કરવામાં આવ્યું હતું.

૧૦. હાલમાં જ બાર્સેલોનાના આર્જેન્ટાઈન ફુટબોલર લાયોનેલ મેસીને ફુટબોલ ખેલાડીને યુરોપના ટોપ ગોલ સ્કોરર તરીકે ચોથી વખત 'ગોલ્ડન શુઝ' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

૧૧. હાલમાં જ ભારતની પી.વી.સીંધુ હોંગકોંગ સુપર સીરીઝ બેડમીન્ટનની ફાઈનલમાં તાઈપેઈની તાઈત્ઝુ પીંગ સામે ૧૯-૨૧, ૧૯-૨૧ થી મહિલા ખેલાડી સામે હારી ગઈ હતી.

૧૨. હાલમાં જ પાકીસ્તાન દેશને ૩૬-૨૨ પોઈન્ટની હરાવીને ભારતે મેન્સ એશિયન કબડ્ડી ચેમ્પિયનશીપ જીતી હતી.

૧૩. હાલમાં વિશ્વમાં ટેસ્ટ ક્રિકેટમાં સૌથી ટુંકા ગાળામાં પાંચ બેવડી સદી કરનાર ખેલાડી ભારતનો વિરાટ કોહલી છે.

-ડો.પી.ડી.શર્મા
(અમદાવાદ)

## ડેવિડ વોર્નર એક વર્ષમાં સાત સદી નોંધાવનાર બેસ્ટમેન

**ખેલના મેદાનમાંથી** કમલેશ કંસારા

એક વરસમાં સૌથી વધુ સદી બનાવવાનો રેકોર્ડ ભારતના સચિન તેંડુલકરના નામે છે. ૧૯૯૮માં ૩૪ મેચોની ૩૩ ઈનિંગ્સમાં ૬૫-૩૧ ની સરેરાશથી ૧૮૯૪ રન બનાવ્યા હતા. જેમાં નવ સદી અને સાત અર્ધસદીનો સમાવેશ થાય છે. એક વર્ષમાં કોઈ પણ બેસ્ટમેન દ્રારા સૌથી શ્રેષ્ઠ પ્રદર્શન છે.

સૌરવ ગાંગુલીએ ૨૦૦૦ની સાલમાં ૩૨ વન ડે મેચો રમતા, ૩૨ ઈનિંગ્સમાં સાત સદી અને છ અર્ધસદીની મદદથી ૫૬.૩૯ ની એવરેજથી ૧૫૭૯ રન નોંધાવ્યા હતા.

વર્ષ ૧૯૯૮માં સાત સદીની મદદથી ૧૮૯૪રન બનાવનાર સચિન તેંડુલકરે ૧૯૯૬માં ૩૨ વન ડે મેચોની ૩૨ ઈનિંગ્સમાં છ સદીની મદદથી ૧૬૧૧ રન બનાવ્યા હતા. અત્યાર સુધી છ વાર કોઈ બેસ્ટમેન દ્રારા એક વર્ષમાં છ કે તેથી વધુ સદીનો સ્કોર નોંધાવ્યો છે. એમાં બે વાર સચિન તેંડુલકરે બનાવ્યા છે. દક્ષિણ આફ્રિકાના ગૈરી કર્સ્ટને ૧૯૯૬માં અને રાહુલ દ્રવિડે ૧૯૯૯માં ૬-૬ સદીઓ નોંધાવી હતી.

ડેવિડ વોર્નરે ન્યુઝીલેન્ડ વિરુધ્ધ ૬ ડીસેમ્બર ૨૦૧૬ના રોજ કેનબરા ખાતે રમાયેલ બીજી વન-ડેમાં ૧૪૯ મિનિટમાં ૧૧૫ બોલ રમીને ૧૪૮૪ અને ૧૮૬નિ મદદથી ૧૧૯ રન બનાવ્યા. જે ૮૭ વનડે મેચમાં ૮૫ ઈનિંગ્સમાં ૧૦ મી સદી હતી. ૧૦ કે તેથી વધુ સદી નોંધાવનાર ઓસ્ટ્રેલીયાનો પાંચમો અને વિશ્વનો ૪૩ મો ખેલાડી બનેલ.

પેંડિગટનમાં ૨૭ ઓકટોબર, ૧૯૮૬ના રોજ જન્મેલ ડેવિડ વોર્નરે ઓસ્ટ્રેલીયામાં રમાયેલ ૪૫ વનડે મેચોની ૪૪ ઈનિંગ્સમાં સાત સદી નોંધાવી છે. જયારે ઓસ્ટ્રેલિયાની બહાર ૪૩ વનડે મેચોની ૪૨ ઈનિંગ્સમાં ચાર સદી નોંધાવી છે. ડેવિડ વોર્નરે સૌથી ઓછી ઈનિંગ્સમાં ૧૦ સદી નોંધાવનાર બેસ્ટમેનની યાદીમાં ચોથા ક્રમે આવે છે.

સૌથી ઓછી વનડે મેચોમાં ૧૦ સદી બનાવવાનો રેકોર્ડ ક્વિંટણ ડી.કોકના નામે છે. જેણે ૫૫ મેચોની ૫૫મી ઈનિંગ્સમાં નોંધાવી છે. એણે અત્યાર સુધી ૨૨૮૮ રન ૪૪-૦૦ ની એવરેજ સાથે બનાવ્યા છે.

દક્ષિણ આફ્રિકાના હાશિમ અમલાએ ૫૯મી વન ડે મેચની ૫૭મી ઈનિંગ્સમાં પોતાની કેરિયરની ૧૦મી સદી નોંધાવી છે. એ મેચના અંત સુધી અમલાએ ૫૮.૫૮ની એવરેજથી ૩૦૩૧ રન નોંધાવ્યા છે.

ભારતના વિરાટ કોહલીએ પોતાની દસમી સદી ૮૩મી વન-ડે મેચની ૮૦ ઈનિંગ્સમાં નોંધાવી હતી અને તે સૌથી ઝડપી ૧૦ સદી બનાવનાર બેસ્ટમેનોની યાદીમાં ત્રીજા ક્રમે આવે છે. વિરાટ કોહલીએ આ મેચ સુધીમાં ૪૮-૪૨ ની સરેરાશથી ૩૩૪૧ રન નોંધાવ્યા છે.

વેસ્ટ ઈનિંગ્સના ગોર્ડન ગ્રીનીજે ૧૦૦મી મેચની ૯૯ મી ઈનિંગ્સમાં પોતાની ૧૦મી સદી નોંધાવી હતી. ગ્રીનીજે આ ઈનિંગ્સના અંત સુધીમાં ૪૬-૯૩ની એવરેજથી ૪૧૭૭ રન બનાવ્યા હતા.

વન ડે ક્રિકેટમાં ચારવાર ડેવિડ વોર્નરે ૧૫૦ થી વધુ રનની "હૈઈનિંગ્સ રમી છે. અફઘાનિસ્તાન વિરુધ્ધ પર્થમાં ૪ માર્ચ, ૨૦૧૫ ના રોજ ૧૬૪ મિનિટમાં ૧૩૩ બોલ રમીને ૧૯ ૮ ૪ અને ૫ ૮ ૬ ની મદદથી ૧૭૮ રન બનાવ્યા હતા. જે વોર્નરેનો સર્વશ્રેષ્ઠ વ્યક્તિગત જુમલો છે.

ડેવિડ વોર્નરેને માટે ૨૦૧૬નું વર્ષ ઘણું જ સફળ વર્ષ રહ્યું હતું. વોર્નરે ૨૩ મેચોની ૨૩ ઈનિંગ્સમાં ૬૩.૦૯ની એવરેજથી ૧૩૮૮ રન નોંધાવ્યા હતા. જેમાં સાત સદી અને ચાર અર્ધસદીનો સમાવેશ થાય છે.

ડાબોડી બેસ્ટમેન ડેવિડ વોર્નર ઓસ્ટ્રેલિયાનો ઓપનીંગ બેસ્ટમેન ગણાય છે. વોર્નરે પોતાની કેરિયરના પ્રથમ વર્ષમાં જ એક કેલેન્ડર વર્ષમાં ૧૦૦૦ રન થી વધુ રન નોંધાવ્યા હતા. વર્ષ ૨૦૧૫ સુધી ડેવિડ વોર્નરે જે ૬૫ વન – ડે મેચો રમી હતી એમાં ૬૩ ઈનિંગ્સમાં ચાર સદી અને ૧૨ અર્ધશતક ની મદદથી ૩૫.૯૧ ની સરેરાશની ૨૧૯૧ રન નોંધાવ્યા હતા.

૨૦૧૬ ના વર્ષમાં સર સદી નોંધાવનાર વિશ્વનો ત્રીજો બેસ્ટમેન બનેલ છે કે જેમણે વર્ષમાં સાત કે તેથી વધુ સદી નોંધાવી હય.

અત્યાર સુધી ૪૩ બેસ્ટમેનોએ વન – ડે ક્રિકેટમાં ૧૦ કે તેથી વધુ સદી બનાવી છે.

૬ વાર એવું બન્યું છે જે જયારે એક વર્ષમાં કોઈ બેસ્ટમેન દ્રારા છ થી વધુ સદી નોંધાવી છે.

પાંચ બેસ્ટમેનોએ ઓસ્ટ્રેલિયાને માટે ૧૦ કે તેથી વધુ સદી નોંધાવી છે.

૪ વાર ડેવિડ વોર્નરે એક ઈનિંગ્સમાં ૧૫૦ કે તેથી વધુ રનનો વ્યક્તિગત જુમલો નોંધાવ્યો છે.

૩ બેસ્ટમેન દ્રારા એક વર્ષમાં ૭ કે તેથી વધુ સદી બનાવવામાં સફળ થયા છે.

-કમલેશ કંસારા

## વિરાટે ઓસ્ટ્રેલિયા સામેની એડિલેડ સદીને ગણાવી સૌથી ખાસ

**ટર્નીંગ પોઈન્ટ**

ભારતીય કેપ્ટન વિરાટ કોહલીનું માનવું છે કે વર્ષ ૨૦૧૪માં ઓસ્ટ્રેલિયા સામે એડિલેડમાં ૧૪૧ રનની ઈનિંગ્સ તેના માટે સૌથી ખાસ સદી હતી. તેણે કહ્યું કે આ સદીથી તેની કેપ્ટનશિપમાં ટીમનો આત્મવિશ્વાસ વધ્યો અને એનાથી ટીમના વર્તમાન સ્વરૂપનો પાયો નખાયો. હાલ આ ટીમ વિશ્વની શ્રેષ્ઠ ટીમોમાંની એક છે. જોકે ભારતીય ટીમ એ મેચ જીતી શકી નહોતી અને ૩૬૪ રનના લક્ષ્યનો પીછો કરતા ૩૧૫ રનમાં ઓલઆઉટ થઈને ૪૮ રને હારી ગઈ હતી.એક એવોર્ડ કાર્યક્રમમાં સન્માનિત થયા બાદ કોહલીએ કહ્યું, "મને લાગે છે કે એડિલેડમાં બીજી ઈનિંગ્સમાં એ સદીથી ફેરફારનો તબક્કો શરૂ થયો. ત્યારે અમે લગભગ મેચ જીતી ચૂક્યા હતા. એ મેચમારા માટે બહુ ખાસ છે. એ મેચને હું હંમેશાં યાદ રાખીશ. સહજ રીતે જ મને વિચાર આવ્યો કે મારે ટીમ સાથે વાત કરવી જોઈએ. મેં ચોથા દિવસની રમત બાદ ખેલાડીઓ સાથે વાત કરી, ત્યારે ઓસ્ટ્રેલિયાએ ઈનિંગ્સ ડિકલેર નહોતી કરી. મેં ખેલાડીઓને કહ્યું કે તેઓ આપણને જે પણ લક્ષ્ય આપે, આપણે તેનો પીછો કરીશું."કોહલીએ અંતમાં જણાવ્યું, "ખેલાડીઓને મારી વાત સામે વાંધો નહોતો." એ મેચમાં કોહલી ઈજાગ્રસ્ત મહેન્દ્રસિંહ ધોનીના સ્થાને ટીમનું નેતૃત્વ સંભાળી રહ્યો હતો.ભારતીય કેપ્ટન વિરાટ કોહલી વન ડે અને ટી-૨૦ બાદ ટેસ્ટ ક્રિકેટમાં પણ એક પછી એક રેકોર્ડ્સ બનાવી રહ્યો છે. શ્રીલંકા સામે બીજી ટેસ્ટ મેચમાં તેણે શાનદાર બેવડી સદી ફટકારી હતી. આ સાથે જ તેણે કેપ્ટન તરીકે સૌથી વધુ બેવડી સદી ફટકારવાના બ્રાયન લારાના રેકોર્ડની બરોબરી કરી લીધી હતી, પરંતુ આવતી કાલથી શરૂ થઈ રહેલી શ્રીલંકા સામેની શ્રેણીની ત્રીજી અને અંતિમ ટેસ્ટમાં વિરાટ પાસે વધુ એક માઈલ સ્ટોનને સ્પર્શવાની સોનેરી તક છે. વિરાટે હાલ ૬૨ ટેસ્ટ મેચમાં ૫૧.૮૨ રનની સરેરાશથી ૧૪ અર્ધસદી અને ૧૯ સદી સાથે ૪૯૭૫ રન બનાવ્યા છે. ૨૫ રન બનાવતાની સાથે વિરાટ ભારત તરફથી ટેસ્ટ ક્રિકેટમાં ૫,૦૦૦ રન બનાવનારો ૧૧મો ખેલાડી બની જશે.

## માર્કો મરૈસે ટેસ્ટમાં સૌથી ઝડપી ત્રેવડી સદી ફટકારનાર દ.આફ્રિકાનો બીજો ખેલાડી બન્યો



(જી.એન.એસ) જોહાનિસબર્ગ

માર્કો મરૈસે પહેલી ટેસ્ટ ક્રિકેટમાં સૌથી ઝડપી ત્રેવડી સદી ફટકારીને એક સપ્તાહથી વધુ સમયમાં વિશ્વ રેકોર્ડ બનાવનાર દક્ષિણ આફ્રિકાનો બીજો ખેલાડી બની ગયો છે.

૨૪ વર્ષનો મરૈસ એ દક્ષિણ આફ્રિકાના ત્રણ દિવસની પ્રાંતીય મેચમાં પૂર્વ લંડનમાં બોર્ડરની તરફથી રમતા ઈસ્ટર્ન પ્રોવિંસની સામે ૧૯૧ બોલમાં ૩૦૦ રન ફટકારી નોટ આઉટ રમ્યો. આની પહેલાં સૌથી ઝડપી ત્રેવડી સદી ૧૯૨૧ના વર્ષમાં ચાર્લી મૈકાર્ટનીએ ૨૨૧ બોલ પર ફટકાર્યા હતા. તેમણે નોટિંઘમશાયરની સામે ત્રેવડી સદી ફટકારી હતી.

મરેસે પોતાની તોફાની ઈનિંગ્સમાં ૩૫ ચોગ્ગા અને ૧૩ છક્કા ફટકાર્યા. તે સમયે બેટિંગ કરવા આવ્યો

જ્યારે તેમની ટીમ ૮૨ રન પર ૪ વિકેટ ગુમાવી મુશ્કેલમાં હતા. મરૈસ અને બ્રેડલે વિલિયમ્સ (૧૧૩ નોટઆઉટ)એ ૪૨૮ રનોની અવિજિત ભાગીદારી કરી, ત્યારબાદ બોર્ડર ટીમની ઈનિંગ્સ જાહેર કરી દીધી. પરંતુ વરસાદના લીધે મેટ ડ્રો થઈ ગઈ.

તાજેતરમાં ૧૮ નવેમ્બરના રોજ ૨૦ વર્ષના સાઉથ આફ્રિકન બેટસમેન શેન ડેડ્સવેલ એ કમાલ કરી હતી. ડૈડ્સવેલ એ ૫૦ ઓવરની એક કલબ ક્રિકેટ મેચમાં ૪૯૦ રન ફટકારી દીધા હતા. મજાની વાત તો એ છે કે તેણે પોતાના બર્થ ડે પર આ કારનામું કર્યું હતું.

## પીઠ દર્દના કારણે શ્રીલંકન ઓફ સ્પિનર હેરાથ ત્રીજી ટેસ્ટમાંથી બહાર

**હેરાથના સ્થાને જેફ્રી વાન્ડર્સે ટીમમાં સામેલ**

શ્રીલંકાનો અનુભવી ઓફ સ્પિનર રંગના હેરાથ પીઠના દર્દને કારણે ભારત સામે ત્રીજી અને અંતિમ ટેસ્ટમાં નહીં રમી શકે. હેરાથના સ્થાને લેગ સ્પિનર જેફ્રી વાન્ડર્સેને શ્રીલંકાની ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે.

શ્રીલંકાને નાગપુર ખાતે રમાયેલી બીજી ટેસ્ટમાં ઈનિંગ્સ અને ૨૩૯ રને હારનો સામનો કરવો પડ્યો હતો અને તે ત્રણ મેચની શ્રેણીમાં ૦-૧થી પાછળ છે.હેરાથના સ્થાને શ્રીલંકાની પહેલી પસંદ ડાબોડી સ્પિનર મલિન્દા પુષ્પકુમાર હતો, પરંતુ આ ૩૦ વર્ષીય બોલર ફિટનેસ ટેસ્ટમાં નિષ્ફળ રહ્યો હતો. ટીમની બહાર હોવાને કારણે ૩૯વર્ષીય હેરાથ આવતી કાલે ગુરુવારે સ્વદેશ પાછો ફરશે. હેરાથ ગત મહિને ટેસ્ટ ક્રિકેટમાં ૪૦૦ વિકેટ ઝડપનારો પહેલો ડાબોડી સ્પિનર બન્યો હતો, પરંતુ વર્તમાન ભારત પ્રવાસમાં તે પોતાનો પ્રભાવ છોડવામાં નિષ્ફળ રહ્યો છે.

### હિમાલયમાં...

પાના નં.૧ ચાલુ

નિકળેલા યુવાનોની જરૂર છે. દેશને વિભાજન તરફ લઇ જતી રાજનીતિથી લોકો પરેશાન છે. મેવાણીએ પોતાના ટ્વિટર એકાઉન્ટ ઉપર સતત સંઘર્ષ કરવાની વાત કરી છે.

રાહુલ ગાંધીનો તેમના પર વિશ્વાસને લઇને આભાર પણ માન્યો છે. તેમણે કહ્યું છે કે, કોંગ્રેસ સાથે મળીને આવનાર સમયમાં પણ જુદા જુદા વિષયો પર લડતને આગળ વધારવામાં આવશે. જિગ્નેશ મેવાણીને લઇને ભાજપે પોતાની પ્રતિક્રિયા આપી છે અને કહ્યું છે કે, બિનજરૂરી હોબાળો મચાવવામાં આવી રહ્યો છે. કોંગ્રેસની સાથે તમામની હાર થઇ ચુકી છે અને લોકો યોગ્ય જવાબ આપી ચુક્યા છે.

### પત્નિની હત્યા...

અનુસંધાન ૨ નુ ચાલુ..

ત્યાં પણ ટીવી એશિયામાં એન્કર તરીકે ઈલિયાસી જોડાયો હતો. તે ચેનલમાં પ્રોગ્રામ પ્રોડ્યુસર બન્યો હતો. ૧૯૯૬માં તે ભારતમાં આવ્યો હતો અને પોતાની રીતે કાર્યક્રમની શરૂઆત કરી હતી. જો કે, ૨૦૦૦ સુધી બંનેના સંબંધોમાં તિરાડ પડી હતી. ઘટનાના સમયે તેની અઢી વર્ષની એક પુત્રી પણ હતી. આજે કઠોર ચુકાદો આપવામાં આવ્યા બાદ ભારે ખળભળાટ મચી ગયો હતો. પત્રકાર જગતમાં પણ આની ચર્ચા રહી હતી. ઈન્ડિયાસ મોસ્ટ વોન્ટેડના એન્કર તરીકે તેની લોકપ્રિયતા થઇ હતી. જો કે, પ્રેમ સંબંધ અને પ્રેમ પ્રકરણનો કરુણ અંજામ આવ્યો હતો. આજે સજા કરવામાં આવતા કોર્ટ રુમમાં સોપો પડી ગયો હતો. જો કે, તેને મૃત્યુદંડની સજા કરવામાં આવી ન હતી.

### કર્ણાટક ફતેહ...

અનુસંધાન ૨ નુ ચાલુ..

પરંતુ આ મુદ્દો કર્ણાટકમાં ગરીબ વિરૂદ્ધ અમિરનો બની રહેશે. આગામી બજેટમાં સમાજના આર્થિક રીતે નબળા વર્ગ માટે ખાસ યોજનાઓનું પણ એલાન કરવામાં આવશે.

તે ઉપરાંત ભાજપનું કેન્દ્રીય પાર્ટીની સ્ટેટ યૂનિટમાં પણ ફેરફાર કરવા જઈ રહ્યું છે. જેને અંતર્ગત કમીટીને મે, ૨૦૧૮ સુધી ઈલેક્શન કમિટીમાં તબ્દિલ કરી દેવામાં આવશે. તેનું નેતૃત્વ ભૂપેન્દ્ર યાદવ અને અન્ય કેન્દ્રીય મંત્રીઓ કરશે. આ કમિટી રાષ્ટ્રિય નેતાઓ સાથે સમન્વય કરશે અને અન્ય નેતાઓ તે અનુસાર આગળ વધશે. મોદી કેબિનેટમાં કર્ણાટકની સારી એવી ભાગીદારી છે. તેવામાં આ નેતાઓને ચૂંટણીની વિશેષ જવાબદારી સોંપવામાં આવશે. રસપ્રદ બાબત એ કે કર્ણાટક ભાજપમાં ત્રણ ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને ચાર કેન્દ્રીય મંત્રીઓ છે. આ તમામને સમાન જવાબદારીઓ સોંપવામાં આવશે.

### આઇસીએઆઇ દ્વારા...

અનુસંધાન ૨ નુ ચાલુ..

એનાલિસીસ ઓફ બેનામી ટ્રાન્ઝેકશન સહિતના ખૂબ જ મહત્વના અને ઉપયોગી વિષયોને આ સમીટમાં આવરી લેવાયા છે, જેની પર નિષ્ણાત તજજ્ઞ મહાનુભાવો પોતાના વ્યાખ્યાન-પ્રવચન આપશે. જેમાં સૌથી અગત્યનું મુખ્ય પ્રવચન દેશના જાણીતા અર્થશાસ્ત્રી-રાજયસભા સાંસદ સુબ્રમણ્યન સ્વામી ભારતીય અર્થતંત્ર અને તેના પડકારો વિષય પર આપશે. સીએ ચિંતન પટેલે વધુમાં ઉમેર્યું હતું કે, આ મેગા સમીટમાં ડો.સુબ્રમણ્યન ઉપરાંત, દેશની નિષ્ણાત તજજ્ઞો ડો.ગીરીશ આહુજા, સીએ ગૌતમ નાયક, સીએ રશ્મિન સંઘવી, એડવોકેટ કે.વેંથિસ્વરન, સીએ રાકેશ અગ્રવાલ, સીએ ખુશરો પંથકી, આનંદ રાઠી, અરવિંદ દાતાર સહિતના મહાનુભાવો તેમના જ્ઞાન અને માર્ગદર્શનનો લાભ ઉપસ્થિત ચાર્ટડ એકાઉન્ટન્ટ્સને આપશે. આ પ્રસંગે ઉપપ્રમુખ સીએ હરીશ ધારીવાલ અને સેક્રેટરી ગણેશ નાદર પણ હાજર રહ્યા હતા.

### મોદી અને...

અનુસંધાન ૨ નુ ચાલુ..

સ્મૃતિ ઈરાની, યોગી આદિત્યનાથની પણ ચાવીરુપ ભૂમિકા રહી છે. યોગી આદિત્યનાથ ગુજરાતમાં ચૂંટણી પ્રચાર દરમિયાન ખૂબ જ સક્રિય રહ્યા હતા. યોગી આદિત્યનાથે ૨૦ રેલી કરી હતી. ત્રણ મંદિરોમાં પણ પહોંચ્યા હતા. યોગી આદિત્યનાથ પોતાને આક્રમક ભાષણ શૈલીના કારણે જાણિતા છે. યોગીએ મુખ્યરીતે ગ્રામિણ વિસ્તારો અને દુરગામી ક્ષેત્રોમાં પ્રચાર કામગીરી હાથ ધરી હતી. સ્મૃતિ ઈરાની ગુજરાતની મહિલાઓમાં ખુબ લોકપ્રિય છે. સ્મૃતિ ૧૫ દિવસ સુધી રોકાયા હતા અને ૧૪ જનસભાઓ કરી હતી. પાર્ટી દ્વારા આયોજિત જુદા જુદા કાર્યક્રમોમાં પહોંચ્યા હતા.

### ધાનેરામાં માર્ગ ...

પાના નં.૮ ચાલુ

વાળાને ઈજાઓ થતા તેને પણ ધાનેરા ૧૦૮ ના.ઈ.એમ.ટી ગૌરીચંદ્ર શ્રીમાળી પાયલોટ રજનીકાંત રાવલે સમયસર પહોચી ધાનેરા સીવીલમાં દાખલ કરતાં ડો.શૈલેન્દ્રસિંહ પરમારે તુરત સારવાર આપતાં હાલ હાલત સુધારા ઉપર છે.

### આજે લાંબામાં ...

પાના નં.૮ ચાલુ

કલાક ૮ મિનિટ અને સૂર્યાસ્ત ૬ કલાક ૪ મિનીટ એટલે કે રાજકોટમાં ૧૩ કલાક અને ૧૬ મિનિટની લાંબી રાત્રી અમદાવાદમાં ૧૩ કલાક ૨૦ મિનિટની લાંબી રાત્રી, સરુતમાં ૧૩ કલાક ૧૨ મિનીટની લાંબી રાત્રી અને મુંબઈમાં ૧૩ કલાક અને ૪ મિનીટની લાંબી રાત્રીનો લોકો અનુભવ કરશે. ત્યારબાદ તા. ૨૨ શુક્રવારથી રાત્રી ક્રમશઃ ટૂંકી અને દિવસ ક્રમશ : લાંબો થશે. પૃથ્વીનો ઝુકાવ સૂર્યને પરિભ્રમણ ગતિ, સૂર્ય હોય છે તો દક્ષિણ ગોળાર્ધમાં પણ તે પૃથ્વી તરફ ગતિ કરે છે. નાના - મોટા શહેરોમાં સામાન્ય મિનીટોનો તફાવત જોવા મળે છે.

## અમદાવાદ ખાતે ૨૩-૨૪મીએ આંતરરાષ્ટ્રીય લીટરેચર ઉત્સવ

અમદાવાદ

અમદાવાદમાં સતત બીજા વર્ષે અમદાવાદ ઈન્ટરનેશનલ લીટરેચર ફેસ્ટીવલ (એઆઈ એલએફ-૨૦૧૭)નું તા.૨૩ અને ૨૪ ડિસેમ્બર દરમ્યાન આયોજન કરવામાં આવ્યું છે. વસ્ત્રાપુર, અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન(એએમએ) ખાતે આયોજિત આ બે દિવસીય ઈન્ટરનેશનલ લીટરેચર ફેસ્ટીવલમાં વિવિધ ભાષાઓના ૮૦થી વધુ જાણીતા લેખકો, પ્રતિભા અને હસ્તીઓ ખાસ હાજર રહેશે. જાણીતા અભિનેતા અને એન્કર અન્નુ કપુર આ મહોત્સવમાં આકર્ષણનું કેન્દ્ર રહેશે. સાહિત્યજગતના મહાનુભાવોની સાથે સાથે સમાજના વિવિધ વર્ગોની પ્રતિભાઓ સાથે સાહિત્ય પ્રેમીઓ સંવાદ કરી શકે તે માટે એક પ્લેટફોર્મ પૂરુ પાડવાના ઉમદા આશયથી આ આંતરરાષ્ટ્રીય મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદ ઈન્ટરનેશનલ લીટરેચર ફેસ્ટીવલ અંગે માહિતી આપતાં ફેસ્ટીવલના ડાયરેકટર ઉમાશંકર યાદવે જણાવ્યું હતું કે, સોશ્યલ મીડિયા યુગના ઉદય બાદ સાહિત્ય વધારે લોકપ્રિય બન્યું છે. વિવિધ ડીજીટલ પ્લેટફોર્મ દ્વારા સાહિત્યનો વ્યાપ વધ્યો છે. ગુજરાતના સાહિત્યનો સમૃધ્ધ વારસો દુનિયા સુધી પહોંચે અને રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કક્ષાનો સાહિત્યીક અનુભવ અહીંના નાગરિકોને મળે તે માટે આ ઈન્ટરનેશનલ લીટરેચર ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવ્યું છે. જેના દ્વારા સાહિત્યીક સર્જકો અને સાહિત્યરસિકો વચ્ચે સેતુરૂપ સંવાદ સધાય. તા.૨૩મી ડિસેમ્બરે ફિલ્મ મેકીંગ ફોર સોશ્યલ ચેન્જ વિષય પર મનીષા શર્માનો વર્કશોપ યોજાશે. તો, તા.૨૪મી ડિસેમ્બરના રોજ સોશ્યલ સાહિત્ય અને ઓનલાઈન લીટરેચર પર વિશેષ સત્રનું આયોજન કરવામાં આવ્યું છે જેનું સંચાલન નેશનલ એવોર્ડ સન્માનિત સરસ્વતીચંદ્ર આચાર્ય દ્વારા કરવામાં આવશે. તો, હેરીટેજ થીમને કેન્દ્રમાં રાખી આ ઐતિહાસિક શહેર અમદાવાદની ભવ્યતા વિશે લોકપ્રિય લેખકો એસ્થર ડેવીડ, શર્મીલા સાગરા અને પ્રતિષ્ઠિત આર્કિટેક્ટ પ્રો.આર્થર ડફના પુસ્તકોનું એક સત્ર યોજાશે.

## સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૩૭૩૦૦-૩૭૮૦૦**
રૂપુ કાચું ૩૭૫૦૦-૩૭૮૦૦
સોનુ તોલો ૨૯૩૦૦-૨૯૭૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૦૫૦**
પામોલીન ૧૦૪૦
સોયા રીફાઈન ૧૩૭૦
રાયડાતેલ ૧૫કી.૧૧૧૦-૧૨૭૦
સીંગતેલ૧૫ કી. ૧૫૫૦-૧૬૬૦
સીંગતેલ ૧૫ લી.૧૫૫૦
સીગતેલ ૫ લી. ૫૦૫
તિરૂપતી કપા. ૧૨૬૦
૫ લીટર ૪૦૦
વનસ્પતિ ઘી ૧૦૬૦-૧૧૮૦
કોપરેલ ૧૫ કિલો ૩૦૦૦
૫ કે. કોપરેલ૧૧૫૦
૫લી. અંકુર સીંગતેલ ૫૧૦
**૧૫ લીટર સનફલાય ૧૨૭૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૬૦
૫ લી. ૪૬૦
૨ લી. ૧૬૩
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦

ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૭૮૦૦
હેરીટેજ દુબાર ૬૦૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પી ૮૫૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦

મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૨૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૫૫૦-૩૬૫૦**
**ખાંડ એમ. ૩૬૫૦-૩૭૫૦**
ખાંડએલ. ૩૯૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦

વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર**
દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૭૦૦
જીરાળુ ૧૭૪૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૭૮૦
મેંદો ૭૧૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૪૪૦૦
ખાંડ બુરૂ ૪૪૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૯૦૦-૧૧૦૦
મોરૈયો ૬૫-૯૪
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૨૦૦-૨૪૦
સુકી ડુંગળી ૬૦૦-૭૦૦
લસણ ૭૦૦-૮૦૦
ધાણા ૧૦૦૦-૧૨૦૦
મરચાં ૪૦૦-૫૦૦
લીંબુ ૩૦૦-૪૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૬૦૦-૭૦૦
રીંગણ ૩૦૦-૪૦૦
ટામેટા ૨૦૦
ભીંડા ૭૦૦-૮૦૦
કોબી ૩૦૦
વટાણા ૫૦૦-૬૦૦
ટીંડસા ૫૦૦-૬૦૦
ગવાર ૮૦૦-૯૦૦
બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦
સાંગા બટાકા ૧૨૦- ૧૪૦
ચોળી ૪૦૦-૬૦૦
તુરીયા ૩૦૦-૬૦૦
તુવેર ૬૦૦-૮૦૦

### કારગિલમાં માઇનસ ૧૫.૪ અને લેહમાં માઇનસ ૧૩.૨ ડિગ્રી

# ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડીનું મોજુ ફેલાયું : જનજીવનને અસર થઇ

**ઉત્તર પ્રદેશમાં સ્કૂલોમાં ઠંડીના કારણે સમયમાં ફેરફાર કરવા માટેની ફરજ રાજસ્થાન, હરિયાણા અને પંજાબમાં તીવ્ર ઠંડી : ૧૫ ટ્રેનોને રદ કરી દેવાઈ**

નવી દિલ્હી

ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. ઠંડીના કારણે જનજીવન પર પ્રતિકુળ અસર થઈ છે. દેશના કેટલાક ભાગોમાં પારો ખુબ નીચે પહોંચી ગયો છે. લોકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. જમ્મુ કાશ્મીર અને હિમાચલપ્રદેશના કેટલાક ભાગોમાં તો પારો માઈનસમાં છે. કેટલીક જગ્યાએ હિમવર્ષા પણ થઇ છે. જમ્મુકાશ્મીર અને હિમાચલપ્રદેશમાં સૌથી વધારે હાલત કફોડી બનેલી છે. લડાખ પ્રદેશમાં જનજીવન ખોરવાઇ ગયુ છે. કારગીલમાં માઈનસ ૧૫.૪ ડિગ્રી તાપમાન થયુ છે. આવી જ રીતે લેહમાં માઈનસ ૧૩.૨ ડિગ્રી તાપમાન થયુ છે. આ સ્થિતી હાલમાં અકબંધ રહે તેવી શક્યતા છે. અમરનાથ યાત્રા માટેના બેઝ કેમ્પ ગણાતા પહેલગામ અને ગુલમર્ગ ખાતે પણ સ્થિતી જટિલ બનેલી છે. મેદાની ભાગોમાં પણ લોકોને રાહત મળી રહી નથી. જયપુરથી પ્રાપ્ત હેવાલ મુજબ રાજસ્થાનમાં કાતિલ ઠંડીથી લોકો પરેશાન છે. અહીં પણ કેટલીક જગ્યાએ પારો એકથી પાંચ ડિગ્રી વચ્ચે રહ્યો છે. પંજાબ, હરિયાણા, અને ઉત્તરપ્રદેશમાં તીવ્ર ઠંડી અને ધુમ્મસની ચાદર જોવા મળી રહી છે. રાજસ્થાન અને દિલ્હીમાં સ્કુલોના સમયમાં ફેરફાર કરવાની ફરજ પડી રહી છે. ઉત્તરપ્રદેશમાં કાતિલ ઠંડીનુ મોજુ છે.

લખનૌ અને આગરા સહિત મોટા ભાગના શહેરોમાં તાપમાનમાં ઘટાડો થયો છે. લખનૌમાં તાપમાન ઘટીને ૯.૪ ડિગ્રી થઈ ગયુ છે. નવી દિલ્હીમાં વિજિબિલિટી એકાએક ઘટી ગઈ છે. જેથી ટ્રેન અને વિમાની સેવાને માઠી અસર થઈ છે. પ્રાથમિક અહેવાલ મુજબ ધુમ્મસના કારણે ઓછામાં ઓછી ૨૦ ટ્રેનો તેમના નિર્ધારિત સમય કરતા ખુબ મોડેથી ચાલી રહી છે. ૧૫ ટ્રેનોને રદ કરવાની ફરજ પડી છે. બે ટ્રેનોના સમયમાં ફેરફાર કરવાની ફરજ પડી છે. ઉત્તર ભારતમાં ઠંડીની સ્થિતીમાં હાલ કોઈ ફેરફાર થાય તેવી શક્યતા ઓછી છે. રાજસ્થાન અને પંજાબ તેમજ હરિયાણામાં પરિવહન સેવા પર માઠી અસર થઇ છે. ઉત્તર પ્રદેશમાં ઘણી સ્કૂલોમાં રજા જાહેર કરી દેવામાં આવી છે. લખનૌ જિલ્લા મેજિસ્ટ્રેટે નર્સરીથી લઈને ધોરણ ૮ સુધી તમામ સ્કૂલોમાં સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. સ્કૂલોમાં શૈક્ષણિક કામ સવારે ૯ વાગે શરૂ થશે. આવતીકાલથી ૩૧મી જાન્યુઆરી સુધી આ વ્યવસ્થા અમલી રહેશે. ઉત્તર પ્રદેશ બોર્ડ, સીબીએસઈ, આઈસીએસઈ બોર્ડ સાથે સંબંધિત તમામ સ્કૂલોમાં આ નિયમો લાગૂ થશે. પંજાબ અને હરિયાણામાં તીવ્ર ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. આદમપુરમાં સૌથી વધારે ઠંડીની અસર રહી છે. પંજાબના જલંધર જિલ્લામાં આદમપુર ખાતે લઘુત્તમ તાપમાન ૪.૧ ડિગ્રી નોંધાયું છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં પણ તીવ્ર ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. છેલ્લા કેટલાક દિવસથી રાત્રિ અને દિવસના તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. ઉત્તર ભારતમાં કેટલાક ભાગોમાં ધુમ્મસ અને ઠંડીના કારણે ટ્રેનોના કાર્યક્રમમાં ફેરફાર કરવાની ફરજ પડી છે. ઓછામાં ઓછી ૨૦ ટ્રેનો નિર્ધારિત સમય કરતા મોડેથી દોડી રહી છે. બીજી બાજુ કેટલીક ટ્રેનો રદ કરવામાં આવી છે. ટ્રેનો રદ કરવાના પરિણામ સ્વરુપે સ્ટેશનો ઉપર મોટી સંખ્યામાં લોકો અટવાઈ પડ્યા છે. ટ્રેનોના સમયમાં વ્યાપક ફેરફારના લીધે લોકો પરેશાન થયેલા છે. જો કે સાવચેતીના પગલારુપે ટ્રેનોના સમયમાં ફેરફાર કરવાની ફરજ પડી છે.

## ગુજરાતમાં રાજયપાલ દ્વારા જાહેરનામું જારી કરી દેવાયું

અમદાવાદ

રાજય વિધાનસભાની સામાન્ય ચૂંટણીના પરિણામો ૧૮ ડિસેમ્બરને સોમવારના રોજ જાહેર થયા બાદ આ પરિણામોમાં ભાજપ ૯૯ બેઠકો સાથે રાજયમાં સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યો છે.દરમિયાન રાજયના રાજયપાલ દ્વારા આજે મોડી સાંજે ૧૩મી વિધાનસભાનુ વિસર્જન કરતા જહેરનામા ઉપર હસ્તાક્ષર કરવાની સાથે જ રાજયમા નવી સરકારની રચના કરવાનો માર્ગ મોકળો બનવા પામ્યો છે.આ સાથે જ રાજયના વર્તમાંન મુખ્યમંત્રી સહિત મંત્રીમંડળના તમામ મંત્રીઓએ પોતાના રાજીનામા સુપરત કરવાની તૈયારીઓ આરંભી દીધી છે.આ અંગે મળતી માહિતી અનુસાર, રાજયપાલ ઓ.પી.કોહલી દ્વારા આજે મોડી સાંજે ૧૩મી વિધાનસભાના વિસર્જન કરવા અંગેના સત્તાવાર જાહેરનામા ઉપર સહી કરતાની સાથે જ રાજયમા સતત છઠ્ઠી વખત ભાજપના નેતૃત્વવાળી નવી સરકાર રચવાનો માર્ગ મોકળો બન્યો છે.રાજયમા નવા મુખ્યમંત્રી અને તેમના મંત્રીમંડળ દ્વારા ઘણુ કરીને ૨૫ ડિસેમ્બરના રોજ શપથવિધિ ગ્રહણ કરવામા આવશે.શપથવિધિ માટેનુ સ્થળ નકકી કરવામા આવી રહ્યુ છે.શપથવિધિ સમારોહમા ઉપસ્થિત રહેવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત દેશમાં ભાજપ શાસિત રાજયોના મુખ્યમંત્રીઓ,કેન્દ્ર સરકારના મંત્રીઓ સહિતના તમામને આમંત્રણ આપવામા આવ્યા હોવાનુ પણ સત્તાવાર સૂત્રો તરફથી જાણવા મળ્યુ છે.સતત છઠ્ઠી વખત રાજયમાં ભાજપના નેતૃત્વમા સરકારની રચના થવા જઈ રહી છે ત્યારે શપથવિધિ સમારોહને પણ શાનદાર બનાવવા કવાયત તેજ કરી દેવામા આવી છે.આ શપથવિધિ સમારોહમાં મોટી સંખ્યામા કાર્યકરો ઉમટી પડશે એ માટે પણ તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

## ગીતા મંદિર ઉપરાંત દિલ્હી દરવાજા ખાતે દબાણો દુર કરાયા

અમદાવાદ

અમદાવાદ શહેરના ગીતામંદિર ઉપરાંત શહેરના દિલ્હી દરવાજાથી ગાંધીબ્રીજ સુધીના દબાણો આજે મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા દુર કરવામાં આવ્યા છે.આ અંગે મળતી માહિતી અનુસાર, વિધાનસભાની ચૂંટણી પુરી થતા જ આચારસંહિતા પણ દુર થઈ ગઈ છે.આ સાથે જ અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં ઠેર ઠેર ઉભા થયેલા દબાણો દુર કરવાની કાર્યવાહી મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા આજથી શરૂ કરવામા આવી છે.આ અંગે મધ્યઝોનના ડેપ્યુટી એસ્ટેટ ઓફિસર રમેશ દેસાઈએ એક વાતચીતમાં કહ્યુ કે, અત્યારસુધી પોલીસ બંદોબસ્ત મળતો ન હોઈ દબાણો દુર કરવાની કાર્યવાહી હાથ ધરી શકાતી ન હતી.પરંતુ હવે પોલીસ બંદોબસ્ત મળવાની શરૂઆત થવાની સાથે જ આજે શહેરના ગીતામંદિર વિસ્તારની આસપાસના દબાણો દુર કરવામાં આવ્યા છે આ સાથે શહેરના દિલ્હી દરવાજાથી ગાંધીબ્રીજ સુધીના દબાણો દુર કરવામાં આવ્યા છે.

## પ્રદ્યુમ્ન કેસ : એડલ્ટ તરીકે ખટલો ચલાવવાનો આદેશ

નવીદિલ્હી

ગુરુગ્રામ સ્કૂલના વિદ્યાર્થી પ્રદ્યુમ્ન ઠાકુરની ઘાતકી હત્યાના કેસમાં આરોપી રહેલા ૧૬ વર્ષીય રેયાન ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થી પર એડલ્ટ તરીકે ખટલો ચલાવવામાં આવશે. જુએનાઈલ જસ્ટિસ બોર્ડ દ્વારા આજે આ મુજબનો ચુકાદો આપવામાં આવ્યો હતો. પ્રદ્યુમ્નના પરિવારનું પ્રતિનિધિત્વ કરી રહેલા વકીલ સુશીલ ટકરીવાલે જણાવ્યું હતુ કે, આરોપી સામે એડલ્ટ તરીકે ખટલો ચલાવવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, કાર્યવાહી દરમિયાન દોષિતને પુખ્તવયના વ્યક્તિ તરીકે ગણવામાં આવશે. આ નિર્ણય લેવા બદલ અમે ન્યાયતંત્રનો આભાર માનીએ છીએ. તેમણે એમ પણ કહ્યું હતું કે, આ કેસ ખુબ જ સંવેદનશીલ કેસ છે. બીજી બાજુ પ્રદ્યુમ્નના પિતા વરુણ ઠાકોરે પણ આકરી પ્રતિક્રિયા આપી છે. અત્રે નોંધનીય છે કે, બીજા ધોરણમાં અભ્યાસ કરનાર પ્રદ્યુમ્નને ૮મી સપ્ટેમ્બરના દિવસે પોતાની સ્કૂલમાં વોશરુમની અંદર મૃતહાલતમાં મળી આવ્યો હતો. સાત વર્ષીય બાળકની ઘાતકી હત્યાના મામલામાં ૮મી નવેમ્બરના દિવસે પ્રદ્યુમ્નની સ્કૂલના વિદ્યાર્થીની ધરપકડ કરવામાં આવી હતી. સીબીઆઈ દ્વારા પોતાના હાથમાં આ કેસ લીધા બાદ આ ધરપકડ કરાઈ હતી. ૧૧માં ધોરણના વિદ્યાર્થીએ અભ્યાસમાં નબળો હોવાની ગણતરીથી સ્કૂલમાં રજા જાહેર થાય તે હેતુસર પ્રદ્યુમ્નની હત્યા કરી હતી.

## કાંકરિયા : નોકટરનલ ઝૂનો ટૂંક સમયમાં આરંભ કરાશે

અમદાવાદ

અમદાવાદ શહેરના કાંકરીયા વિસ્તારના મુલાકાતીઓ માટે વધુ એક નઝરાણું શરૂ કરવા અંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અંતિમ તૈયારીઓ શરૂ કરી દેવામા આવી છે.રાત્રીના સમયે જોઈ શકતા પશુ પક્ષીઓને આ નોકટરનલ ઝૂમાં રાખવામાં આવનાર છે.આ ઝૂની મુલાકાત લેનારાઓ માટે ૧૨ વર્ષ સુધીના બાળકો માટે રૂપિયા ૨૦ અને ૧૨ વર્ષથી વધુની ઉંમરના લોકો માટે રૂપિયા ૫૦ ફીના દર રાખવા સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ દરખાસ્ત રજૂ કરવામા આવી છે.જો કે દરખાસ્તમાં શરૂઆતના થોડા મહિનાઓ માટે મુલાકાતીઓને વિનામૂલ્યે પ્રવેશ આપવા અંગે પણ રજૂઆત કરવામા આવી છે.આ અંગે મળતી માહિતી અનુસાર,અમદાવાદ શહેરના દક્ષિણ ઝોનમાં છેલ્લા પાંચ વર્ષથી નોકટરનલ ઝૂ તૈયાર કરવાની કામગીરી મ્યુનિસિપલ કોર્પોરેશન અને કાંકરીયા પ્રાણી સંગ્રહાલય દ્વારા કરવામા આવી રહી હતી હાલ સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર આ ઝૂની મોટાભાગની કામગીરી પુરી કરી લેવામાં આવી છે અને ખુબ નજીકના સમયમાં આ ઝૂનો આરંભ કરવામા આવશે એમ માનવામા આવી રહ્યુ છે.નોકટરનલ ઝૂમાં રાત્રીના સમયે જોઈ શકતા પશુઓ અને પક્ષીઓને રાખવામા આવનાર છે.આ ઝૂની એક બીજી વિશેષતા એ પણ છે કે,રાત્રીના સમયે જોઈ શકતા પશુઓ અને પક્ષીઓ માટે દિવસ જેવુ વાતાવરણ લાગે તેવો આભાસ પણ ઉભો કરવામા આવ્યો છે.આવતીકાલે ગુરૂવારના રોજ મળનારી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં આ નોકટરનલ ઝૂ એ વિશેષ શૈક્ષણિક પ્રવૃતિ હોઈ તેમાં ૧૨ વર્ષ સુધીના મુલાકાતીઓ માટે પ્રવેશ ફી રૂપિયા ૨૦, ૧૨ વર્ષથી ઉપરની વયના મુલાકાતીઓ માટે પ્રવેશ ફી રૂપિયા ૫૦ અને શૈક્ષણિક પ્રવાસે આવનારા મુલાકાતીઓ માટે પ્રવેશ ફીના દર રૂપિયા ૨૦ રાખવા અંગે સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ દરખાસ્ત રજુ કરવામાં આવી છે.આ સાથે જ શરૂઆતના થોડા મહિના માટે આ ઝૂના મુલાકાતીઓને વિનામૂલ્યે પ્રવેશ આપવા અંગે પણ રજુઆત કરવામાં આવી છે.આવતીકાલે મળનારી સ્ટેન્ડિંગ કમિટી આ અંગે શું નિર્ણય કરે છે એના ઉપર સઘળો દારોમદાર છે.

## શિવરંજની ફલાય ઓવરબ્રિજ ફાટયો હોવાની અફવા ફેલાઈ

અમદાવાદ

અમદાવાદ શહેરના નવા પશ્ચિમઝોન વિસ્તારમાં આવેલા શિવરંજની ફલાય ઓવરબ્રીજ વચ્ચેથી ફાટયો હોવાની અફવાની વચ્ચે ફલાયઓવરબ્રીજની ઉપરના અને નીચેના ભાગ એમ બંને તરફના રસ્તા ઉપર વાહનચાલકોએ જીવ બચાવવા ભાગદોડ કરતા ભારે અફડાતફડી મચી જવા પામી હતી.આ સાથે જ બંને તરફના માર્ગ ઉપર ત્રણ કિલોમીટર સુધીના રસ્તા ઉપર ટ્રાફિકજામ થઈ જતા પોલીસ તંત્રને આ અફવાની વચ્ચે ટ્રાફિકને પહેલાની સ્થિતિમાં લાવતા નાકે દમ આવી ગયો હતો.આ અંગે મળતી માહિતી મુજબ,શહેરના નવા પશ્ચિમ ઝોનમાં આવેલા શિવરંજની ફલાયઓવરબ્રીજ આજે સાંજે પાંચના સુમારે વચ્ચેથી ફાટયો હોવાની અફવા ચાલતા ફલાયઓવરબ્રીજ ઉપરની તરફ અને નીચેના ભાગ એમ બંને ભાગના રસ્તાઓ ઉપર વાહનચાલકોએ કશુ સમજયા કે જાણ્યા વગર જીવ બચાવવા માટે ભાગદોડ કરી મુકતા ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાવા પામ્યા હતા એટલું જ નહીં પરંતુ બ્રીજના ઉપરના અને નીચેના એમ બંને તરફના રસ્તા ઉપર ત્રણથી ચાર કિલોમીટર સુધી વાહનોની લાંબી કતારો લાગી જતા આ સમગ્ર વિસ્તારમાં ઠેર-ઠેર ટ્રાફિક ચકકાજામ બની જવા પામ્યો હતો.ટ્રાફિકને ફરીથી પહેલાની સામાન્ય સ્થિતિમાં લાવતા પોલીસને પણ નાકે દમ આવી ગયો હતો.શિવરંજની ફલાયઓવરબ્રિજ વચ્ચેથી ફાટયો હોવાની અફવા કોણે અને કયાંથી ચલાવી આ મામલે પોલીસ તંત્ર દ્વારા પણ યુધ્ધના ધોરણે તપાસ આરંભી દેવામાં આવી છે.આજના ઝડપી ટેકનોલોજીવાળા યુગમા પણ આ પ્રકારની અફવા ચાલવાની સાથે લોકોમાં કેવા પ્રકારની અફડાતફડી મચી શકે છે એનુ વરવુ ઉદાહરણ આજે શિવરંજની ફલાયઓવર બ્રીજ વચ્ચેથી ફાટયો હોવાની અફવાની સાથે જોવા મળ્યુ હતુ.પોલીસ તંત્રને ટ્રાફિક સામાન્ય સ્થિતિમાં લાવતા એક કલાકથી પણ વધુનો સમય લાગ્યો હતો.દરમિયાન નવા પશ્ચિમઝોનના એડીશનલ સિટી ઈજનેર હરપાલ ઝાલાએ કહ્યુ કે,પરિસ્થિતિ સામાન્ય બની ગઈ છે આ કોઈ દ્વારા કરવામા આવેલી મિસચીફ હોઈ શકે છે.

મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઊંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા
રખેવાળ

## દેનાબેંક મહેસાણા ઝોન દ્વારા સાક્ષરતા શિબિર યોજાઈ

મહેસાણા

દેનાબેંક મહેસાણા ઝોન દ્વારા ડિજિટલ પાઠશાળા તેમજ નાણાંકીય સાક્ષરતા શિબિરનું તા.૧૭ ડીસેમ્બર રવિવારના રોજ ગ્રામ્ય શાળાઓમાં આયોજન કરાયું હતું. દેનાબેંકની વિવિધ ડિજિટલ સેવાઓની માહિતી આપવામાં આવી હતી. તેમજ તેની ઉપયોગીતાની પણ સમજ આપવામાં આવી હતી. પાટણ અને બનાસકાંઠા જિલ્લાની તમામ ગ્રામ્ય શાળાઓમાં ડિજિટલ એવરનેસ કેમ્પનું આયોજન સુંદર રીતે કરવામાં આવ્યું હતું.

## પાટણમાં ઉંઝા ત્રણ રસ્તા પર બાઈક ચાલક નીચે પટકાતાં ધારપુર ખસેડાયો

પાટણ

પાટણ ઉંઝા ત્રણ રસ્તા નજીક નશાની હાલતમાં બાઈક પર આવી રહેલ પ્રજાપતિ રાજુભાઈ નામનો યુવાન રોડ પર પટકાંતા તેને માથાના ભાગે ઈજાઓ થતાં આ બનાવની જાણ ૧૦૮ ને કરવામાં આવતાં પાયલોટ જયેન્દ્રસિંહ અને ઈએમટી ધારા રાઠોડે ઘટના સ્થળે પહોચી ઈજાગ્રસતને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે ધારપુર સીવીલમાં રીફર કરવામાં આવ્યો હતો. ગત સોમવારે મોડી સાંજે આ બનાવ બન્યો હતો જો કે સાંજે ટ્રાફિક સામાન્ય હોવાથી જીવલેણ અકસ્માત થવાની સંભાવનાને ટાળી શકાય તેમ ન હતી. નશાની હાલતમાં નિકળતા ઈસમો વિરૂધ્ધ પોલીસે કડક કાર્યવાહી કરવાની જરૂર જણાય છે.

## શિયાળામાં ઈન્ફેક્શનના કેસો વધારે જોવા મળે છે :અહેવાલ

મેડ્રીડ

તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે વિટામીન ડી વાઈરલ ઈન્ફેશનથી રક્ષણ કરવામાં મદદરૂપ બને છે. અભ્યાસ મુજબ વાઈરલ ઈન્ફેક્શનથી બચાવવામાં વિટામીન ડીની ભૂમિકા ચાવીરૂપ રહે છે તે બાબત સાબિત કરવા માટે ઘણા તારણો પણ નક્કર રીતે રજૂ કરવામાં આવ્યા છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે શિયાળાની સિઝન અને ગરમીની સિઝનમાં અથવા તો મિશ્ર સિઝનમાં વાયરલ ઈન્ફેક્શનના રોગ ફેલાઈ જાય છે. વિટામીન ડીની ભૂમિકા વાયરલ ઈન્ફેક્શનને રોકવામાં મદદરૂપ બને છે. જ્યારે દિવસો નાના હોય છે અને સૂર્યપ્રકાશ પ્રમાણસર નબળો હોય છે ત્યારે વિટામીન ડીનું સ્તર ઘટી જાય છે. આ જ કારણસર લોકો વાયરલ ઈન્ફેક્શના વધુ શિકાર થાય છે. અભ્યાસમાં સૂચન કરવામાં આવ્યું છે કે વિટામીન ડીના ઘટક તત્વો રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરે છે જે વાયરલ ઈન્ફેક્શનને રોકવામાં મદદરૂપ બને છે. જર્નલ ઓફ લ્યુકો સાઈટ બાયોલોજીમાં જણાવવામાં આવ્યું છે કે વિટામીન ડીને લઈને કરવાાં આવેલા વધુને વધુ સંશોધનમાં જાણવા મળ્યું છે કે માનવીના આરોગ્ય માટે વિટામીન ડી ખૂબ જ મહત્વપૂર્ણ છે. સ્પેનમાં અભ્યાસ હાથ ધરવામાં આવ્યા બાદ સંશોધકો એવા તારણ ઉપર પહોંચ્યા છે કે જ્યારે પરંપરાગત થેરાપી કામ કરતી નથી ત્યારે વિટામીન ડીના ઘટક તત્વો ઉપયોગી સાબિત થઈ શકે છે.

## કોહલી ટીમ ઈન્ડિયા અસલી બોસ છે : રવિ શાસ્ત્રી

નવીદિલ્હી

ટીમ ઈન્ડિયા કોચ રવિશાસ્ત્રીએ વિરાટ કોહલીની ભરપુર પ્રશંસા કરી છે અને વિરાટને ટીમના બોસ તરીકે ગણાવીને પ્રશંસા કરી છે. શાસ્ત્રીએ કહ્યું છે કે, વિરાટ કોહલી ક્રિકેટર તરીકે પહેલાથી જ મેચ્યોર્ડ હતો પરંતુ હવે તે એક વ્યક્તિ તરીકે પણ મેચ્યોર્ડ થઈ ગયો છે. આના કારણે ટીમ ઉપર હકારાત્મક અસર થઈ છે. શાસ્ત્રીએ કહ્યું છે કે, વિરાટ કોહલી ટીમના કેપ્ટન તરીકે છે. તે કોચની દરેક સલાહ માનવા માટે બંધાયેલો નથી. રવિ શાસ્ત્રીએ કહ્યું છે કે, તેમની વચ્ચે ખુબ સારી પારસ્પરિક સમજણ છે. વ્યક્તિત્વ પણ મળે છે. વિશ્વાસ પણ વ્યાપક પ્રમાણમાં છે. અમે જીતવા માટે જ રમી રહ્યા છે. પોતાના સમયમાં મજબૂત ખેલાડી રહી ચુકેલા રવિ શાસ્ત્રીએ કહ્યું છે કે, આ ટીમ એ ટીમ નથી જે નંબર માટે રમે છે.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | **થરાદ** | ચોળા | ૬૭૧-૭૨૨ |
| એરંડા | ૮૬૦-૮૭૧ | ગવાર | ૬૮૧-૭૩૪ |
| ઈસ | ૧૯૧૧-૨૦૬૦ | મગફળી | ૬૫૦-૮૦૧ |
| રજ.બા. | ૩૩૦-૩૪૨ | રાયડો | ૬૫૦-૬૮૫ |
| મગ | ૭૦૦-૧૦૦૦ | એરંડા | ૮૫૦-૮૭૫ |
| મઠ | ૫૭૦-૬૩૨ | જીરૂ | ૩૭૫૦-૩૮૨૦ |
| તલ | ૧૩૫૧-૧૫૦૦ | તલ | ૧૪૨૬-૧૭૪૮ |
| જીરૂ | ૩૦૦૦-૩૯૫૧ | મેથી | ૫૬૬ |
| મગફળી | ૬૮૦-૮૧૦ | સુવા | ૯૨૧-૧૦૧૩ |
| ગવાર | ૭૧૧-૭૩૭ | વરીયાળી | ૯૬૧-૧૦૫૧ |
| રાયડો | ૬૭૬-૭૧૯ | અન્ય | ૭૦૦-૯૧૬ |
| | **પાટણ** | | **થરા** |
| જીરૂ | ૩૬૦૦-૩૭૨૦ | જીરૂ | ૩૬૦૦-૩૯૦૦ |
| વરીયાળી | ૯૭૧-૧૨૨૫ | એરંડા | ૮૭૦-૮૭૨ |
| મેથી | ૫૩૦-૫૯૫ | રાયડો | ૬૬૬-૬૮૦ |
| સુવા | ૮૫૦-૧૦૨૭ | ગવાર | ૭૦૦-૭૩૫ |
| રાયડો | ૬૧૧-૭૦૦ | ઘઉં | ૩૦૦-૩૫૧ |
| એરંડા | ૮૪૫-૮૯૦ | બાજરી | ૨૨૦-૨૬૭ |
| તલ | ૧૪૦૦-૧૬૫૧ | અડદ | ૭૦૦-૭૬૫ |
| ઘઉં | ૩૧૮-૩૫૮ | મેથી | ૬૦૦ |
| બાજરી | ૨૧૧-૨૯૨ | મગફળી | ૯૦૦ |
| બંટી | ૩૪૦-૩૫૮ | | **સિદ્ધપુર** |
| અજમો | ૮૯૬-૧૦૪૦ | રાયડો | ૫૭૦-૫૯૨ |
| મગ | ૬૪૦-૮૩૦ | એરંડા | ૮૩૫-૮૮૯ |
| અડદ | ૭૪૫-૯૦૭ | અડદ | ૭૧૫-૯૨૦ |
| ગવાર | ૬૫૦-૭૪૪ | ગવાર | ૬૫૦-૭૩૮ |
| | **ધાનેરા** | ઘઉં | ૩૩૦-૩૭૦ |
| ઘઉં | ૩૩૧ | બાજરી | ૧૮૦-૨૮૫ |
| બાજરી | ૨૪૪-૩૦૦ | જુવાર | ૪૫૦-૬૬૮ |
| મગ | ૭૮૦ | કપાસ | ૯૧૦-૧૦૩૧ |
| મઠ | ૬૮૧-૭૩૪ | | |

## ઈડરના બોલુન્દ્રા (સોનગરા) ગામે યુવતીને ભગાડી જવા સંદર્ભે યુવાનની નિર્મમ હત્યા

હિંમતનગર

ઈડરના બોલુન્દ્રા (સોનગરા) ગામના યુવાનને યુવતી ભગાડી જવાના મામલે ગત રવિવારે સમી સાંજના વોડપ અને બોલુન્દ્રાના સાત જેટલા શખ્સો યુવક અને યુવતીને પકડી લઈ ચોડપ પાસે આવેલા જોરપુરા ગામની સીમમાં લાવી યુવકને માર મારીને મોતને ઘાટ ઉતારાતાં ચકચાર મચી જવા પામી છે. આ બાબતે મૃતકના કાકાએ પોલીસને જાણ કરતાં પોલીસે જોરાપુર પહોંચી લાશનો કબજો મેળવી સાત ઈસમોની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

જાણવા મુજબ ઈડરના બોલુન્દ્રાના નાગજીભાઈ સોમાભાઈ ઠાકરડા (ઉ.વ. ૨૮) ગત શુક્રવારે ગામની જ યુવતીને ભગાડી ગયો હતો. આ યુવતીની સગાઈ થયેલી હતી. આ બંને ખેડા જિલ્લામાં હોવાની જાણ થતાં તેઓને ત્યાંથી શોધી પકડી લાવવામાં આવ્યા હતા.

**ધરપકડ કરાયેલા શખ્સો**

(૧) ભુપતજી પરમાર (૨) રવિન્દ્ર ભુપતજી પરમાર (૩) વિરાજી ગોબરજી ડાભી (૪) મનહર વિરાજી ડાભી (૪) પિન્ટુ ઉર્ફે જગદીશ વિરાજી ડાભી (૬) બાલાજી વિરાજી ડાભી અને દશરથજી હજુરજી ડાભી

## પાટણમાં સાલવીવાડાથી બી.ડી. હાઈસ્કુલનો રોડ પેવર બનાવવા માંગ

પાટણ

પાટણમાં સાલવીવાડાના મુખ્ય રોડથી બી.ડી.હાઈસ્કુલ તરફ જવાનો રોડ છેલ્લા કેટલાય સમયથી ઉબડખાબડ થઈ ચુક્યો છે. જેથી દ્વિચક્રી વાહનો સ્લીપ થઈ અકસ્માત સર્જતા હોય છે. આમ તો શહેરમાં નગરપાલિકા દ્વારા કેટલાક માર્ગોનું નવિનીકરણ કરવામાં આવ્યું છે. પરંતુ કેટલાક શહેર અંદરના રોડ તરફ પાલિકા બેધ્યાન રહેતા વાહન ચાલકોને પરેશાન થવું પડે છે.

પાટણનો સાલવીવાડા વિસ્તાર હાર્દ વિસ્તાર તરીકે ગણાય છે. વર્ષોથી રહેણાંક વિસ્તાર હોવાથી દ્વિચક્રી વાહન ચાલકોની સંખ્યા પણ વિશેષ છે. અને મુખ્ય માર્ગની બંને સાઈડો લોકોના મકાનો આવ્યા છે અને શહેરમાં જવા દ્વિચક્રી વાહનનો ઉપયોગ કરતા હોય છે. પરંતુ સમગ્ર રોડ છેક બી.ડી. હાઈસ્કુલ સુધીનો બિસ્માર બની જતાં અકસ્માત ના બનાવો બને છે. ગત રવિવારે વિષ્ણુભાઈ પરમાર નામના બાઈક ચાલકનું બાઈક રાત્રે સ્લીપ થતાં તેમની પાછળ બેઠેલા બે યુવાનો નીચે પટકાતાં હાથ પગે ઈજા થવા પામી હતી. પાલિકા દ્વારા સદર માર્ગ પુનઃપેવર બનાવવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

## મહેસાણાના લીંચ ગામે દિપડા જેવા પ્રાણીનો બાળકો પર હુમલો

મહેસાણા

મહેસાણા તાલુકાના લીંચ ગામે ગત સોમવારે બપોરે દીપડા જેવા પ્રાણીએ લાકડા કાપવા ગયેલા એક કિશોરને પંજો મારતાં ચકચાર મચી જવા પામી હતી. બાદમાં ગામના સરપંચે સત્યતાની ચકાસણી કરી પોલીસ અને વનવિભાગને દીપડો આવ્યો હોવાની જાણ કરી જરૂરી પગલાં ભરવા કહ્યું હતું.

જાણવા મુજબ લીંચ ગામના કિશોરે ગત સોમવારે બપોરે બે વાગે ગેરતપુરના પાટીયા સામેના રોડ પર અને લીંચ ગામની સીમમાં રમી રહ્યા હતા ત્યારે દિપડા જેવું પ્રાણી દેખાતા ભાગદોડ મચી જવા પામી હતી. જેમાં હર્ણોવડા ગામના લાકડા કાપવા ગયેલ યુવકને ખભા ભાગે પંજો મારી નખ માર્યા હતા. જેથી લોકોએ સરપંચ અંજુબેન પટેલને આ બાબતની જાણ કરી હતી. વનવિભાગ અને પોલીસે તપાસ ચલાવેલ છે.

## પાટણમાં રોકડીયા ગેટ પાસે રીક્ષા ઉટલારીની પાછળ અથડાતાં ત્રણને ઈજા

પાટણ

પાટણમાં ભેંસાત પાડા નજીક આવેલ રોકડીયા ગેટ ચાર રસ્તા પર વાહનોની અવરજવર વિશેષ રહેતી હોય છે. ત્યારે ગત રવિવારે રાત્રે રોકડીયા ગેટથી શા - વાડા જતી એક રીક્ષા રસ્તાની સાઈડમાં ઉભેલી ઉંટલારીને પાછળથી અથડાતાં રીક્ષાની અંદર સવાર મુસાફરોમાંથી ત્રણ જણાને સામાન્ય ઈજા થઈ હતી.

સદર રોડ પર મોડી સાંજે સ્ટ્રીટ લાઈટો મોટાભાગે બંધ રહેતા અકસ્માતના બનાવો બને છે જુની સ્ટ્રીટ લાઈટો ચાલતી ન હોય અને તેમાં જો કોઈ ટેકનીકલ ખામી હોય તો પાલિકા દ્વારા આ બાબતે ચકાસણી કરી યોગ્ય કરવું જોઈએ.

વધુમાં શહેરની સ્ટ્રીટ લાઈટો સવારે છ વાગે બંધ કરવામાં આવતા સવારે દૂધ લેવા જતી મહિલાઓને અંધકારના કારણે આવ - જા કરવી મુશ્કેલ બને છે. જેથી સવારે ૫-૩૦ કલાકે સ્ટ્રીટ લાઈટો બંધ થાય તો સવારે લોકો અજવાળામાં આવ - જા કરી શકે. સવારે વહેલા ટ્યુશને જતી વિદ્યાર્થીઓને પણ હેરાન થવું પડતું હોય છે.

## માતા-પિતા બાળકની માહિતી ફોન પર મેળવી શકશે, બાળ ગુનાખોરી અટકશે

(જી.એન.એસ) સુરત

ગુનેગારો વિદ્યાર્થીને નિશાન ન બનાવી શકે તે માટે તેમજ કેટલાક અભ્યાસમાં રસ ન ધરાવતા વિદ્યાર્થીઓ શાળાએ જવાનું કહી ગુલ્લી મારી ગુનાખોરીના રવાડે ન ચડી જાય એ વાતને ધ્યાને શહેર પોલીસ એક નુસ્ખો શરૂ કરવા જઈ રહી છે. જેમાં વિદ્યાર્થી શાળા પહોંચે છે કે નહીં તે ગણતરીની સેકન્ડોમાં જાણી શકાશે એટલું જ નહીં એ વિદ્યાર્થીના વાલીના મોબાઈલ પર મેસેજ પણ જતો રહેશે.

આ સિસ્ટમ છે આર એફઆઈડી. જેમાં રિડર અને ટેગ બે વસ્તુ કમ્પ્યૂટર સાથે જોડવામાં આવે છે. એક રિડર શાળાના પ્રવેશદ્વાર પર અને એક રિડર સ્કૂલબસના દરવાજે લગાવવામાં આવે છે અને તમામ વિદ્યાર્થીના આઈડેન્ટિટી કાર્ડ પર ટેગ લગાવી દેવામાં આવે છે. પરિણામે એ વિદ્યાર્થી સમયસર શાળાએ ન પહોંચે તો અને શાળાએથી સમય કરતા વહેલો નીકળી જાય તો તુરંત કમ્પ્યુટરમાં જાણ થઈ જાય છે. એ સાથે જ એ વિદ્યાર્થીના વાલીને પણ મેસેજ પહોંચી જાય છે કે તમારું સંતાન શાળાએ પહોંચ્યું નથી.

આ અંગે પોલીસ કમિશનર સતીશ શર્માનું કહેવું છે કે ટૂંક સમયમાં શહેર પોલીસના વરિષ્ઠ અધિકારીઓ શાળાના સંચાલકો સાથે બેઠક યોજી આ સિસ્ટમ શહેરની તમામ શાળા અને તમામ સ્કૂલબસ, વાન, રિક્ષામાં લાગુ કરી શકાય તે માટીની ચર્ચા કરશે.

## આઈપીએલની હરાજી બેંગ્લોરમાં જાન્યુઆરીમાં થશે

બેંગ્લુરૂ

ઇડિયન પ્રીમિયર લીગ આઈપીએલની હરાજી આગામી વર્ષ ૨૭ અને ૨૮ જાન્યુઆરીએ બેંગ્લુરૂમાં થશે. બીસીસી આઈના એક વરિષ્ઠ અધિકારીએ તેની પુષ્ટી કરતા જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય સ્તર પર રમાનાર મોટા ભાગના ખેલાડીઓની વાપસીથી આ મોટી હરાજી હશે જે બેંગ્લોરમાં ૨૭ અને ૨૮ જાન્યુઆરીએ થશે. બેંગ્લોરમાં જ આ પહેલા તમામ હરાજીનું આયોજન કરવામાં આવ્યું હતું અને તેના માટે તે ફ્રેંચાઈજીની પસંદ હતું. આ વર્ષની હરાજીમાં ૮૦ કરોડ રૂપિયાનું બજેટ હશે જયારે પહેલા આ ૬૬ કરોડ રૂપિયાનું હતું. એક ફ્રેંચાઈજી પાંચ ખેલાડીઓને રિટેન કરી શકે છે જેમાં બે રાઈટ ટુ મેચ કાર્ડ પણ સામેલ છે. આ વર્ષની હરાજીમાં ચેન્નાઇ સુપર કિંગ્સ અને રાજસ્થાન રોયલની ટીમોમાં બે વર્ષનો પ્રતિબંધ હિસ્સો લઇ રહી છે.

## બહુચરાજી બેઠક ઉપર પાટીદાર મતોના ધ્રુવીકરણનો લાભ કોંગ્રેસને મળ્યો

ચાણસ્મા

મહેસાણા જિલ્લાની સાત વિધાનસભા પૈકી પાટીદાર અનામત આંદોલનને કારણે સૌથી વધુ ચર્ચામાં રહેલી બહુચરાજી વિધાનસભા બેઠકમાં કોંગ્રેસના નવા નિશાળિયા ભરતજી ઠાકોરે ભાજપના દિગ્ગજ નેતા ગણાતા પૂર્વ ગૃહમંત્રી રજની પટેલને આશરે ૧૫ હજાર મતે હરાવી ભાજપની આબરૂના લીરેલીરા ઉડાડી મુક્યા હતા. આ બેઠકમાં પાટીદાર મતોના ધ્રુવીકરણનો સીધો લાભ કોંગ્રેસને મળ્યો હોવાનું રાજકીય ગણિત છે. છેલ્લા બે વર્ષથી રાજ્યમાં ચાલી રહેલા પાટીદાર અનામતની વ્યાપક બહુચરાજી વિધાનસભા બેઠક વિસ્તારમાં પણ જોવા મળી હતી. કારણ કે આંદોલનમાં પાટીદારો પર પોલીસ દ્વારા અમાનુષી દમન ગુજારાયું. તેમ છતાં તત્કાલીન ગૃહ રાજ્યમંત્રી અને બહુચરાજી ધારાસભ્ય રજની પટેલ પાટીદારોની પડખે રહેવાને બદલે પોતાનું મંત્રીપદ બચાવવામાં લાગ્યા રહ્યા હતા. જેનો રોષ આ વિસ્તારના પાટીદારોએ વિરુદ્ધમાં મત કરીને ઉતાર્યો હોય તેમ જણાય છે.

### પૂર્વ ગૃહમંત્રી રજની પટેલની હાર

ભાજપ માટે સેફ ગણાતી આ બેઠકમાં રજની પટેલની ૧૫ હજાર મતથી ભૂંડી હાર થઈ છે. જ્યારે રાજકારણમાં કોરી સ્લેટ ધરાવતા ભરત ઠાકોરને પોતાના સમાજ ઉપરાંત પાટીદાર આંદોલનને કારણે થયેલા મતોના ધ્રુવીકરણનો સીધો લાભ મળી જતાં જીત આસાન બની હતી. જ્યારે સમક્ષ કિરીટ પટેલને મળેલા ૧૦ હજારથી વધુ મતનો ફાયદો આ વખતે કોંગ્રેસને મળ્યો હોય તેમ મનાય છે. ભાજપની હાર માટે તેમના કાર્યકરોમાં જોવા મળતો ઘમંડ, પાટીદાર મતોની અવગણના કરી અન્ય મતો ખેંચવા રમેલું જ્ઞાતિવાદી રાજકારણ તેમજ રજની પટેલની આસપાસ કરોળિયાની જેમ વીંટાઈને રહેતી ચંડાળ ચોકડી જેવા પોતાની જાતને મોટા નેતા સમજતા લોકોને કારણે પણ હારનો સામનો કરવો પડ્યો છે.

### અપક્ષ કિરીટ પટેલ સહિત ૧૨ ઉમેદવારોની ડિપોઝીટ ડૂલ

બહુચરાજી વિધાનસભા બેઠકમાં ભાજપના રજની પટેલ, કોંગ્રેસના ભરત ઠાકોર અને ગઈ વખતે જીપીપીમાં ચૂંટણી લડીને હાર્યા બાદ આ વખતે ફરી અપક્ષ તરીકે ઝુકાવનારા દેવગઢ ગામના કિરીટ પટેલ વચ્ચે ત્રિપાખિયો જંગ હતો. આ સિવાય બીજા ૧૧ મળી કુલ ૧૪ ઉમેદવારો હતા. આ ચૂંટણીમાં પ્રજાએ આપેલા મતના આધારે ભાજપ અને કોંગ્રેસ મુખ્ય હરીફ રહ્યા હતા. જ્યારે અપક્ષ કિરીટ પટેલ સહિતના તમામ ૧૨ ઉમેદવારો પોતાની ડિપોઝીટ પણ બચાવી શક્યા ન હતા. ઉલ્લેખનીય છે કે, મળેલા કુલ મતના છઠ્ઠા ભાગના મત ના મળે ઉમેદવારની ડિપોઝીટ જપ્ત કરવાનો ચૂંટણીપંચનો નિયમ છે.

### પટેલોના મતોનું ધ્રુવીકરણ કોંગ્રેસને ફળ્યું

કોંગ્રેસના ઉમેદવારનો વિજય પાટીદાર આંદોલનના કારણે થયેલા મતોના ધ્રુવીકરણે આસાન બનાવી દીધો હતો. વર્ષ - ૨૦૧૨ ની વિધાનસભાની ચૂંટણીમાં રજની પટેલને જીતાડવામાં નિર્ણાયક બનેલા પાંચોટ, બલોલ તેમજ મોઢેરા પટ્ટીના ગામોમાં આ વખતે ભારે નુકસાન થયું હતું. મહેસાણામાં અનામત સમયે સૌથી વધુ ચર્ચાસ્પદ રહેલા પાંચોટ ગામમાં કોંગ્રેસને ૬૦ ટકાથી વધુ મત મળ્યા છે. તો કેતન પટેલ કસ્ટોડિયલ ડેથના કારણે પાટીદારોએ ભાજપ કરતા કોંગ્રેસને વધુ મત બલોલ ગામે આપ્યા છે. જ્યારે મોઢેરા રોડ પરના ગામોમાં પણ ભાજપનું મોટાપાયે ધોવાણ થયું છે.

## મહેસાણામાં એકના ડબલની લાલચ આપી ૧૭.૮૦ લાખની ઠગાઈ આચરી

મહેસાણા

મહેસાણાના ખેરવા ગામના અને ગંજબજારના વેપાર-ધંધો કરતા બે વેપારીઓને એકના ડબલ કરી આપવાની લાલચ આપી ગામનો જ ગઠિયો રૂ.૧૭.૮૦ લાખનો ચૂનો લગાવી ગયો હતો. આ મામલે વેપારીએ ફરિયાદ નોંધાવતાં પોલીસે આરોપી હર્ષદ પંચાલની ધરપકડ વધુ પૂછપરછ હાથ ધરી છે. ખેરવા ગામના સુરેશગીરી જીવાગીરી ગોસ્વામી મહેસાણા ગંજબજારમાં ચા-નાસ્તાની લારી ધરાવે છે. તેઓ ગામમાં સાત વર્ષથી ભાડે રહેતા હર્ષદ શાંતિલાલ પંચાલના સંપર્કમાં આવ્યા હતા તેમને ગંજ બજારમાં બટાકાનો રિટેલમાં વેપાર કરતા અને મિત્ર એવા ભૈયાજી સાથે પરિચય કરાવતાં હર્ષદ પંચાલે એકના ડબલ કરી આપવાની વાત કરી તેમને કેટલીક રકમનો ફાયદો કરાવી વિશ્વાસ કેળવ્યો હતો.

### ગણપત યુનિ.ના ૧૧ મા પદવીદાન સમારોહનું આયોજન

## સફળ થવા માટે તમારા દિલની વાતને અનુસરો, કશુંક નવું કરવાનું સાહસ કરો : ડો.માલિની શંકર

### ૨૪૪૨ વિદ્યાર્થીઓને વિવિધ પદવીઓ અને સતાવન વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે ગોલ્ડ - મેડલ અર્પણ




ગણપત વિદ્યાનગર

તમારા દિલની વાત માનો અને જીવનમાં સાહસનો પંથ પસંદ કરો. કારકિર્દીની પરંપરિત પસંદગીને બદલે નવું કશુંક ચૂંટો તો પણ એ વધુ ફાયદાકારક બની શકે અને વધુ સારા પરિણામો મળી શકે, શરત માત્ર એટલી છે કે તમે એને માટે ખૂબ મહેનત કે પુરુષાર્થ કરો. ગણતપ યુનિવર્સિટીના ૧૧ પદવીદાન સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે કોન્વેકિશન - સ્પીચ આપતા દેશના ડાયરેક્ટર જનરલ ઓફ શિપિંગ ડો. માલિની શંકરે ગઈકાલે પદવી પ્રાપ્ત કરી રહેલા વિદ્યાર્થીઓને ઉપરોક્ત શબ્દોમાં શીખ આપી હતી. એમણે હાવર્ડ યુનિવર્સિટીના એક અભ્યાસનો દાખલો આપીને સારા લોકોની સંગતમાં જીવન વધુ સુખરૂપ બની શકે છે તે મુદ્દાને પણ પોતાના મનનીય પ્રવચનમાં સમાવ્યો હતો. કુલ ૨૪૪૨ જેટલાં વિદ્યાર્થીઓએ પોતપોતાનાં વિષયમાં વિશેષ અભ્યાસ કરી આ કોન્વેકિશનમાં પદવીઓ મેળવી હતી. જેમાં ૫૭ વિદ્યાર્થીઓએ જે તે વિષયમાં વધારે નિપુણતા સાથે શ્રેષ્ઠ દેખાવ કરી ગોલ્ડ- મેડલ હાંસલ કર્યા હતા. આ ગોલ્ડ- મેડલ જીતનારાઓમાં ૩૩ ભાઈઓ હતા. ૨૪ જેટલી યુવતીઓ હતી. વિવિધ પદવીઓ પ્રાપ્ત કરનાર ૨૪૪૨ વિદ્યાર્થીઓમાં પીએચડીના ૨૭, એમફીલના ૧૩, માસ્ટર ડિગ્રીના ૭૪૩, સ્નાતક ૧૫૮૦ અને ડિપ્લોમાના ૭૯ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

ગણપત યુનિવર્સિટી દ્વારા જે જ્ઞાન પીરસવામાં આવે છે. તેમાં કુલ સાત વિદ્યાશાખાઓને આવરી લેવામાં આવી છે. એન્જિનિયરિંગ અને ટેકનોલોજી, ફાર્મસી, કોમ્પ્યુટર એપ્લિકેશન્સ, મેનેજમેન્ટ સ્ટડીઝ, ફેકલ્ટી ઓફ સાયન્સ, ફેકલ્ટી ઓફ એજયુકેશન અને સોશિયલ સાયન્સ એન્ડ હ્યુમેનિટિઝ. ગણપત વિદ્યાનગરના હરિયાણા ઉપવન સમા કેમ્પસ ઉપર યોજાયેલા ૧૧ મા પદવી દાન સમારંભમાં વિદ્યાર્થીઓના વિશાળ વર્ગને જ્ઞાન- દીક્ષા અર્પણ કરવાના પાવન અવસરે ભારત સરકારના ડાયરેક્ટર જનરલ ઓફ શિપિંગ ડૉ.માલિની શંકર મુખ્ય મહેમાન તરીકે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તો ગણપત યુનિવર્સિટીના પેટ્રન- ઈન- ચિફ ગણપતભાઈ પટેલ તેમજ સુખ્યાત ઉદ્યોગપતિ ગોવિંદભાઈ પટેલ વિશેષ મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. યુનિ.ના પ્રેસિડેન્ટ અનિલભાઈ પટેલ તેમજ ડાયરેક્ટર જનરલ પ્રો. ડૉ.મહેન્દ્ર શર્માએ પણ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને શુભેચ્છા અને આશીર્વાદ પાઠવ્યા હતા.

ગણપત યુનિવર્સિટીના દાતા- અધિષ્ઠાતા ગણપતભાઈ પટેલે વિદ્યાર્થીઓને સંબોધતા કહ્યું હતું કે જીવનમાં પૈસા નહીં પરંતુ મૂલ્યો વધારે અગત્ય ધરાવે છે. એમણે પોતાના જીવનના દાખલાઓ આપીને જણાવ્યું કે પોતે ક્યારેય પડકારોથી ડર્યા નથી અને આ પરિવર્તનશીલ સમયમાં જયારે જયારે જે તકો મળી તેને ઝડપી લેવા માટે એમણે સાહસ કર્યું છે અને એમાં સફળ થવા પુરી મહેનત કરી છે. યુનિ.ના ડાયરેક્ટર જનરલ પ્રો.ડૉ.મહેન્દ્ર શર્માએ પણ પોતાના આભાર- પ્રવચનમાં સૌના મળી રહેલા સદ્ભાવ અને પ્રેમની સરાહના કરી હતી અને વિદ્યાર્થીઓને શુભકામના પાઠવી હતી. સંસ્થાના ટ્રસ્ટીઓ, દરેક ફેકલ્ટીના ડીન, બોર્ડ ઓફ ગવર્નર્સના સભ્યો, આચાર્યો, પ્રાધ્યાપકો, આમંત્રિત મહેમાનો, વાલીઓ અને વિદ્યાર્થીઓ સહિત મોટી સંખ્યામાં લોકોએ ઉપસ્થિત રહી પદવીદાન સમારોહને સાર્થક બનાવ્યો હતો. યુનિ.ના રજિસ્ટ્રાર ડૉ.અમિત પટેલ અને યુનિ.પરિવારે સમારંભને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

# વાવમાં મધરાતે સાત દુકાનોના તાળાં તૂટ્યાં


વિષ્ણુ પરમાર

### ગણતરીના કલાકોમાં ચોર ઝડપાઈ ગયો : બે મોબાઈલ અને મામુલી રોકડ રકમ મળી

તા.પ્રતિનિધિ વાવ

ગત તા.૧૯/૧૨/૧૭ ની મધ્યરાત્રિએ સુઈગામ તાલુકાના પાડણ ગામનો વતની અને વાવ તાલુકાના વાવડી ગામે એક સુથાર ખેડુતને ત્યાં ભાગીયા તરીકે નોકરી કરતા હનાભાઈ ઠાકોર (ઉ.વર્ષ અંદાજે ૨૭) એ વાવ શહેરની વિવિધ દુકાનોના મધ્યરાત્રિએ તાળાં તોડી તેમાંથી બે મોબાઈલ એન રોકડ રકમની ચોરી કરી હતી. પરંતુ વહેલી સવારે એક મોબાઈલની દુકાન ઉપર મોબાઈલ વહેંચવા જતાં રંગે હાથે ઝડપાઈ જતાં ગામ લોકોએ થોડોક મેથીપાક ચખાડીને પોલીસને હવાલે કર્યો હતો. વાવ પોલીસે ૨ મોબાઈલ અને રોકડ રકમ કબજે લઈ આગળની વધુ તપાસ હાથ ધરી હતી. જો કે જે દુકાનોમાંથી ચોરી થઈ હતી તેના માલિકો પોલીસ સ્ટેશને ધસી આવ્યા હતા અને આ ચોર પાસેથી પોતાના ચોરાયેલા મુદ્દામાલને પરત લાવવા પોલીસ સમક્ષ રજુઆત કરી હતી. પરંતુ જે દુકાનોના માલિકની ચોરી થઈ છે. તેમાંથી માત્ર ૨૫૦ મુદ્દામાલ આ ચોર પાસેથી મળી આવ્યો છે. જ્યારે બાકીનો મુદ્દામાલ ક્યાં ગયો તે બાબતે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ચોરી કરનાર ચોરી કોઈ કેફી દ્રવ્યનું સેવન કરતો હોવાનું પણ જાણવા મળેલ છે.

**રાત્રે ફરતી તસ્કર ટોળકી ચર્ચાના એરણે**

ગામ લોકો પાસેથી તેમજ વેપારી અને સરકારી કર્મચારીઓના મૂખે ચર્ચાતી વાતો અનુસાર રાત્રે ૧૨/૦૦ થી ૩/૦૦ વાગ્યાના સમયે કોઈ ત્રણથી ચાર લોકોની ટોળકી વિવિધ વિસ્તારોમાં ફરી જ્યાં બહાર સાઈડમાં બાઈકો પાર્કિંગ કરેલા પડ્યા હોય છે. તેનું પેટ્રોલ તેમજ બહાર પડેલી ગાડીઓના સાઈડ ગ્લાસ તેમજ અન્ય સ્પેર પાર્ટો તેમજ બેટરીઓ ચોરી જાય છે. મામુલી રકમની થતી ચોરીથી લોકો પોલીસ એફ.આઈ.આર પણ નોંધાવી શકતા નથી. તો રાત્રે પોલીસ પેટ્રોલીંગ શરૂ કરી મોડી રાત્રે ચોરી કરવા ફરતી ટોળકીને પોલીસ નાથે તે જનહિતમાં છે.

**સાત સ્થળે ચોરીનો પ્રયાસ**

વાવની કિસ્મત મોબાઈલ દુકાનમાંથી ૭ મોબાઈલ અને રૂા. ૫૭૦૦ ની રોકડ, રાધે પાર્લરમાંથી રૂા. ૫૪૦૦ ની રોકડ અને હીરાના કારખાનામાં રોકડ અને ગૌશાળાની પેટીમાંથી ચોરી કરી હતી. તેમજ નવરંગ ટેલર્સ અને કરીયાણાના ગોડાઉનમાં તોડફોડ અને શિવમ પ્રિન્ટીંગ પ્રેસ અને ધી વાવ તા.પં. કર્મચારી શ. સહકારી મંડળીમાં પણ ચોરી કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. જેથી વેપારીઓમાં ફફડાટ છવાયો છે.

# જ્યાં શિક્ષિકા તરીકે નોકરી કરી તે શાળાને અમેરિકા ગયા પછી પણ ભૂલી ના શક્યા


મુકેશ સોની

પ્રતિનિધિ ગણતા

લાખણી તાલુકાના જસરા ગામની પ્રાથમિક શાળામાં ૧૯૮૭ થી ૧૯૯૮ સુધી એમ ૧૦વર્ષ સુધી શાળામાં શિક્ષિકા તરીકે મહેસાણા જિલ્લાના ભારતીબેન પટેલ ફરજ બજાવતા હતા એ વખતે પણ તેમની કામ કરવાની નિષ્ઠા અને પ્રામાણિકતાને કારણે ગામલોકોમાં ચાહના ધરાવતા હતા તેમજ બાળકો ના પણ પ્રિય હતા ત્યારબાદ તેમની બદલી થઈ પણ ગામ લોકોનો અપાર પ્રેમ અને બાળકો સાથેનો લગાવ ચાલુ હતો તેઓ નિવૃત બનતા પરિવાર સાથે અમેરિકા વસવાટ કરવા લાગ્યા પણ જસરા ગામ અને પ્રાથમિક શાળા સાથે નો લગાવ તેમને કાયમ હતો ત્યારે તેઓ અમેરિકા થી ભારત આવ્યા અને પોતાના વતન ગયા પછી પોતાની કારકિર્દીની શરૂઆત જ્યાંથી થઈ હતી. એવી જસરા પ્રાથમિક શાળા જોવાની ઈચ્છા થતાં તેઓ જસરા આવ્યા અને આટલા વર્ષો પછી પણ તેમનો પ્રેમ જોઈને તેમની જોડે ભણેલ વિધાર્થીઓ ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી તેમજ શાળામાં જઈ ને બાળકો સાથે ચર્ચા કરી શાળા ની સુવિધાઓ અંગે માહિતી લેતા હતા ત્યારે તેમને ખબર પડી કે શાળામાં બાળકો ને પીવા માટે પાણીની ટાંકી નથી. તાબડતોબ તેમને ગામના સરપંચ અને અન્ય આગેવાનો સાથે ચર્ચા કરી પોતાના તરફથી શાળામાં ટાંકી બનાવો અને તરતજ રૂપિયા ૫૦હજાર રોકડા આપ્યા અને કામ શરૂ કરાવો બાકીના પૈસા હું મોકલી આપીશ ત્યારે તેમની આવી ઉદારવૃત્તિ ને જોઈને સૌ કોઈ આચર્યચકિત પામ્યા અને ગામલોકોએ આપેલ પ્રેમનું ઋણ અદા કરતાં ગામલોકોએ પણ તેમને બિરદાવવા માટે ગામ ના સરપંચ મહેશભાઈ દવે સાફો પહેરાવીને સન્માન કર્યું તેમજ તાલુકા પંચાયત ના સદસ્ય બાળકાભાઈ રબારીએ શાલ ઓઢાડી સન્માનિત કર્યા હતા અને અન્ય લોકોએ પણ બહેનને સન્માનિત કર્યા હતા.

**શેરપુરા-મજાદરના ગ્રામજનો દ્વારા**

# આધારકાર્ડ ફરજીયાત કરવાના વિરોધમાં આવેદનપત્ર

પાલનપુર

વડગામ તાલુકાના શેરપુરા - મજાદરના ગ્રામજનોએ આધાર કાર્ડ સરકારી કામોમાં ફરજીયાત કરવા સામે જિલ્લા કલેકટરને આવેદનપત્ર વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

વડગામ તાલુકાના શેરપુરા-મજાદરના ગ્રામજનો આજે પાલનપુર સ્થિત કલેક્ટર કચેરીએ દોડી આવ્યા હતા. જ્યાં સરકારી કામો તેમજ અન્ય જગ્યાએ આધારકાર્ડ ફરજીયાત માંગવામાં આવે છે. તેના વિરોધમાં જિલ્લા કલેકટરને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. જેમાં રજુઆત કરી હતી કે જિલ્લામાં પુરવઠા વિભાગ, બેંકો, સ્કૂલો, આંગણવાડી, સેવા મંડળીઓ, સ્ટેમ્પ નોંધણી, રજીસ્ટાર, મોબાઈલ કંપનીઓ તથા અન્ય વિભાગો દ્વારા જેતે લાભો મેળવવા માટે તેમજ સેવાઓ ચાલુ રાખવા માટે ફરજીયાત પણે આધારકાર્ડ માંગવામાં આવે છે તે ગેર વ્યાજબી છે.

સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ જ્યાર સુધી આધારકાર્ડ અંગે કોઈ અંતિમ ચુકાદો ન આવે ત્યાં સુધી તેને ફરજીયાત માંગી શકાય અહી અમારા કોઈ પણ કામમાં આધારકાર્ડ માંગવામાં આવે છે અને અમને લાભો આપતા નથી તેવું ઝાકિર ચૌહાણે જણાવ્યું હતું.

સુપ્રીમ કોર્ટ દ્વારા હજુ સુધી આધારકાર્ડને લઈને કોઈ ચુકાદો આપવામાં આવ્યો નથી પરંતુ કોઈ પણ સરકારી કામમાં આધારકાર્ડ ફરજિયાત માંગવા માં આવતું હોવાથી લોકો અનેક લાભો થી વંચિત રહી જાય છે. તેથી આધારકાર્ડ ન હોવાથી કોઈ અગવડતા ન પડે અને પોતાના બધાજ કામો થાય તેવી માંગ સાથે શેરપુરા-મજાદરના ગામોના લોકોએ કલકટરને આવેદનપત્ર પાઠવ્યું હતું.

# ડીસા શાંતિનગર નજીક અજાણ્યા એકટીવા ચાલકે આધેડને ટક્કર મારતા મોત

ડીસા

ડીસા પાલનપુર હાઈવે પર આવેલ શાંતિનગર નજીક રોડ પર પસાર થઈ રહેલ આધેડને અજાણ્યા એકટીવા ચાલકે અડફેટે લેતા ગંભીર હાલતમાં ડીસા સિવિલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા અને વધુ સારવાર માટે અમદાવાદ ખાતે લઈ જતી વખતે રસ્તામાં તેમનું મોત નિપજતા ડીસા સિવિલમાં પીએમ અર્થે લવાયા હતા.

આ બનાવની વિગતો જોઈએ તો ડીસા ના પાલનપુર હાઈવે પર આવેલી શાંતિનાગર સોસાયટીમાં રહેતા ઝવેરભાઈ રાજગોર જે ગત રાત્રીના સુમરે શાંતિનગર નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે કોઈ અજાણ્યા એકટીવા ચાલકે તેમને ટક્કર મારી ફરાર થઈ ગયો હતો ત્યારે ઝવેરભાઈને આસપાસના લોકોએ તાત્કાલિક ડીસા સિવિલમાં સારવાર અર્થે ખસેડાયા હતા ત્યારે તેમની હાલત વધુ ગંભીર જનતા વધુ સારવાર માટે અમદાવાદ લઈ જવાતા રસ્તામાં તેમનું કરુંન મોત નીપજ્યું હતું જેમની લાશને પીએમ અર્થે ડીસા સિવિલમાં લવાઈ હતી અને અજાણ્યા એકટીવા ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# વાવમાં રાજ્યમંત્રીની હારથી કાર્યકરો અને સમર્થકોમાં નારાજગી



તાલુકા પ્રતિનિધિ વાવ

ગત તા.૧૮/૧૨/૧૭ ના રોજ વિધાનસભાની ચૂંટણીના પરિણામો જાહેર થતાં વાવ બેઠક ઉપર ધારાસભ્ય અને રાજ્ય સરકારના મંત્રી શંકરભાઈ ચૌધરીની હાર થતાં ભાજપના કાર્યકરો અને સમર્થકોમાં નારાજગી છવાઈ છે. મંત્રીની હાર સહન ન થતા કેટલાક કાર્યકરો તો ચોધાર આંસુએ રડી પડ્યા હતા. અને દુઃખની ભારે વેદના ઠલવી હતી. આ બાબતે કાર્યકર મિત્રો અને સમર્થકોએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે વાવમાં ''ગઢ આલા પણ સિંહ ગેલા'' જેવી પરિસ્થિતિ સર્જાઈ છે. ગુજરાતમાં ભાજપાની સરકાર બની છે. પરંતુ અમારા વાવ વિસ્તારના ભાજપના ઉમેદવાર સિંહ સમાન હતા અને પ્રજાની પડખે રહેતા હતા તેમની દિર્ઘદ્રષ્ટિ અને આવડતથી સરહદી પંથકે વિકાસની હરણફાળ ભરી હતી. પણ તેમની હારથી વાવ પંથકનો વિકાસ રૂંધાઈ જશે. ગુજરાત સરકારના મંત્રીમંડળમાં અગ્રહરોળમાં સ્થાન ધરાવનાર ધારાસભ્ય શંકરભાઈ ચૌધરીનો વિજય થયો હોત તો આ વખતે ના. મુખ્યમંત્રી અથવા તો ગૃહપ્રધાનનું મહત્વનું ખાતું સંભાળ્યું હોત. જેનો વાવ સહિત બનાસકાંઠા જિલ્લાની પ્રજાને ભરપુર લાભ મળત. પણ તેમની હારથી કાર્યકર મિત્રોને ભારે દુઃખ પહોંચ્યું છે. જેથી દરેક સમર્થકોમાં નારાજગી છવાઈ ગઈ છે. પરંતુ શંકરભાઈ ચૌધરીએ કાર્યકરો અને સમર્થકોને દિલાસો પાઠવી જણાવ્યું હતું કે સરકાર અને સંગઠન આપણી પાસે છે અને હું તમારી સાથે છું. તેથી ગભરાવાની કોઈ જરૂર નથી. આ સાંત્વના છતાં તેમના હજારો શુભેચ્છકો હાર પચાવી શકતા નથી અને જાતિવાદી રાજકારણ ઉપર બળાપો ઠાલવી રોષ વ્યક્ત કરે છે.

# થરા પોલીસની ગાડીને અકસ્માત નડ્યો

### ચાલક ઘવાયો : હાઈવે ઉપર રખડતા ઢોરની રંજાડ

પ્રતિ. થરા

થરા પોલિસની ગાડી (નં.જી.જે ૧૮ જીએ-૧૦૦૬) પાલપુરથી થરા તરફ પરત આવતી હતી ત્યારે વડાનો પુલ ઉતરતાં ગાડીને આખલો ટકરાતા અકસ્માત થતા ઘટાડો થયો હતો જેમાં પોલિસની ગાડીનો આગળનો ભાગ ફુરચા થઈ જવા પામ્યો હતો જ્યારે ગાડિના ચાલક બલવંતભાઈ બુકોલીયાને માથાના ભાગે મુઢમાર થતાં પાટણ ખાતે સારવાર માટે ખસેડાયા હતા બાદમાં કેન દ્વારા ગાડીને ખેંચી થરા પોલિસ સ્ટેશને લઈ જવા કાર્યવાહી હાથ ધરાઈ હતી.

જો કે ચાલકને મોટી ઈજાઓ ન થતાં થરા પોલિસે હાશકારો અનુભવ્યો હતો આમ હાઈવે રોડ ઉપર રખડવા આખલાઓનો વધતી જતી રંજાડથી અનેક વાર આવા અકસ્માતો સર્જાય છે જેથી નેશનલ હાઈવે ઓર્થોરીટી દ્વારા યોગ્ય કાર્યવાહી કરાય તેવી ચાલકો અને રાહદારીઓની માંગ ઉઠવા પામી છે.

# ધાનેરામાં માર્ગ અકસ્માતના બે બનાવમાં ત્રણ ઘવાયા




એન.કે.મોદી

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા અને કોટડા - નેનાવા રોડ ઉપર ગઈકાલે એક દિવસમાં માર્ગ અકસ્માતના બે બનાવોમાં ત્રણ ઘવાયા હતા જેમને તાબડતોબ સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા.

મળતી વિગતો મુજબ ધાનેરામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હસમુખભાઈ કેશાભાઈ પ્રજાપતિ અને પીન્ટુ ખેમસીભાઈ પટેલ બાઈક લઈને શિયા રોડ ઉપરથી જઈ રહ્યા હતા. ત્યારે રોડ વચ્ચે અચાનક કુતરું આવી જતા બાઈક પલટી ખાતા બંને ઘવાયા હતા. જ્યારે બીજા બનાવમાં નેનાવા રોડ ઉપર આવેલ કોટડા ચાર રસ્તા નજીક બોલેરો અને ડમ્પર ટકરાતા સર્જાયેલ અકસ્માતમાં કેવળારામ હરસનરામ મેઘવાળ (રહે.ગુડામલાણી રાજસ્થાન)

અનુસંધાન પાના નં.૬

**મેડા ઉપરથી પટકાતા ઈજા**

ધાનેરાની પ્રેરણા હોસ્પિટલના મેડા ઉપર ઉભેલા વિઠોદરના એક શખ્સને અચાનક ખેંચ આવતા તે મેડા ઉપરથી નીચે પટકાયો હતો. જેને તાબડતોબ સારવાર અર્થે દવાખાને ખસેડાયો હતો જે બેભાન હોઈ નામ જાણવા મળ્યું નહતું.

# ચિત્રાસણી પાસે ટ્રક અને આર્મી વાન વચ્ચે અકસ્માત : ૫ ઘાયલ

પાલનપુર

પાલનપુર-આબુ હાઈવે પર ચિત્રાસણી નજીક ઈન્ડિયન ધાબા પાસે ટ્રક અને આર્મીની વાન વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં વડોદરા આર્મી કેમ્પના ૪ આર્મી જવાનો સહિત કુલ ૫ લોકો ઘાયલ થતા તેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયા હતા.

ચિત્રાસણી પાસે ટ્રક અને આર્મી વાન વચ્ચે અકસ્માત થયો હતો. જેમાં વડોદરા આર્મી કેમ્પમાં ફરજ બજાવતા ૪ જવાનો અને ટ્રક ચાલક સહિત ૫ લોકોને ઈજા થઈ હતી. જેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયા હતા.

**૪ આર્મી જવાનો ઇજાગ્રસ્ત**

શિવશંકર મુન્નારામ ગુપ્તા - રહે.ભિવંડી (મહારાષ્ટ્ર)
ગુરમિતસિંહ લક્ષ્મણસિંહ - ઉ.૫૭, રહે.આર્મી કેમ્પ, વડોદરા.
સર્વેશકુમાર છવીરામ - ઉ.૪૦, રહે.આર્મી કેમ્પ, વડોદરા.
કે.ઈલનગોવન - ઉ.૪૦, રહે. આર્મી કેમ્પ, વડોદરા.
હરપાલસિંહ - ઉ.૪૭, રહે. આર્મી કેમ્પ, વડોદરા.

# કાંકરેજ તાલુકામાં વાતાવરણ પલટાતા ખેડૂતોના જીવ તાળવે


સજ્જનસિંહ સોલંકી

કાંકરેજ તાલુકામાં બે દિવસથી આકાશમાં અચાનક વાતાવરણ વાદળ છાયુ થતા ખેડુતો ના જીવ અધ્ધર થઈ ગયા છે. થોડા દિવસો પહેલા, સતત ચાર-પાંચ દિવસ, વાતાવરણ વાદળ છાયુ રહેતા ખેડૂતોને પાકમાં નુકશાન થવાની ચિંતા હતી. પરંતુ ઉઘાડ નિકળતા અને તડકો પડતા પાકમાં નુકશાન થતું અટક્યું હતું. ત્યારે ફરીથી બે દિવસથી આકાશમાં વાદળા છવાતાં વાતાવરણ કમોસમી વરસાદ આવે તેવું હોવાથી ખેડુતો ચિંતિત બન્યા છે. કપાસ, રાયડા, એરંડા, જીરા, ઘઉં જેવાં પાકોમાં મોલો મચ્છી પડવાના ડરથી ખેડુતો ચિંતામાં છે.

# વડાવળ ગામેથી ફુવારાની ચોરી

પ્રતિ. ભીલડી

ડીસા તાલુકાના વડાવળ ગામના રાજેશકુમાર વાલજી માળીના ખેતરમાં લગાયેલા ફુવારા નંગ - ૧૬૯ ની કિંમત રૂા.૧૩,૫૨૦ ના રાતના સમયે કોઈ અજાણ્યા તસ્કરોએ ઠંડીનો લાભ લઈ ચોરી કરી લઈ ગયેલ છે. આ અંગે રાજેશકુમાર વાલજીભાઈ માળીએ ભીલડી પોલીસ મથકે અજાણ્યા ઈસમો વિરૂધ્ધ ફરીયાદ નોંધવી છે.જેથી તપાસ બીટ જમાદાર રાજેશકુમાર ઈશ્વરલાલ ચલાવી રહ્યા છે. ઠંડીની મોસમ તસ્કરો માથું ઉંચકી રહ્યા છે.

# આજે લાંબામાં લાંબી રાત્રી - દિવસ ટૂંકો

### શુક્રવારથી દિવસ ક્રમશઃ લાંબો અને રાત ટૂંકી થશે

અમદાવાદ

આજે ગુરૂવાર તા.૨૧ ડીસેમ્બરે રાત લાંબી અને દિવસ ટુંકાનો લોકો અનુભવ કરશે. પૃથ્વી ૨૩.૫ અંશે ઝુકેલી હોવાના કારણે દિવસ - રાતમાં લાંબા - ટૂંકા, ફેરફાર અને ઋતુઓ ઉત્પન્ન કરવામાં કારણભૂત છે. સૂર્ય ઉત્તર દિશા તરફ ગતિ કરે છે તેથી ઉત્તરાયણ કહેવામાં આવે છે. પૃથ્વીની ધરી સીધી હોત તો દિવસ - રાત ૧૨-૧૨ કલાકની બને છે. ગુરૂવારે રાજકોટમાં ૧૩ કલાક અને ૧૬ મિનિટની સૌથી લાંબી રાત્રીનો લોકો અનુભવ કરશે. ભારત જન વિજ્ઞાન જાથા લોકોને દિવસ - રાતના સામાન્ય ફેરફારોનો અનુભવ કરવા અપીલ કરવામાં આવી છે.

જાથાના રાજ્ય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે રાજકોટમાં સૂર્યોદય ૭ કલાક ૨૩ મિનિટ અને સૂર્યાસ્ત ૬ કલાક ૭ મિનિટ, અમદાવાદ સૂર્યોદય ૭ કલાક ૧૭ મિનિટ અને સૂર્યાસ્ત ૫ કલાક ૫૮ મિનિટ, સુરત સૂર્યોદય ૭ કલાક ૧૩ મિનિટ અને સૂર્યાસ્ત ૬ કલાક ૧ મિનિટ, મુંબઈ સૂર્યોદય ૭

અનુસંધાન પાના નં.૬

**હાર્દિક અભિનંદન**



શ્રી શશીકાંતભાઈ પંડયા
નવનિર્વાચીત ધારાસભ્યશ્રી, ડીસા વિધાનસભા

બનાસકાંઠા જિલ્લાની મહત્વની ડીસા બેઠકના ભાજપના લોકલાડીલા ઉમેદવાર શ્રી શશીકાંતભાઈ પંડયાનો જંગી બહુમતિથી વિજય થવા બદલ તેમને અંતઃકરણપૂર્વકના અભિનંદન...આપ રાજકીય ક્ષેત્રે ઉત્તરોત્તર આગળ વધો તેવી શુભકામના...

લિ.
મુરલીધરન ગોવિંદન નાયર
સહ પરિવાર વતી ખૂબ ખૂબ અભિનંદન

